પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ એકોતેરમું • માર્ચ ૧૯ સો અઠ્ઠાણું


કુમાર

સળંગ અંક • ૮૪૨

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી

ધીરુ પરીખ



પેઇન્ટેડ સ્ટોર્ક

તસવીર



રાગીણી વાસન્ની • વસંતાગમનના આનંદોત્સાહને રાગિણી વાસન્તી અભિવ્યક્ત કરે છે. કાંગડા ખીણમાં પ્લમવૃક્ષોનાં ખીલી ઊઠતાં પુષ્પો જાણે વસંતાગમનની છડી પોકારે છે. અહીં આ ચિત્રમાં બે કન્યાઓ શ્વેત અને પીળાં પ્લમવૃક્ષો પરથી પુષ્પો ચૂંટતી દર્શાવાઈ છે. બાજુમાંથી નદી વહી રહી છે. કાંગડા શૈલીના આ ચિત્રમાં કન્યાઓનો અંગમરોડ, પ્લમવૃક્ષોની પુષ્પખચિત ડાળીઓ, નીચે વહેતી નદી - આ બધું એક પ્રકારની સંવાદિતા અને ગતિ સર્જે છે, અને ચિત્રને મધુર રમ્ય લયમય બનાવે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૧મું | અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૪૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩.૦૦

નોબલ્સ કન્સ્ટ્રક્શનના સ્થાન સમર્પિત પૃષ્ઠ પર બિહારીની 'સતસઈ'માંથી કાંગડા શૈલીનું કલાત્મક ચિત્ર 'કુમાર'ના પ્રશસ્ય દીપોત્સવી અંકમાં (ઓક્ટો. ૯૭) પ્રકાશિત છે. ધન્યવાદ.

બિહારીની 'સત (સાત) સઈ (સો)' જયદેવના 'ગીત-ગોવિંદ' અને કેશવદાસની 'રસિકપ્રિયા'ની અનુગામી છે. શ્રીકૃષ્ણ-રાધાના પ્રણયને વિવિધ ભાવોમાં બિરદાવે છે.

બિહારીલાલ ચોબે (૧૫૯૫-૧૬૬૩)નો જન્મ ગ્વાલિયર નજીક ગોવિંદપુરમાં, પિતા કેશવરાય બ્રાહ્મણ, માતા ક્ષત્રિય. શાહજહાંના દરબારમાં બિહારીલાલ પોતાની રચનાઓથી ખ્યાતિ પામે છે. શાહજહાંના સેનાપતિ મિરઝા રાજા (જયસિંહ-૧, ૧૬૨૫-૧૬૬૭ યાને અંબર રાજા મિરઝા જયસિંહ કચ્છવાહ) બિહારીની રચનાઓનાં ચાહક. મિરઝા રાજા કિશોરીના પ્રેમમાં પડે છે. લગ્ન કરે છે. શયનગૃહમાંથી એકાદ વર્ષ સુધી બહાર આવતા નથી, દ્વિઅર્થી રચનાથી બિહારી મિરઝા રાજાને તેના વિલાસમાંથી સજાગ કરે છે.

. મિરઝા રાજા હરેક દોહા સામે બિહારીને એક સોનામહોરનું વચન આપે છે, બિહારીને આર્થિક સંકડામણ હતી. બિહારી 'સતસઈ' (સાતસો) દોહા રચે છે અને સાતસો સોનામહોર કમાય છે.

'સતસઈ'નાં નાયક-નાયિકા શ્રીકૃષ્ણ-રાધા છે, પાંચ વિવિધ ભાવો - (૧) પૂર્વરાગ - પ્રથમ મિલન, (૨) મિલન, (૩) યુતિ, (૪) વિરહ, (૫) ભાવસંમિલન - રચનામાં મૂર્તિમંત છે. 'સતસઈ' સાહિત્યમાં પ્રસ્તુત ચિત્રનું શીર્ષક છે 'દ્વારે મિલન' (દ્વારે શ્રીકૃષ્ણ-રાધા મિલન) સખીસંગાથે શર્મિલી રાધા દ્વાર બહાર પગ મૂકે છે. શ્રીકૃષ્ણ ચંપાની છાયામાં માલા-મુકુટમાં સજ્જ છે, લાકડીને ટેકે પ્રતીક્ષા કરતાં કરતાં રાધાને આતુર નયને નીરખે છે. સખી મિલન કરાવીને પ્રયાણની પ્રતિક્રિયા છે. ચિત્ર નયનરમ્ય છે. પ્રથમ મિલનને સાકાર કરે છે.

પ્રસ્તુત ચિત્ર મોનોક્રોમ પ્લેટમાં પ્રકાશિત છે : કાંગડા પેઈન્ટિંગ્સ ઓફ ધ બિહારી સતસઈ - એમ. એસ. રાંધવા, રાષ્ટ્રિય મ્યૂઝીઅમ, નવી દિલ્હી પ્રકાશન, દ્વિતીય સંસ્કરણ, ૧૯૮૨, પૃ. ૬ની સામે, કિ. રૂ. ૧૮૦/- પ્રશસ્ય પ્રકાશન.

સંસારનાં સ્થાપત્યો-૫ : સ્ટોન હેજ (સાલ્સબરી) સંદર્ભે શ્રી હેમંત વાળાનું કથન છે : ઈ.સ. ૧૯૫૨માં શોધાયેલું આ મંદિર ૪૦૦૦ વર્ષ પુરાણું તથા નૂતન પાષાણયુગનું સ્મારક છે, જેની રચના દૈવી શક્તિઓ સાથે વાર્તાલાપ કરવાના માધ્યમ તરીકે નહીં પરંતુ તે શક્તિ વિષે સમજ કેળવવા કરાઈ હતી. ('કુમાર', સપ્ટે. '૯૭, પૃ. ૫૬૫).

'સ્ટોન હેજ - અ ન્યૂ ઈન્ટરપ્રિટેશન ઓફ પ્રિહિસ્ટોરિક સ્ટોન હેજ સંદર્ભે તાજેતરમાં દળદાર ગ્રંથ પ્રકાશિત થયેલ છે.

મેન એન્ડ ધ કોસમોસ', જોન નોર્થ, ૧૯૯૬, કિ. ૩૫ ડૉલર. ગ્રંથનો સૂર છે : 'ધ ગ્રેટ સ્ટોન મોનુમેન્ટ ઓન સાલ્સબરી પ્લેન ઈન સધર્ન ઇંગ્લંડ ડાયરેક્ટેડ એટ ધ હેવન્સ ઇન અ સાયન્ટિફિક વે'.

શ્રી હેમંત વાળાએ પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કરેલ હશે જ એમ અમે માની લઈએ છીએ. - વી. બી. ગણાત્રા (મુંબઈ)

★

'કુમાર'ના ૮૩૯મા અંકમાં 'હંસા મહેતા'નું જીવનચરિત્ર પ્રગટ થયેલું છે. આ લેખ અંગે 'કુમાર' સાથે સંબંધ ધરાવતી પૂરક માહિતી મોકલું છું. આ લેખમાં હંસા મહેતાએ લખેલાં પુસ્તકો પૈકી 'અરુણનું અદ્‌ભુત સ્વપ્ન' નામના એક પુસ્તકનો ઉલ્લેખ છે. પુસ્તકાકારે તે પ્રગટ થતાં પહેલાં લેખમાળારૂપે 'કુમાર'ના સળંગ અંક ૧૦૬થી ૧૧૯ (સને ૧૯૩૨-૩૩)માં હપ્તાવાર (કુલ ૧૩ લેખો) પ્રગટ થયેલું હતું. વળી, સૌ. હંસા મહેતા તે પહેલાં પણ 'કુમાર'માં નિયમિત લખતાં હતાં. કારણ કે 'કુમાર'ના ૧૦૦મા અંકમાં 'કુમાર'ની સફરમાં જેમનો ફાળો છે' તેવા શીર્ષક નીચે જે ઘણા ફોટા છાપવામાં આવેલા છે તેમાં હંસા મહેતાનો ફોટો છે.

વધુમાં, 'કુમાર'ના જૂના અંકો જોતાં (શતાંક સિવાયના વર્ષોમાં) 'કુમાર'નું વાર્ષિક વાચન વધુમાં વધુ ૫૦૦ પાનાંનું રહેલ છે, જ્યારે ડિસેમ્બર '૯૭ના અંકનું વાર્ષિક સાંકળિયું જોતાં, ૧૯૯૭ના વર્ષમાં આ આંકડો ૮૧૬ સુધી પહોંચી ગયેલ છે તે બદલ આજના તંત્રી અભિનંદનના અધિકારી છે. 'કુમાર'ના અગાઉના બધા તંત્રીઓના આત્માને આ સિદ્ધિ જોઈ કેટલી પરિતુષ્ટિ થતી હશે! - નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

★

'કુમાર'ના નવેમ્બર ૧૯૯૭ના અંક 'વાચકો લખે છે'માં શ્રીપુત રમેશ શાહે 'કરસનદાસ માણેક' લેખમાં દુષ્યંત પંડ્યા વારંવાર હાજર થતા રહ્યા અને માણેકની અખંડિતતામાં ભાગ પડાવતા રહ્યા એ મતલબની ટીકા કરી છે જે મારી દૃષ્ટિએ અયોગ્ય છે. શ્રી રમેશ શાહની ઉપરોક્ત ટીકાના સંદર્ભમાં મેં ઉપરોક્ત લેખનો ફરી અભ્યાસ કર્યો ને મને જણાયું કે લેખમાં શ્રી દુષ્યંત પંડ્યાએ, સહજભાવે એક કથક તરીકે શ્રી માણેક સાથેની તેઓશ્રીની આત્મીયતાથી ખેંચાઈ કરાચીમાં શિક્ષક તરીકે જોડાવા, મુંબઈમાં ઘરની શોધ કરવા જેવા બેત્રણ પ્રસંગોનો માત્ર ઉલ્લેખ કરે છે - સહેજ પણ આત્મશ્લાઘા વગર.

ઉક્ત લેખમાં વિલે પારલેના દાદાભાઈ રોડને સાહિત્ય-સરિતા તટ તરીકે બિરદાવીને તેમજ સાક્ષર મહાનુભાવોને યાદ કરી, શ્રી દુષ્યંતભાઈએ તે સમયની વિલે પારલેની સાહિત્યિક, સાંસ્કૃતિક અને સામાજિક સમૃદ્ધિને સચોટ શૈલીમાં તાદૃશ્ય કરી છે, જે આજે પચાસ વર્ષ પછી પણ સરિતાતટનાં સંગ્રહાયેલ સંસ્મરણો હૃદયને સ્પર્શી જાય છે.

વિદ્યાર્થીકાળ દરમ્યાન 'નચિકેતા'ના પ્રકાશનવેળાએ મુ. શ્રી માણેકને મળવાનું થયેલું અને તેઓશ્રીની જે છબી મારા માનસપટ પર ઊપસી હતી તેનું આબેહૂબ નિરૂપણ - ચિત્રણ શ્રી દુષ્યંતભાઈએ એક કસબી તરીકે લેખના પ્રથમ ફકરામાં કરેલ છે. આમ તો સમગ્ર લેખ ચરિત્ર-સ્મરણ લેખ તરીકે આગવી ભાત પાડે છે. - રવીન્દ્ર યાદવ (ગાંધીનગર)

વૃદ્ધ અને યુદ્ધ / જયન્ત પાઠક

(પૃથ્વી • સૉનેટ)

હજીય તું રથાશ્વરાશ ગ્રહી, હે સખા, સારથી
મને ઉભય સેન મધ્ય સ્વજનોની દોરી રહ્યો?
હજીય ક્યમ ક્ષાત્રધર્મનીતિને પ્રબોધી રહ્યો?
નિયોજી ક્યમ ઘોર કર્મવિષયે રહ્યો તું હજી?

હું અર્જુન વિષાદગ્રસ્ત નથી યુદ્ધ આરંભનો;
લડ્યો છું બહુ, હાર-જીત બહુ જોઈ છે મેં પ્રભુ;
સહી શકું હવે ન ઘાવ, નહીં રક્તસ્નાનો વધુ
યુધિષ્ઠિર વિષાદગ્રસ્ત હું છું યુદ્ધના અંતનો.

હવે ન રસ આહવે; જીરણ ગાત્રમાં આય ના;
ખૂણે નયન મીંચીને, વિનતિ, દે મને લેટવા;
મળ્યાં જન સહુયને સ્વજન-ભાવથી ભેટવા;
રહ્યા સમયથી કરાર ચહું છું હવે સંધિના.

તને અગર તો સખાપણું નિભાવવાની પડી
ઘડી લથડતા પગોની મુજ મિત્ર, થા લાકડી.

અંગુલિસ્પર્શ / ચન્દા રાવળ

(ગાન)

કેવી મૃદુમય અંગુલિ પરશે પ્રાણ - વેણના સાર,
સાવ અચાનક મળી ગયો તું! અચરજ અપરંપાર!

કંઈક યુગોથી હતી યાતના,
વિરહવેદી અવતાર,
જલે સૂર્ય ને જલે ચંદ્રમા,
તો ય નિબિડ અંધાર.

ક્યાંક થકી થૈ કિરણ પ્રેમનું પ્રસરે ઉરને પાર.
નજર મળી જ્યાં ચાર, અચાનક ઝળહળ અપરંપાર.

અંતરતમમાં મધુર ઝંકૃતિ,
સૂક્ષ્મ બજે ઉરતાન,
રોમરોમમાં સુખદ સ્પંદનાં
મુખરિત મંજુલ ગાન,

થઈ ગઈ જ્યાં સૂરસંગતિ સરગમ અનરાધાર,
શબ્દ મળ્યા જ્યાં ચાર, અચાનક અમરત અપરંપાર.

હશે / જગદીશ ધનેશ્વર ભટ્ટ

(ગઝલ)

તેજ - છાલક એકદા વાગી હશે,
ભોમ ભીતર ચેતના જાગી હશે.

રાત ઓઢી રાનમાં જઈ ખળભળે,
આગિયાએ ખેવના તાગી હશે.

આછરેલાં નીર ભેળી તરફડે,
માછલી, ના જીવતાં ભાગી હશે.

સાપના રેલા સખી એ સળવળે,
જિંદગીએ એષણા ત્યાગી હશે.

જામ, ખાલી હાથમાંહે થરથરે,
ને તૃષાએ યાચના ઠારી હશે.

વાડો / રામચન્દ્ર પટેલ

(શિખરિણી • સૉનેટ)

હતી ઊભી ચારે તરફ નકરી થૂવર તણી
અણી ટોચો, બાઝી બદરી બદરી કાંટ્ય બરડે.
વળી ઘૂંટી-પિંડી ભરચક જવાસા દરભથી
રહે છંટાયેલાં - પવન પણ ઘૂમી ફરફરી
ન પેસે એવું એ કવચ રચી ડોલે શરીરથી -
અને માથે ઓઢી ધૂળધૂળ ન જુએ નભ કદી.

*અડે દા'ડો પ્હેલું કટલું ઊઘડે જ્યાં પશુ ચડી
પસી આવે ભૂખ્યાં, તળિયું તૂટતું, પેટ ખખડે...
બચાવા પૂળા ઘાસ બૂમબૂમ પાડી ચીતરતો
રહે અંધારું, તો ભીતર ઊમટે નોળ સરપ
કિટોડા, શેળા, વીંછી, ખડચીતરા, તીડ, તમરાં,
ઝિમેલો : એની પૂંજી પર પછી ઊધેઈ ચડતી...

ચડી આવીને જો ઘડીક વરસી વાદળ શકે,
બને વાડો ભીનો, પણ શરીરમાં ના જળ ટકે.

* કટલું - છીંડા આગળ અવળકંટીનાં જાળાંથી બનાવેલું ઢાંકણ, અવરજવર માટેની આડ.



પુસ્તકોમાં તેમનો નામોલ્લેખ કે. (કુમાર) એસ. (શ્રી) રણજિતસિંહજી તરીકે થાય છે. આ નામમાં કેટલાક તજ્જ્ઞો 'એસ ફોર સાહેબ' ગણે છે; પણ ક્રિકેટના જીવંત વિશ્વકોશ સમા બિલ ફ્રિન્ડલ (ઇંગ્લન્ડ) 'એસ ફોર શ્રી' ગણે છે, જે વધુ યોગ્ય છે.

ઇંગ્લન્ડમાં રણજિતસિંહજી ક્રિકેટક્ષેત્રે જાણીતા થયા ત્યારે તેમનું રણજિતસિંહજી નામ લાંબું ને અટપટું લાગતાં, લંડનના 'સ્ટાર' દૈનિકના તંત્રીને તેમના એક કંપોઝિટરે વિનંતી કરતાં કહેલું, 'સર, કંપોઝ કરવું કઠિન તેવું આ નામ વારંવાર છાપવું પડશે. મહેરબાની કરી એ નામ કાંઈક સરળ બનાવો.' સંભવ છે કે આ પછી જ તેઓ 'રણજી' કહેવાયા હશે. રણજી ઇંગ્લન્ડમાં જે કાઉન્ટી (પરગણા) તરફથી રમતા હતા તે - સસેક્સ-ના તેમના સુકાની સ્ટેન્લે જેકસન તો રણજીને 'સ્મિથ' કહીને જ બોલાવતા. લંડનના પૂર્વ છેડાના રહેવાસી એવા (જેને cochney પણ કહેવામાં આવે છે તેવા) એક પ્રેક્ષકે એક વાર રણજીના બેટિંગથી પ્રભાવિત થઈ, આવેશમાં ને આદરમાં ઘાંટો પાડી રણજીને અપીલ કરી ત્યારે તેણે રણજિતસિંહજી નહીં, પણ શું સંબોધન કરેલું ખબર છે? Ramsgate Jimmy!

પરંતુ રણજીના આવા અનેક નામરૂપી ગ્રહો જો કોઈ એક, સૂર્ય સમાન તેજસ્વી-ભવ્ય નામની આસપાસ ફરતા હોય તો તે નામ છે : રણજી. આ લાઘવયુક્ત નામમાં તેમની ક્રિકેટર તરીકેની મહાનતા નિહિત્ છે; તો વળી તેમાં નિઃશેષ આદર ને છલોછલ લાડ વ્યંજિત છે. રણજી એટલે બેટિંગકલાની સંપૂર્ણતા, શુચિતા ને અદ્વિતીયતાનો પર્યાય. Roland Wild યોગ્ય રીતે જ, રણજી શબ્દ તેમ જ નામનું મહત્ત્વ સમજાવતાં લખે છે : 'It was a kind of pass-word in cricket, synonym for dashing, sparkling and daring batting.'

વિશ્વક્રિકેટના રાજકુમાર

રણજી

જેમની સવાસોમી જન્મજયન્તીનું આ વર્ષ છે

——— ભરત ના. ભટ્ટ ———

તેમનું મૂળ નામ રણજિતસિંહજી જીવનસિંહજી. આમ છતાં તેમને, તેમ જ તેમનાં નામો તથા ખ્યાતિને પૂર્ણ ન્યાય આપવો હોય તો તેમના નામ વિશે એક સુદીર્ઘ ફકરો લખવો રહ્યો!

તેમના બેટિંગ કૌશલ થકી રન કરવાની તેમની ક્ષમતાને કારણે ઇંગ્લન્ડના 'પન્ચ' તખલ્લુસ નામધારી એક કાર્ટૂનિસ્ટે રણજીના અંગ્રેજી સ્પેલિંગમાં થોડો ફેરફાર કરી તેમનું નામ Run-get-Sinhji પાડેલું. ક્રિકેટની બેટિંગ ક્રીઝ છોડી, ભારત આવી જ્યારે તેમણે પોતાના રજવાડાનું સિંહાસન સંભાળ્યું ત્યારે તેમનું, પોતાની પ્રથમ ટેસ્ટમાંના તેમના દાવ-દેખાવ જેવું, લાંબુ ને યશસ્વી નામ થયું : નવાનગર (જામનગર)ના મહારાજા (જામસાહેબ) રણજિતસિંહજી વિભાજી. ક્રિકેટનાં દસ્તાવેજી

રણજીને પોતાને આમાંથી કયું નામ સૌથી વધુ પ્રિય હશે તે જાણવું શક્ય નથી. પરંતુ કલ્પવું ૈ્લિસ.લિલઅશક્ય પણ નથી. એવું નોંધાયું છે કે અનેક રાજવીઓની ઉપસ્થિતિમાં જ્યારે તેમનો રાજ્યાભિષેક થયો ત્યારે સૌ અનેક નામો-વિશેષણોથી તેમને સંબોધતાં નવાજતાં હતાં. આમ છતાં તેઓ અન્યમનસ્ક જેવા બેઠા હતા. એક ખૂણામાંથી અચાનક તેમનો એક અંગ્રેજ મિત્ર ઊઠ્યો ને નજીક આવી 'રણજીને અભિનંદન' એમ ગણગણ્યો! અચાનક જાગ્યા હોય તેમ આ રાજપૂત રાજવી ઝબક્યા, ટટ્ટાર થયા ને મલકીને પ્રસંગ માણવામાં જોડાયા. તેમને મન કદાચ 'રણજી' સિવાય કોઈ નામનું અસ્તિત્વ જ નહોતું!

શોક શ્લોકત્વ પામ્યો ને આદિ કવિ વાલ્મીકિની કલમે 'રામાયણ'ના રૂપમાં ભારતીય કવિતાનો જન્મ થયો ત્યારથી આરંભીને 'મારાં જ્ઞાન-ગુમાનની ગાંસડી ઉતરાવો શિરેથી આજ'ના સર્જક કવિવર રવીન્દ્રનાથ ઠાકુર સુધીની ભારતીય કવિતાને ક્રિકેટરરૂપે જન્મ લેવાનું મન થયું ને રણજી જન્મ્યા. અરબી સમુદ્રના પૂર્વોત્તર કિનારે દ્વિપકલ્પરૂપે શોભતા સૌરાષ્ટ્ર (હાલ ભારતના ગુજરાત રાજ્યનો એક ભાગ)ની ઉત્તર-ઇશાન બાજુએ આવેલા તે સમયના નવાનવગર (જામનગર) નામના દેશી રજવાડાના સડોદર ગામે, ૧૦મી સપ્ટેમ્બર ૧૮૭૨ના રોજ,





ઉપર દેખાતા ટાવર પાસેના એક ઘરમાં સરોદર ખાતે રણજિતસિંહજી જન્મ્યા હતા.

← રણજિંતસિંહના પિતા જીવનસિંહજી

રણજીનો જન્મ. શ્રીકૃષ્ણ તેમ જ અર્જુનની જેમ રણજીને પણ બે પિતા. તેમના જનક પિતાનું નામ જીવનસિંહજી. જીવનસિંહજી સડોદરના ગરાસદાર ને રજવાડાના મૂળ રાજવી વિભાજીના ભાયાત. ભાયાત એટલે બીજી-ચોથી પેઢીએ રાજાના સગા. નિસંતાન મહારાજા (જામસાહેબ) વિભાજીએ રણજિતસિંહજીને દત્તક લીધેલા. ત્યારથી તેઓ રણજિતસિંહજી વિભાજી થયા. આ મહાન ક્રિકેટરના જન્મસ્થળ તરીકે વિશ્વના નકશામાં ચમકેલું સડોદર ગામ, જામનગરથી આશરે સાઠ કિલોમીટર દૂર, જામખંભાળિયા તથા કાલાવડ તાલુકાની સરહદે આવેલું છે.

રણજીનું આરંભનું શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલેજમાં થયેલું. ત્યાં તેમને એક પારસી કોચ દ્વારા માર્ગદર્શન મળ્યું. ઉપરાંત અહીંના હેડમાસ્તર Chester Macnaghton દ્વારા પ્રોત્સાહન પણ મળ્યું. અહીં તેમણે જાગૃતિપૂર્વક અને રસથી ક્રિકેટની પ્રેક્ટિસ કરેલી. અહીં રાજકોટમાં, ૧૮૮૩થી ૧૮૮૭ વચ્ચે એક વિરલ ઘટના બની. એમ. કે. ગાંધી અને કે. એસ. રણજિતસિંહજી, ભારતમાતાના ભિન્ન ભિન્ન ક્ષેત્રના બે સપૂતો અહીં એક મૅચમાં સામસામે આવી ગયા. છેક ૧૯૧૫માં, ગાંધીજી દક્ષિણ આફ્રિકા તેમજ ભારતમાં સત્યાગ્રહી તરીકે જાણીતા થઈ ગયા પછી, રણજી પોતાના મિત્ર ચાર્લીને ગાંધીજી વિશે લખે છે :

'હા, આ એમ. કે. ગાંધી જ (જેણે અત્યારે સમગ્ર ભારતવતી અંગ્રેજો સામે જંગ માંડ્યો છે તે) ત્યારે રાજકોટની શાળાના ગોલંદાજ ને સુકાની હતા.

'મૅચને દિવસે ઠંડી સારી હતી, પરંતુ પિચ કઠણ, ધૂળ-ભરેલી,ને રાજકોટની શાળાના સુકાનીની બોલિંગ માટે અનુકૂળ હતી. તે (ગોલંદાજ ને સુકાની) દીવાનનો પુત્ર હતો, જ્ઞાતિએ વાણિયો હતો ને તેનું નામ એમ. કે. ગાંધી હતું. તે મૃદુભાષી હતો ને અંગ્રેજી કડકડાટ બોલતો હતો.'

ગાંધીજીની ટીમે પ્રથમ દાવ લઈ ૧૬૮ રન કર્યા. તેમાં ગાંધીજીનો ફાળો પાંચ રનનો હતો. પછી રણજીની ટીમનો દાવ આવ્યો. રણજી પોતાના મિત્રને લખે છે :

'મેં લગભગ ચારેક રન કર્યા હતા. અમારી ચાર જ વિકેટો બાકી હતી. સ્પષ્ટ હતું કે મારો સૌથી જોખમી પ્રતિસ્પર્ધી ગાંધી હતો. તેના ધીમા લેગબ્રેક બોલથી એ વિકેટ પર રમવાનું મુશ્કેલ બની ગયું હતું.'

વળી રણજીની ટીમની બીજી ત્રણ વિકેટો પડી ગઈ! છેલ્લો બેટ્સમન બિલ રણજી સાથે જોડાયો. હવે બે રન જ કરવાના હતા. બિલે ગાંધી સામે બૅટિંગ કરવાનું હતું. એક ઝડપી રન લઈ સ્ટ્રાઈક લેવા માટે રણજીએ વહેલું 'બૅકિંગ અપ' કર્યું ને ચતુર ગાંધીએ, બૉલ ફેંકવાને બદલે, 'નૉન સ્ટ્રાઈકર્સ એન્ડ'નાં ચકલાં ઉડાવી અપીલ કરી, ને રણજી રન આઉટ! અંગ્રેજ અમ્પાયર મેકનેટનનો અભિપ્રાય સ્પષ્ટ હતો કે ગાંધી નિયમોની મર્યાદામાં રહીને જ વર્ત્યો છે. રણજીની ટીમ હારી!

ગાંધીજીના કાર્યક્ષેત્રને તેમ જ, તેમના જીવનના તત્ત્વજ્ઞાનને, ને ક્રિકેટને બે ધ્રુવો જેટલું અંતર. આમ છતાં એ ભિન્ન ક્ષેત્રમાં કિશોર વયે ગાંધીજીએ પોતાની નિર્ણયશક્તિ, તજ્જ્ઞતા ને ક્ષમતા થકી રણજી જેવાની પ્રશંસા મેળવી છે તે નોંધપાત્ર છે. રણજી

લાગે છે, 'અમને તેમની તાકાતનો ડર નહોતો. બધા વાણિયા-બ્રાહ્મણ જ હતા. પણ તેઓ ચાલાક હતા.' ગાંધીજીની એ ચાલાકીનો પરિચય પછીથી જગતના પ્રખર મુત્સદ્દીઓને પણ થવાનો હતો. આ આખી ઘટના એ બંને મહાનુભાવોના વ્યક્તિત્વમાં નવું, રસપ્રદ ને સંતોષપ્રદ પરિમાણ ઉમેરે છે.

૧૮૮૮માં રણજિતસિંહજી વધુ અભ્યાસ માટે ઇંગ્લન્ડ ગયા. ત્યાં તેઓ કેમ્બ્રિજ ખાતે ટ્રિનિટી કૉલેજમાં જોડાયા. અહીં ટ્રિનિટી કૉલેજના પાદરી Rev. Louis Borrissowને ત્યાં જ તેમનું રહેવાનું ગોઠવાયું હતું. કેમ્બ્રિજ ખાતે સ્થિર થયા પછી ટ્રમ્પિંગટન રોડ પરની સેન્ટ ફેઈથ સ્કૂલમાં તેમનું ક્રિકેટ રમવાનું ગોઠવાયું. શ્રી આર. એસ. ગૂડચાઈલ્ડ નામના, આ સ્કૂલના હેડમાસ્તરે, આ યુવાનમાં પડેલી નૈસર્ગિક ક્રિકેટકલાને પારખી તેમ જ યશસ્વી કારકિર્દીની આગાહી કરી.

રણજિતસિંહજી જેમ જેમ ક્રિકેટ પર એકાગ્ર થતા ગયા તેમ તેમ તેમના અભ્યાસ પર તેની માઠી અસર થવા લાગી. આથી ગૂડચાઈલ્ડનો સંતોષ ને બૉરિસ્સોનો અસંતોષ વધતો ગયો. પરંતુ ક્રિકેટજગતના સદ્‌નસીબે આ બંનેથી અલિપ્ત રહી, રણજિતસિંહજી ઓ 'જેન્ટલમેન્સ ગેમ'માં ઊંડા ઊતરતા ગયા.

ઇંગ્લન્ડ ગયા પછી પ્રથમ ઉનાળુ રજાઓમાં તેઓ જાણીતા ક્રિકેટર ટૉમ હેવર્ડ સાથે બોર્ને માઉથ ગયા જ્યાં તેમનો ક્રિકેટરસ વધુ વિકસ્યો. અહીં એ નોંધવું જોઈએ કે રણજિતસિંહજીને ટૉમ હેવર્ડ માટે માન અવશ્ય હતું, પરંતુ તે ઉંમરે તેમનો ક્રિકેટ-આદર્શ હતા, બહુ ઊંચા ગજાના ક્રિકેટર ને ઇંગ્લન્ડના તે સમયના સુકાની, Arthur Shrewsbury.

પછી ધીરે ધીરે તેઓ રજાઓમાં ઉત્તર યોર્કશાયર ખાતે આવેલા ટ્રિનિટી કૉલેજના વહીવટ નીચેના 'ગિલિંગ ઇસ્ટ' નામના ધાર્મિક ક્ષેત્રમાં જતા. અહીં તેઓ સારી બૅટિંગ પ્રૅક્ટિસ કરતા ને ત્યાંના કિશોરોને કહેતા કે, 'તમે મારી સામે જેટલી ઝડપી બૉલિંગ કરી શકો તેટલી ઝડપી બૉલિંગ કરો.'

૧૮૯૦માં તેઓ કાસાન્ડ્રા ક્લબ અને કીટ્સ વિલિયમ હૉલ વતી ક્રિકેટ રમ્યા ને વિપુલ માત્રામાં રન ખડક્યા. રણજી પાસે બૅટિંગની એવી કોઈ શૈલી નહોતી જેને ઇંગ્લિશ તજ્જ્ઞો કોઈ શાસ્ત્રીય ઢાંચામાં ગોઠવી શકે; યા કોઈ અભિધાન-વ્યાખ્યા આપી શકે. રણજી પોતાની રીતે જ રમતા. પોતાના એ સમયને સંભારતાં પછી રણજિતસિંહજીએ કહેલું, 'મેં મારી પોતાની શૈલી ને ઇંગ્લિશ શૈલી વચ્ચે ખૂબ અંતર અનુભવેલું.'

ક્લબ કક્ષાએ રણજીના બૅટિંગ પરાક્રમોની ગાથા સર્જાવા-



રણજિતસિંહજી • ફાઈ →

રણજિતસિંહજી • રિચર્ડસન



ચર્ચાવા લાગી. કેટલાક જાણકાર પત્રકારોએ રણજીના બેટિંગનાં વર્ણનો પણ લખ્યાં. જો કે આ વર્ણનોની નોંધ બહુ ન લેવાઈ. એથી ઊલટું, એ લખાણોની તેમ જ, રણજીની ને પત્રકારોની મશ્કરી થવા લાગી.

પાર્કર્સ પીસ ખાતે રણજિતસિંહજી વારંવાર ક્રિકેટ રમવા જતા. આ મેદાન એવું હતું જ્યાં એક સાથે, એક જ સમયે અનેક ક્લબો દ્વારા મેચો રમાતી હોય. અહીં જ આરંભના ગાળામાં રણજિતસિંહજીએ જુદી જુદી ત્રણ ટીમો વતી રમી, એક જ દિવસમાં ત્રણ સદીઓ નોંધાવેલી. રણજીની ટીમે સવારે જ બેટિંગ શરૂ કર્યું ને બપોર પહેલાં રણજીએ ૧૩૨ રન કર્યા. લંચ પછી તેઓ બાજુમાં રમાતી એક મેચ જોવા ગયા. ત્યાં દાવ લેતી ટીમમાં એક સભ્ય ઘટતો હતો. રણજીએ મદદની તૈયારી બતાવી ને ટીમે તેમને આવકાર્યા. અહીં તેમણે થોડા સમયમાં જ સદી ફટકારી ને છેક સુધી નોટ આઉટ રહ્યા. તે ટીમનો દાવ પૂરો થતાં રણજી પાછા પોતાની ટીમ રમતી હતી ત્યાં આવ્યા. અહીં હજી તેમની ટીમનો જ દાવ ચાલતો હતો. આથી તેઓ બીજી એક મેચમાં જોડાયા ને ત્યાં ૧૨૦ રન કરી એક જ દિવસમાં ત્રીજી સદી ફટકારી. (આમાં ત્રીજી સદી તેમણે કઈ ટીમ વતી નોંધાવી તે સંદર્ભે ભિન્ન ભિન્ન વિગતો મળે છે. તે બધી લગભગ આધારભૂત ગણવી પડે તેવી છે. આવા સંજોગોમાં તેટલી વિગત સંદિગ્ધ સ્વરૂપે સ્વીકારીને ચાલવું રહ્યું. મહત્ત્વની બાબત રણજિતસિંહજીએ એક જ દિવસમાં ત્રણ સદીઓ નોંધાવવાની સિદ્ધિ મેળવી તે છે, ને તે હકીકત અસંદિગ્ધ છે.)

આ ગાળામાં ગૂડ્ચાઈલ્ડ તેમને ફેનર ખાતે લઈ ગયા, પરંતુ ત્યાં રણજીને યોગ્ય આવકાર ન મળ્યો. તેમનો સ્વીકાર ત્યાં સહજ ન બન્યો. દલીલ એવી કરવામાં આવી કે પાર્કર્સ પીસની ક્રિકેટ રમત એક પ્રકારની છે, જ્યારે ફેનરની તેથી જુદા - બીજા પ્રકારની છે. આમ, બંને સ્થળોની ક્રિકેટ રમતમાં તફાવત હોવાથી રણજીને યોગ્ય આવકાર ન મળ્યો! આમ છતાં અહીં, ફેનર ખાતે રણજિતસિંહજીને બેટિંગ પ્રેક્ટિસ માટે સારી તક મળી. અહીં તેમને તે સમયના વિશ્વના બે શ્રેષ્ઠ બોલરો - લોકવૂડ ને ટોમ રિચર્ડસન - સામે રમવાની તક મળી.

અહીં, પાર્કર્સ પીસ ખાતે જ, ઇંગ્લન્ડના પછીના ગાળાના, મહાન બેટ્સમન, સર જે. બી. હોબ્સે પોતાની કિશોર-વયે રણજીને બેટિંગ કરતા જોયેલા. આ અંગે, પછી છેક ૧૯૫૧માં હોબ્સે લખેલું, 'મને કોચિંગનો લાભ નથી મળ્યો પરંતુ હું પ્રખ્યાત બેટ્સમનોનું બેટિંગ જોવાનું ખાસ રાખતો. પાર્કર્સ પીસ ખાતે મેં રણજિતસિંહજીનું બેટિંગ ધ્યાનથી જોયેલું. તેઓ જે સહજતા, લાલિત્ય ને ગરિમાથી બેટિંગ કરતા તેનું અનુકરણ હું મારી પીચ પર કરતો. જો કે હું તેમાં સફળ ન થયો, પરંતુ મારા માટે તેમનો (રણજીનો) આદર્શ જ ગૌરવની વાત છે.' આમ, તે સમયે હ. માટે રણજી આદર્શ ને ગુરુ બન્યા. અધ્યાત્મવિદ્યામાં જેમ રામકૃષ્ણ ને વિવેકાનંદની ગુરુ-શિષ્ય જોડી તેવું જ કાંઈક રણજી-હોબ્સ સંબંધે ક્રિકેટમાં બન્યું તેમ કહી શકાય.

આ અરસામાં કેમ્બ્રિજના સુકાની એફ. એસ. જેકસને રણજિતસિંહજીનું બેટિંગ જોયું. તેમને આ નવયુવાન બેટિંગમાં ખોટો-નિરર્થક પરિશ્રમ કરતો લાગ્યો. તેમને થયું કે આમ ગમે તેમ ફટકા મારી બોલરોને ઝૂડવા એ તે શું ક્રિકેટ કહેવાય? તેમણે રણજીને આવું વ્યર્થ તેમ જ જોખમી ક્રિકેટ બંધ કરવા કહ્યું.

આ બન્યું પછી એક દિવસ જેકસન પાર્કર્સ પીસ મેદાન પાસેથી પસાર થઈ રહ્યા હતા. તેમણે જોયું કે મેદાન પર એક મોટું ટોળું ભેગું થયું છે. તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે ત્યાં રણજિતસિંહજી બેટિંગ કરી રહ્યા છે. રણજિતસિંહજીએ અદ્‌ભુત આકર્ષણ ઊભું કર્યું છે તે જેકસને જોયું છતાં તેમના મતમાં કશો ફેર ન પડ્યો. રણજિતસિંહજીની શૈલીમાં ને ક્ષમતામાં જેકસનને કશું નોંધપાત્ર ન લાગ્યું. દરમિયાન પોતાના એ મેદાન પર તો રણજિતસિંહજી આકર્ષણનું કેન્દ્ર બનતા જ ગયા. અહીં, આ સમયગાળામાં, તેમણે એક વાર કાસાન્ડ્રા ક્લબ તરફથી રમતાં ઓલ્ડ પર્સીઅન્સ સામે ૨૦૬ (નોટ આઉટ) રન ફટકાર્યા. વળી એક વાર એક જોરદાર ફટકો મારી તેઓ ૧૨ રન દોડી ગયા! રનની દુર્દમ્ય તૃષા તે જ સંપૂર્ણ વ્યક્તિત્વ રમતમાં જ રમખાણ થઈ જાય.

હવે રણજિતસિંહજીની એક અત્યંત આશાસ્પદ ક્રિકેટર તરીકે નોંધ લેવાવા લાગી ને ઘણાએ તેમની તરફેણમાં અભિપ્રાયો આપ્યા. આમાં Newton Digby નામના ક્રિકેટ સમીક્ષક મુખ્ય હતા. ટ્રિનિટી કોલેજની ટીમમાં રણજિતસિંહજીને લેવા જ જોઈએ તેવો અવાજ તેમણે ઉઠાવ્યો, પરંતુ તેમાં તેમને સફળતા ન મળી. મુદ્દો એ હતો કે શું કોલેજ કે યુનિવર્સિટીની ટીમ એક ભારતીય ખેલાડીની મદદ લે? હરગીઝ નહીં!

પરંતુ થોડા સમયમાં જ એવી સ્થિતિ આવીને ઊભી રહી કે રણજિતસિંહજીને આવી રીતે ટાળવા એ લગભગ અશક્ય બની ગયું. આખરે તેમને પોતાની ટ્રિનિટી કોલેજમાં સ્થાન મળ્યું. આમ, પોતાની કોલેજ તરફથી રમવાની તક તો મળી, પરંતુ પરાયાપણું ને અવગણના હજી સહેવાના હતાં. ટીમના સભ્ય બન્યા પછી પણ કોઈ બહુ બોલાવે નહીં. કોઈ મિત્ર પણ ન બને! સાવ એકલા-અટૂલા રહેવાનું. પરંતુ આમાંથી પણ માર્ગ કાઢે તેવું તેમનું વ્યક્તિત્વ હતું. તેમની વિનયશીલતા તેમ જ તેમના ક્રિકેટપ્રેમે તેમને માટે આવકારનાં દ્વાર ખોલ્યાં. તેઓ સ્વીકારાયા. પરંતુ હજી મૈત્રી જામી નહોતી. તેઓ મૈત્રી શોધતા હતા, રમતની વાતોમાં કોઈ ભાગીદાર થાય તેમ ઝંખતા હતા. એ અવસર

આવવાનો હતો, પરંતુ તેને હજી વાર હતી.

કોલેજની ટીમમાં સ્થાન મળ્યા છતાં યુનિવર્સિટીની ટીમમાં તેમને હજી તક નહોતી મળી. કેમ્બ્રિજના સુકાની જૅકસનનો મત રણજિતસિંહજી માટે હજી પણ પ્રતિકૂળ જ હતો. જૅકસને પછીથી સ્વીકાર્યું છે કે રણજિતસિંહજી પોતાના પ્રથમ વર્ષે જ યુનિવર્સિટીની ટીમમાં આવ્યા હોત, પરંતુ મેં (જૅકસને પોતે) જ તેમને મારી ટીમમાં લેવાનું ગંભીરતાથી નહીં વિચારેલું. વાસ્તવમાં જૅકસનનો રણજિતસિંહજી વિશેનો મત ૧૮૯૩ના જૅકસનના ભારતના પ્રવાસ પછી બદલાયો. ૧૮૯૩માં લૉર્ડ હૉક એમેટ્યૂર ક્રિકેટરોની એક ટીમ લઈને ભારત રમવા આવેલા. આ ટીમમાં જૅકસન પણ હતા. આ પ્રવાસ દરમિયાન તેઓ ભારતીઓના પરિચયમાં આવ્યા પછી તેમનો દૃષ્ટિકોણ બદલાયો. આમ, તેમનો રણજિતસિંહજી વિશેનો પૂર્વગ્રહ દૂર થયો. પછીથી જૅકસને, કબૂલ કરતાં કહેલું કે, 'મેં ત્યારે ભારતનો પ્રવાસ ન કર્યો હોત તો કેમ્બ્રિજ યુનિવર્સિટી એક મહાન ક્રિકેટરની સેવાથી વંચિત રહેત.'

આમ, આખરે ૧૮૯૩માં તેઓ કેમ્બ્રિજ બ્લૂ બન્યા. આમ પણ હવે તેમનું નામ ગ્રેસ, ફ્રાઈ ને મૅકલેરેન જેવા ધુરંધરો સાથે લેવાતું થયું હતું. આપણે જેનો વિગતે ઉલ્લેખ આરંભમાં જ કર્યો છે તે, તેમનું 'રણજી' નામ લગભગ આ ગાળામાં પડ્યું. બહુ જલદી એ નામ ઇંગ્લિશ ક્રિકેટ જગતમાં એક સંવેદનાનું કારણ બની ગયું. 'રણજી' એટલે જાણે આક્રમક, ઓજસ્વી, નિર્ભીક બૅટિંગનો પર્યાય.

૧૮૯૪ની ક્રિકેટ સીઝન પહેલાં રણજીએ ટ્રિનિટી કૉલેજ છોડી પરંતુ કેમ્બ્રિજ ખાતેની પોતાની રૂમ રાખી. પોતે ઇંગ્લન્ડમાં હશે ત્યાં સુધી કેમ્બ્રિજ તો નહીં છોડે તેમ જાણે તેઓ સૂચવવા માગતા હતા. ૧૮૯૪ની સીઝન દરમિયાન તેઓ એમ.સી.સી. વતી નિયમિત રમતા રહ્યા. આ ગાળામાં દક્ષિણ ઇંગ્લન્ડનાં બે પરગણાં(કાઉન્ટી)એ રણજીને પોતાના તરફથી રમવાની ઑફર કરી, પરંતુ તે તેમણે નકારી. રણજીની ગણતરી ને ઇચ્છા સસેક્સ પરગણા તરફથી રમવાની હતી. આનાં કારણો એ હતાં કે તેમને રમવા માટેની વધુ તક ત્યાંથી દેખાતી હતી. વળી એ પરગણું નવી પ્રતિભાને આવકારતું હતું. ત્રીજું કારણ એ હતું કે રણજી પોતે ત્યાંના ખેલાડીઓથી પરિચિત હતા.

૧૮૯૫માં તેમને સસેક્સ તરફથી રમવાની તક મળી ને યશસ્વી કારકિર્દી માટેનાં દ્વાર ખૂલ્યાં. સસેક્સ વતી પોતાની 'ડેબ્યૂ' મૅચમાં જ, લૉર્ડ્ઝ ખાતે એમ.સી.સી. સામે રમતાં રણજીએ ૭૭ (અણનમ) ને ૧૫૦ રન કર્યા. આ ઉપરાંત આ જ મૅચમાં તેમણે ૬ વિકેટો પણ ઝડપી. ઇંગ્લિશ કાઉન્ટી-ક્રિકેટની પોતાની આ પ્રથમ સીઝનમાં તેમણે ચાર સદીઓ સાથે ૧૭૭૫ રન કર્યા. ઉપરાંત સમગ્ર ઇંગ્લન્ડમાં સરાસરીમાં તેઓ ચોથા રહ્યા!

રણજીના આ દેખાવથી એક બાજુ તેમની પ્રતિભા તત્કાલીન ધુરંધરો સાથે સરખાવા-ગણાવા લાગી તો બીજી બાજુ તેમને માટે મૈત્રી, આવકાર ને સંવાદના દ્વારો ખુલ્યાં તથા અટૂલાપણું ઓછું થયું. આમ તો કેમ્બ્રિજ ખાતે જ આનો આરંભ થયેલો. ૧૮૯૩ આસપાસના ગાળામાં તેઓ પોતાની ટીમની સરાસરીમાં બીજા નંબરે આવેલા. આથી રાજી થઈ એક સહાધ્યાયી તેમને રૂમ પર મળવા આવેલો. આ બનાવથી તેઓ ખૂબ ખુશ થયેલા તેમજ તેમનો આત્મવિશ્વાસ વધેલો. એમાં વેગ આવ્યો ૧૮૯૫ના વર્ષથી. તેઓ સસેક્સનું અંગ બન્યા ને તેમની અને ચાર્લ્સ બી. ફ્રાઈની અજોડ, અદ્ભુત તથા લગભગ ૪૦ વર્ષ (આજન્મ) ચાલનારી મૈત્રીનો પ્રારંભ થયો. હવે સસેક્સ વતી તે બંનેનું સંયુક્ત બૅટિંગ અન્ય કાઉન્ટીઓ માટે સમસ્યારૂપ બન્યું. આથી જ રૉબર્ટસન-ગ્લાસગોએ લખ્યું કે, 'Together K. S. Ranjitsinhji and C. B. Fry become an almost insoluble problem to those who bowled against Sussex.'

પરંતુ તેઓ બૅટિંગ પ્રતિભામાં સરખા હતા તેના કરતાં તેઓ પરસ્પરના આત્મીય વધુ હતા. તેમની આ મૈત્રીની ઇંગ્લન્ડમાં પણ સુખદ નોંધ લેવાતી ને બંનેને એક બીજાથી દૂર રાખવાનું લગભગ અશક્ય મનાતું. રણજીની નાજુક તબિયત સંદર્ભે તેમ જ પુસ્તકલેખન-પ્રકાશનમાં તેમને ચાર્લ્સની ઘણી મદદ મળેલી. અહીં એ પણ નોંધી લઈએ કે જેમને રણજી પોતાના 'પ્રથમ સુકાની' તરીકે ગૌરવથી સંભારે છે તેવા, કેમ્બ્રિજના સુકાની, ફ્રાન્સિસ સ્ટેનર્લ જૅકસન સાથે પણ તેમની મૈત્રી બંધાઈ અને વિકસી. આ મૈત્રી એટલે સુધી વિકસી કે રણજી ભારતમાં રાજવી હતા ત્યારે જૅકસન બંગાળના ગવર્નર તરીકે આવેલા ને અહીં પણ એ મૈત્રી-સંપર્ક રહ્યાં ને વધ્યાં.

અને આ ૧૮૯૫ની સાલ એટલે, એક ભારતીય સપૂત (બિનઅંગ્રેજ)ની ઇંગ્લિશ કાઉન્ટીક્રિકેટની કારકિર્દીના આરંભની સાલ. આ ગાળામાં તેમનું બૅટિંગ જોઈ એક પત્રકાર-રમત સમીક્ષકે લખ્યું, 'The ball flows from his bat like water rushes down a hill.'

તેમની કારકિર્દી સંદર્ભે ૧૮૯૫નું વર્ષ પરોઢની ઉષા હતી. હજી સૂર્યોદય બાકી હતો. એ સૂર્યોદય એટલે ૧૮૯૬નું વર્ષ. આ વર્ષના આરંભમાં તેમણે એક એવો વિક્રમ સ્થાપ્યો જેની સનાતનતા માત્ર, એક જ ટેસ્ટમાં ૧૯ વિકેટો લેવાના, જિમ લેકરના વિક્રમ સાથે જ સરખાવી શકાય. Briton (પૂર્વ સસેક્સના એક શહેર) ખાતે, સમયની સબળ કાઉન્ટી ટીમ યૉર્કશાયરના સશક્ત બૉલિંગ આક્રમણ સામે તેમણે (૨૨ ઑગસ્ટ, ૧૮૯૬ના રોજ) એક જ દિવસમાં બંને દાવમાં - ૧૦૦ અને ૧૨૫ (અણનમ) રન કરી - સદીઓ ફટકારી.

(આવતા અંકે પૂરું)

પરમેશ્વરનું વાયુપ્રવચન

મૂ. લે. જ્યોર્જ સમનર એલ્બી : અનુ. અશોક હર્ષ

માર્ચ મહિનાના પહેલા સોમવારના રોજ બરાબર ૯ વાગીને ૩૮ મિનિટે રેડિયો પર એ અજ્ઞાત અને ભવ્ય અવાજ પહેલવહેલો સંભળાયો. તે માટે એ દિવસ અને એ સમય કેમ પસંદ કરવામાં આવેલો એ કોઈ જ કહી શકે તેમ નથી. ગમે તેમ, પણ એ અવાજ પ્રત્યેનો તાત્કાલિક પ્રત્યાઘાત અવિશ્વાસનો હતો. લોકો એ અવાજ ઝીલતા ખુદ પોતાના કાનમાં વિશ્વાસ મૂકવા તૈયાર નહોતા.

અમેરિકાના ડૌપલ્સટન તો ફ્લોઈડ ઉક્લાખાન એ વખતે તેના પુત્ર લીમેન સાથે ભોંયરામાં વીજળિક ટ્રેન વડે રમતો પોર્ટેબલ રેડિયો પર બુદ્ધિકસોટીનો કાર્યક્રમ સાંભળી રહ્યો હતો. અચાનક એ કાર્યક્રમ થંભી જઈને તેની જગ્યાએ ઊંડો, મૃદુ વત્સલ પણ દૃઢ અવાજ સંભળાયો :

'હું છું પરમેશ્વર. તમને વિક્ષેપમાં નાખવા બદલ હું દિલગીર છું. પણ તમે, સૂર્યના ત્રીજા ગ્રહનાં સંતાનો, ખુદ તમારું અસ્તિત્વ મિટાવી દેવાની એટલા નજીક પહોંચી ચૂક્યા છો કે મારે કંઈક કરવું જ જોઈએ. આ આખું એ સપ્તાહ હું તમારી સાથે ગુજારીશ.'

ફ્લોઈડ ક્ષણભર તો સ્તબ્ધ બની ગયો. 'લીમેને તેના કમરામાં ક્યાંક માઈક્રોફોન ગોઠવ્યું લાગે છે.' એમ કહેતો તે લીમેનના કમરામાં પેઠો. લીમેન ગણિતના કોયડા પર માથું પકવતો એના કમરામાં એક પગ હાથમાં લઈને બેઠો હતો.

'રેડિયોને તે કંઈ કર્યું?' ફલોઈડે પૂછ્યું.

'મેં? કશું જ નહિ. શું કંઈ તોડફોડ થઈ છે?'

ફલોઈડ આથી મૂંઝવણમાં પડી જઈ કશો જવાબ આપ્યા વિના એના પડોશી જીન હુકિલને ત્યાં ઊપડ્યો.

'જીન,' તેણે પૂછ્યું 'તમે અત્યારે રેડિયો પર બુદ્ધિકસોટીનો કાર્યક્રમ સાંભળતા હતા?'

'ના, હું લક્સ રેડિયો સાંભળી રહ્યો હતો.'

'તો તો મને લાગે છે કે તમે એ નહિ જ સાંભળ્યું હોય.'

'અરે, તમે પણ તે સાંભળ્યું?' જીન આશ્ચર્યચકિત થતો બોલ્યો, 'કેવું અસમાન્ય હતું એ!'

અને આ અસામાન્યતાનો અનુભવ માત્ર ડૌપલ્સટનનો જ નહોતો. સવાર પડતાં તો તમામ ખંડોનાં તમામે તમામ છાપાંઓમાં આ સમાચાર ઝળકી ઊઠ્યા. આ પરથી સાબિત થતું હતું કે ડૌપલ્સટનમાં સંભળાયેલું વાયુપ્રવચન દુનિયાભરમાં અને દુનિયાની તમામ ભાષાઓમાં પ્રસારિત થયેલું. સૌ એકબીજાને પૂછવા માંડેલા, 'તમને શું લાગે છે?' પણ કોઈ પાસે તેનો જવાબ ન હતો.

સારા યે વિશ્વે અવઢવમાં જ એ દિવસ કાઢ્યો. રાત પડી અને બરાબર ૯ વાગીને ૩૮ મિનિટે ફરી એ જ અવાજ તમામ રેડિયો પરથી સંભળાયો : 'તમે જરાય ગભરાતા નહિ. હું ખરેખર પરમાત્મા હોવાની તમને ખાતરી કરાવી આપવા માંગું છું અને તે માટે આ આખું અઠવાડિયું મેં ફાજલ કાઢ્યું છે.'

આ વખતે રેડિયો પર અવાજ ચાલુ હતો એ જ સમયે કેટલાક નિષ્ણાતોએ રેડિયોસંજ્ઞાઓ દ્વારા તેનું મૂળ સ્થાન જાણવા પ્રયાસ કરી જોયો. કેટલાકને લાગેલું કે રશિયાએ આ તરકીબ યોજી હોવી જોઈએ. પરંતુ પ્રસારણના મૂળ સ્થાનનો કશો જ પત્તો ન લાગ્યો.

બુધવારે તો છાપાંઓનાં પાનાંનાં પાનાં આ વિસ્મય પાછળ રોકાયેલાં. જ્યાં જેટલા વિજ્ઞાનીઓ હાથ લાગ્યા – કેટલાક ક્યાંક સંતાઈ પણ ગયેલા – તેમને પૂછી જોતાં તેમનો સર્વાનુમત અભિપ્રાય એ હતો કે, પ્રસારિત અવાજ મનુષ્યનો હતો. તર્કશાસ્ત્રના એક અધ્યાપકના જણાવ્યા પ્રમાણે, 'જો પરમેશ્વરને જ ખરેખર કંઈ કહેવું હોય તો તેને એ માટે રેડિયોનો આધાર લેવાની કશી જ જરૂર ન રહે. કેટલાક ધર્મગુરુઓએ એ પર એવો અભિપ્રાય આપ્યો કે, 'અવાજ પરમેશ્વરનો હોય કે ન હોય, પણ એ અહીં આપણી સાથે જ છે એ આપણામાંના ઘણાખરા વીસરી ચૂક્યા છે.

એ સાંજે સર્વત્ર પ્રાર્થના સભાઓ યોજાઈ. લોકોએ ઉત્સાહથી એમાં ભાગ લીધો. ઘણાંખરાં દેવસ્થાનોમાં રેડિયો ગોઠવી દેવામાં આવ્યા. પરંતુ રેડિયો પર ત્રીજી વાર સંભળાયેલું પ્રસારણ માત્ર ત્રણ જ શબ્દોનું હતું : 'એ હું છું' પરમેશ્વરે સીધી આકાશવાણી કરી હોત તો મનુષ્યો ભયભીત બની ઊઠ્યા હોત, એટલે એણે રેડિયોનો આધાર લીધો હોવાનું ચર્ચાવા લાગ્યું. કેટલાક માનવમાનસની પરમેશ્વરની સમજની તારીફ કરવા લાગ્યા. ત્રણ શબ્દોના તેના આ ત્રીજા પ્રસારણે પૃથ્વીવાસીઓ પર ભારે પ્રભાવ પાડ્યો.

ગુરુવારનો દિવસ દુનિયાભરમાં વિવિધ સ્થળે વિવિધ ચમત્કારોમાં વીત્યો, દર ૮૦ કિલોમીટરના અંતરે એક ચમત્કાર બનતો રહ્યો. વિસકોન્સિનમાં કેટલીક નારંગીઓ બજારની ઊંચી દીવાલ પર ચડી જઈ પોકારવા લાગી. 'તમામ મનુષ્યો મારાં સંતાનો છે, એટલે કે એકબીજાના ભાઈઓ છે. કોપનહેગનમાં

તો એક સિંહ પ્રાણિસંગ્રહાલયમાંથી નાસી છૂટીને ખેતરમાં ઘેટાંના એક ટોળા વચ્ચે સૂઈ ગયો. પાસાડેનામાં વિક્ષિપ્ત માનસની એક સ્ત્રીએ ત્યાંના ઊંચા પુલ પરથી કૂદકો માર્યો, પણ એક આગબંબાએ આવી લાગી લાંબી સીડી વડે તેને નીચે ઉતારી ત્યાં સુધી લગભગ ૪૫ મિનિટ તે હવામાં જ અધ્ધર લટકતી રહી.

ચમત્કારની દૃષ્ટિએ જોકે બહુ નાના ગણાય તેમ છતાં આ ચમત્કારોએ દુનિયાભરમાં ઉત્તેજના ફેલાવી દીધી. ફ્રાન્સના શાસકો આમાં પ્રમાણવાદ અને ક્રાન્તિનો દ્રોહ જોવા લાગ્યા. સૌથી વધુ ઉત્તેજિત તો હતો ન્યૂ યોર્કનો વૉલ્ટર વેલેરિયન. નાસ્તિકતાનો પ્રચાર કરતી સંસ્થાના એ પ્રમુખે દેશેદેશના પોતાના અનુયાયીઓને સત્વર ન્યૂ યોર્ક આવી પહોંચવા જણાવ્યું.

પરમેશ્વરનો ગુરુવારની સાંજનો બ્રૉડકાસ્ટ પ્રમાણમાં લાંબો અને આધ્યાત્મિક સ્પર્શ ધરાવતો હતો :

'તમારા પગ નીચેની રેતીનો કણેકણ, પાણીનું ટીપેટીપું સ્વયં એક ચમત્કાર છે, પરંતુ તમે લોકો કશાથી પ્રભાવિત થવાની શક્તિ ગુમાવી બેઠેલા હોઈને હું આજે પ્રાકૃતિક નિયમોને ઊંચા મૂકીને કેટલાક ચમત્કાર કરી બતાવીશ. સ્વેચ્છાપૂર્વકનો મારો આ નિયમભંગ તમને ખાતરી કરાવી આપ્યા વિના નહિ રહે કે હું કેટલી હદે તમને ચાહું છું, કેમ કે સર્વશક્તિમાન હોવા છતાં હું જાતે જ મારી શક્તિને મર્યાદિત રાખું છું. જો કે ન માનનારા નહિ જ માને, છતાં આવતી કાલે શુક્રવારે સવારે થોડાક ચમત્કારો બતાવ્યા પછી બપોરના ભાગે હું આખોયે ઑસ્ટ્રેલિયા ખંડ એક મિનિટ માટે દરિયામાં ગરક કરી દઈશ.'

ગુરુવારની સાંજના આ બ્રૉડકાસ્ટ પછી સાંભળનારાઓનો અવિશ્વાસ ક્યાંય ઓગળી ગયો, લોકો ખાતરીપૂર્વક એ અવાજ પરમેશ્વરનો જ હોવાનું માનવા લાગ્યા. મુસ્લિમોએ મક્કા ભણી ધસારો શરૂ કર્યો, ચીનની પીળી ભૂમિ પર રાતદિવસ ફટાકડા ફૂટતા રહ્યા. દેશદેશની પ્રજા પરમેશ્વરમાં પોતાનો પરમ વિશ્વાસ એક યા બીજી રીતે જાહેર કરવા માંડી.

અને ઑસ્ટ્રેલિયનો? મેલબોર્ન રેડિયો પરના એનાઉન્સરે જાહેર કર્યું કે, 'અહીં કોઈ જ ભયભીત કે ચિંતિત નથી, કેમ કે પાણી નીચે માત્ર એક મિનિટથી કોઈને કશું નુકસાન થવાનું નથી.'

શુક્રવારે સવારે થોડાક ચમત્કારો બતાવવાનું પરમેશ્વરે જણાવેલું, જે મુજબના ચમત્કારોમાંનો એક ચમત્કાર એ હતો કે યુનાઈટેડ સ્ટેટ્સના ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળની માલિકીની ધાતુની તમામ બનાવટો - નાનકડી ખીલીઓથી માંડીને તોતિંગ યુદ્ધજહાજ સુધીની ટનોના ટન વસ્તુઓને તદ્દન નકામી ભંગાર બનાવી દેવામાં આવી. જેની યુદ્ધસામગ્રી વિશ્વને ભયભીત બનાવી રહી હતી, એવા રશિયાની તમામ યુદ્ધસામગ્રી અદશ્ય થઈ જઈ તેના સ્થાને લેનિનના જ આ અવતરણ સાથે ખાતરભરેલાં ગાડાંઓની હારોની હારો ખડકાઈ ગઈ હતી : 'શાંતિ, રોટી અને જમીન.'

૧૧:૫૮, ૧૧:૫૯ પૂરા ૧૨ અને ઑસ્ટ્રેલિયા પર ઉડ્ડયન કરી રહેલા રિપોર્ટરોમાંથી બીબીસીના રિપોર્ટરે જાણે ક્રિકેટમૅચનું વર્ણન કરતો હોય એવી રીતે વર્ણન શરૂ કર્યું : 'પહેલેથી જ ભાખવામાં આવેલું તેમ ઑસ્ટ્રેલિયા ખંડ દરિયામાં ગરક થવા માંડ્યો છે - અસાધારણ ઝડપે, ઘૂમરાતાં પાણી પર કેટલીય વસ્તુઓ તરવા માંડી છે. હવે તો પહાડનાં શિખરો પણ પાણીમાં ડૂબી ચૂક્યાં છે... પચાસ સેકંડ, પંચાવન સેકંડ... હા, ખંડ પાછો પાણીની બહાર આવી રહ્યો છે!'

ખંડ પાણીની બહાર નીકળતાં જ સર્વત્ર લોકોનો ધસારો શરૂ થયો. રેડિયો પ્રવક્તાને સૌથી પહેલો મળેલો આદમી હતો નિવૃત્ત કર્નલ હમ્ફ્રી આર્બુથનોટ. 'સાહેબ, રેડિયો પ્રવક્તાએ કહ્યું, 'તમે ખરેખર પાણીમાં ગરક થઈ ગયા હતા?'

'આ મારું નીતરતું શરીર તમને નથી દેખાતું? કંઈ ટુવાલબુવાલનો પ્રબંધ કરી શકો તેમ છો તમે?' કર્નલ ગરજી ઊઠ્યો.

શુક્રવાર સાંજનું પરમેશ્વરનું વાયુપ્રવચન સારીયે ઘટનાના સારરૂપ હતું :

'મારી ઉપસ્થિતિનો શું એ જ અર્થ ઘટાવવાનો છે કે પૃથ્વીનો અંત નજીક છે? તમે તમારા અંતરાત્માના અવાજને કાન દો અને તે તમને ફરમાવે તેમ કરો. શુભ રાત્રિ.'

શનિવારે વિશ્વભરના અંતરાત્માઓ જાગી ઊઠ્યા. સરમુખ્યાતરોએ તેમનાં પદ ત્યાગી દીધાં. બૅન્કોનું આંતરરાષ્ટ્રિય સંગઠન વિખેરી નાખવામાં આવ્યું. જાહેર પુસ્તકાલયોમાંથી ચોરાયેલાં પુસ્તકો પાછાં ફરવા માંડ્યાં. જૂનાં લેણાં લેણદારોને પહોંચવા લાગ્યાં. માનવજાતના ૯૯ ટકાને હવે આ જ પૃથ્વી જીવવા માટેનું ઉત્તમ સ્થળ લાગવા માંડી.

પરમેશ્વરનું શનિવાર સાંજનું વાયુપ્રવચન એમનું વિદાયપ્રવચન હતું :

'હવે હું વિદાય લઈશ. તમને લાગશે કે તમારા ઘણાખરા પ્રશ્નો હજી જેવા ને તેવા ઊભા જ છે. દુઃખ અને કષ્ટ પણ જેમનાં તેમ રહ્યાં છે. તમારે હજુય ખાવાની, પીવાની અને જાતને સમાલવાની જરૂર છે. શા માટે, કહું? કોઈ પણ ગ્રહ એક પ્રકારની શાળા જ છે. પ્યારાં બાળકો, જીવતાં રહો ને શીખતાં રહો, અને હવે વિદાય - ફરી પાછાં મળીએ ત્યાં સુધી.'

અને સાતમા દિવસે પરમાત્માએ આરામ લીધો. □

સંસ્થાપરિચય

અમદાવાદ કાપડ-ઉદ્યોગની સંશોધનસંસ્થા અટિરા

જેની સ્થાપનાની અર્ધશતાબ્દીનું આ વર્ષ છે.

પ્રા. સુરેશ ર. શાહ



અમદાવાદ ઔદ્યોગિક મહાનગર છે. તેમાં અનેકવિધ ઉદ્યોગો વિકસેલા છે; પણ આઝાદી પહેલાં એક મોટો ઉદ્યોગ વિકસેલો હતો અને તે કાપડ-ઉદ્યોગ. અહીં સિત્તેરથી વધુ કાપડની મિલો ધમધમતી હતી અને હજારો કામદારોને રોજીરોટી પૂરી પાડતી હતી. અમદાવાદ ભારતના માન્ચેસ્ટર તરીકે ઓળખાતું હતું. ૧૯૪૪માં અમદાવાદના મિલમાલિક મંડળે કાપડ-ઉદ્યોગ માટે એક સંશોધન પ્રયોગશાળાની રૂપરેખા તૈયાર કરી હતી. આ વિચારોએ ૧૯૪૭માં મૂર્ત સ્વરૂપ લીધું.

દેશને આઝાદી મળી અને સમગ્ર રાષ્ટ્રમાં એક નવી હવા વહેતી થઈ. ડિસેમ્બર, ૧૯૪૭માં અમદાવાદ કાપડ-ઉદ્યોગના સંશોધન એસોસિએશની નોંધણી કરાવવામાં આવી. આમ, કાપડ-ઉદ્યોગની સેવાર્થે બ્રિટનના નમૂના પરથી અમદાવાદમાં 'અટિરા'ના સંક્ષિપ્ત નામે જાણીતી થયેલી Ahmedabad Textile Industry's Research Association - ATIRAની સ્થાપના થઈ. સમગ્ર ભારતમાં કાપડ-ઉદ્યોગનું આ સૌપ્રથમ સંશોધનકેન્દ્ર હતું.

કેન્દ્ર સરકાર અને અમદાવાદના કાપડ-ઉદ્યોગ મંડળના સહયોગથી સ્થપાયેલી આ સંસ્થા અમદાવાદની સૌપ્રથમ વૈજ્ઞાનિક સંશોધન-સંસ્થા છે. પ્રારંભમાં ૭૧ સ્થાપક સભ્યોએ તેમનો ફાળો એકત્રિત કર્યો. તેમાં ભારત સરકારે રૂ. ઓગણીસ લાખનો ફાળો આપ્યો. આ ઉપરાંત આ સંસ્થાના નિભાવ ખર્ચ પેટે પહેલાં પાંચ વર્ષ માટે કેન્દ્ર સરકારે પ્રતિવર્ષ દોઢ લાખનું અનુદાન જાહેર કર્યું. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપણા હેઠળ સંસ્થાનું સંચાલક-મંડળ રચાયું. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના મકાનમાં અટિરાએ ૩૦ કર્મચારીઓથી તેની નમ્ર શરૂઆત કરી. પ્રારંભથી જ અટિરાને ડૉ. વિક્રમ સારાભાઈનું માર્ગદર્શન મળેલું. ૧૯૪૯થી ૧૯૫૬ સુધી તેઓએ આ સંસ્થાના ખંડ સમયના માનાર્હ નિયામક તરીકે સેવાઓ આપી હતી. ત્યારપછીથી પૂરા સમયના નિયામકશ્રીની નિયુક્તિ થઈ હતી. છતાં પણ સારાભાઈનું જરૂરી માર્ગદર્શન ચાલુ જ હતું.

નવેમ્બર ૧, ૧૯૫૦ના રોજ તત્કાલીન નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના વરદ્હસ્તે અટિરાના નવા ભવનનો પાયો નંખાયો હતો. ૧૯૫૨માં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં ૫૦ એકર જમીન ઉપર તૈયાર થતાં તેના સંકુલમાં બંધાયેલા સાધનસામગ્રીથી સમૃદ્ધ અને સગવડભર્યા પોતાના અલાયદા વાતાનુકૂલિત ભવનમાં સંસ્થાને ખસેડવામાં આવી હતી. નવા ભવનમાં ઑફિસો, પ્રયોગશાળાઓ, પાઈલોટ મિલ તથા ભવ્ય સભાગૃહ, લાઈબ્રેરી અને બીજી સુવિધાઓ હતી. તેનું ઉદ્ઘાટન એપ્રિલ, ૧૯૫૪માં ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના વરદ્ હસ્તે થયું હતું. પાછળથી અટિરા સંકુલમાં જ રસાયણશાસ્ત્રની જુદી પ્રયોગશાળા અને આશરે એક સો કર્મચારી કુટુંબો વસવાટ કરી શકે તેવા સ્ટાફ ક્વાર્ટર્સ પણ બાંધવામાં આવ્યાં.

કાપડમિલોની સૌથી મોટી સહકારી સંશોધન સંસ્થા તરીકે અટિરાએ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંસ્થાન CSIR મારફતે અટિરા કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલી અને માન્યતા પામેલી સંશોધન સંસ્થા છે. શરૂઆતમાં અટિરાએ તેના સંશોધનકાર્ય માટે ત્રણ ક્ષેત્રો પસંદ કર્યાં હતાં : (૧) પ્રક્રિયાઓ અને પદ્ધતિઓના અભિનવીકરણ માટે કાર્યપ્રણાલી અંગેનું (ઓપરેશનલ) સંશોધન (૨) ઉદ્યોગોને સીધેસીધું ઉપયોગી બને તેવું પ્રયુક્ત (અપ્લાઈડ) સંશોધન અને (૩) મૂળભૂત સંશોધન-ઉદ્યોગોમાંના કારીગરો, વપરાતી વસ્તુઓ અને પ્રચલિત પદ્ધતિઓ અંગેના જ્ઞાનને સુધારવું.

નફો નહિ કરવાના ઉદ્દેશવાળી આ એક મોટી સહકારી સંશોધન-સંસ્થા છે. સુતરાઉ કાપડ તથા માનવ સર્જિત રેસાઓ અને તેમાંથી બનતા કાપડના ઉદ્યોગ માટે આ સંસ્થા સંશોધન કરે છે. સંસ્થા માટે કાયમી આવકનાં સાધનોમાં સભ્યોનો વાર્ષિક ફાળો જે હવે પ્રતિવર્ષ લગભગ ૪૨ લાખ જેટલો એટલે કે આવકનો દશ ટકા જેટલો હિસ્સો છે. આ ઉપરાંત વિવિધ ઉદ્યોગો, સંસ્થાઓ અને વિભાગો તરફથી અત્રે પ્રાયોજિત સંશોધન કરાવવામાં આવે છે. તે માટે તેને ૧૬૦ લાખ એટલે કે આવકના ૪૦ ટકા જેટલા મળે છે. સરકાર તરફથી અમુક ખાસ પ્રકારનાં સંશોધનો અત્રે કરવામાં આવે છે જે પેટે સરકાર સંસ્થાને પ્રતિવર્ષ ૭૫ લાખ એટલે કે લગભગ ૧૮ ટકા ચૂકવે છે. આ ઉપરાંત સંસ્થામાં જે નવું સંશોધન થાય છે તે વિવિધ ઉદ્યોગો અને ધંધાદારી સંસ્થાઓને લાયસન્સથી વાપરવા દેવામાં આવે છે. આનો એક મોટો ફાયદો એ છે કે સંશોધનો કેવળ સંસ્થામાં કે તેના સંશોધન પેપરોમાં જ ન રહેતાં તેનો ઉપયોગ વિવિધ ક્ષેત્રે થાય છે. આવાં લાયસન્સોની રોયલ્ટી પેટે ૧૧૦ લાખ એટલે કે કુલ આવકનાં ૨૮ ટકા જેટલા મળે છે.

હાલમાં ૩૬૦ ઔદ્યોગિક એકમો અને આનુષંગિક સંસ્થાઓ અટિરાના સભ્યપદે છે. જેમાં ૨૧૦ કાપડ બનાવતાં કારખાનાં અને મિલો છે. બીજાં ૧૫૦ જેટલાં માનવ સર્જિત તાંતણા બનાવતા, રંગો બનાવતા, રસાયણો તથા યંત્રસામગ્રીઓ અને ઉપકરણો બનાવતા ઉદ્યોગો ઇત્યાદિ છે. ભારતમાં બનતા કુલ કાપડ-ઉત્પાદનના ૨૫ ટકા ક્ષમતા ધરાવતી મિલો અને કારખાનાં અટિરાનાં સભ્યપદે છે અને તેના સંશોધનનો અને માર્ગદર્શનનો લાભ લે છે.

અટિરામાં વિવિધ ચકાસણીઓ માટેની ૪ લેબોરેટરીઓ સહિત સાયન્સ અને ટેક્નોલોજીના મળીને કુલ ૧૦ વિભાગો છે. તેમાં ૬૫ જેટલા ઉચ્ચ ડિગ્રીઓ અને લાયકાતો ધરાવતા સલાહકારો અને સંશોધનકારો છે. ઉપરાંત ૧૨૦થી અધિક ટેક્નિકલ અને સહાયક સ્ટાફ છે. વળી, ૭૫ જેટલા ઓફિસ અને અન્ય સહાયક કર્મચારીઓ છે.

સંસ્થા પાસે સુસજ્જ પ્રયોગશાળાઓ, પાઈલોટ મિલ, આધુનિક વર્કશોપ અને સુવ્યવસ્થિત કમ્પ્યૂટરાઈઝ્ડ લાઈબ્રેરી છે. હાલમાં તેમાં ૩૮ હજારથી અધિક પુસ્તકો, સામયિકોના પાછલા અંકોનાં બાંધેલા જર્નલો અને સંશોધન રિપોર્ટો છે. તેમાં પ્રતિવર્ષ એક હજાર જેટલાં પુસ્તકો ઉમેરાય છે તેમજ વિવિધ સામયિકો, ટેક્નિકલ ચોપાનિયાં ઇત્યાદિના ૮૦૦ જેટલાં અંકો પ્રતિવર્ષ ઉમેરાય છે. ગયા વર્ષે પુસ્તકો અને સામયિકો વગેરે પાછળ તેર લાખ ખર્ચાયા હતા.

અટિરા લાઈબ્રેરી અત્રેની બ્રિટિશ લાઈબ્રેરીની સંસ્થાકીય સભ્ય છે તેથી પોતાના સભ્યો માટે બ્રિટિશ લાઈબ્રેરીમાંથી પુસ્તકો મંગાવી આપે છે. ગયા વર્ષે આવી રીતે ૪૦૦ જેટલાં પુસ્તકો અને ૨૫૦ જેટલાં સામયિકોના અંકો પોતાના વાચકોને મંગાવી આપ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ લાઈબ્રેરી નેટવર્ક દ્વારા પણ પોતાના સભ્યો માટે પુસ્તકો મંગાવી આપે છે. અટિરાની લાઈબ્રેરીમાં બીજા ૩૫૦ જેટલા વ્યક્તિગત સભ્યો છે, જેઓ લાઈબ્રેરીને દોઢ લાખથી અધિક ફી ચૂકવે છે.

અહીં થયેલા અગત્યના અભ્યાસોમાં રેસાઓનું આંતરિક બંધારણ, તેના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો, કાંતણ તથા વણાટમાં ઉત્પાદનશીલતા અને ગુણવત્તા, બ્લીચિંગ, ફિનિશિંગ અને પ્રિન્ટિંગ ટેક્નોલોજી તેમજ ઉત્પાદન - વ્યવસ્થાનો સમાવેશ થાય છે.

અટિરામાં ઓક્સિડાઈઝ સ્ટાર્ચ બનાવવાની પ્રક્રિયા તથા રેસાના ગુણધર્મો માપવા માટેનાં ઉપકરણો વિકસાવાયાં છે. પ્રક્રિયા દરમિયાન પાણીના વપરાશમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થાય તેવા વોશિંગ મશીનો પણ ઉદ્યોગો માટે વિકસાવ્યાં છે.

મિલો અને ઉદ્યોગોમાં ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે અટિરા માર્ગદર્શન પૂરું પાડે છે. ઉપરાંત ઉદ્યોગોના કર્મચારીઓ અને તજ્જ્ઞો માટે અહીં વારંવાર વિવિધ તાલીમ-વર્ગો તથા કાર્યશાળાઓ ચલાવાય છે. અહીં વિકસાવેલી અનેક નવી પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ તથા ઉપકરણો માટે દેશવિદેશોમાં પેટન્ટો મેળવાય છે. અટિરાને ભારતની વિવિધ યુનિવર્સિટીઓ તરફથી અનુસ્નાતક સંશોધન-કેન્દ્ર તરીકે માન્યતાઓ મળી છે.

અટિરાની સફળતાથી પ્રેરાઈને મુંબઈના ઉદ્યોગો માટે બિટ્રા (BITRA), દક્ષિણ ભારત માટે સિટ્રા (SITRA) અને ઉત્તર ભારત માટે નિટ્રા (NITRA) જેવી સંશોધન-સંસ્થાઓ પણ વિકસાવાઈ છે. આ સંસ્થાઓ તે તે વિસ્તારના કાપડ-ઉદ્યોગો અને તેને લગતા બીજા આનુષંગિક ઉદ્યોગોને સેવાઓ પૂરી પાડે છે. આ બધી સંસ્થાઓનાં સંયુક્ત ટેક્નિકલ સંમેલનો વારંવાર યોજાય છે ને તેમના સંશોધન-અનુભવોનું આદાન-પ્રદાન થાય છે.

અટિરાએ ૪૦૦થી અધિક પ્રાયોજિત મોટા પ્રોજેક્ટો સફળતાપૂર્વક પાર પાડ્યા છે. સામાન્ય રીતે આવા પ્રોજેક્ટો બે કે ત્રણ વર્ષ સુધી ચાલતા હોય છે. આવા પ્રોજેક્ટોને અંતે મેળવેલી જાણકારીથી મિલોની ઉત્પાદનક્ષમતા અને ગુણવત્તા વધે છે તથા ઉત્પાદન-ખર્ચમાં ઘટાડો થાય છે. અટિરાએ ૯૦થી અધિક પેટન્ટો મેળવી છે. તેમાંથી ૫૦થી અધિક પેટન્ટો વિવિધ ઉદ્યોગોને લાયસન્સથી વાપરવા આપી છે. આના પરિણામે નવી શોધો-સંશોધન પ્રયોગશાળાથી ઉદ્યોગો સુધી પહોંચે છે. તેમજ સંસ્થાને લાયસન્સ ફી રૂપે રોયલ્ટીની આવક થાય છે. ૬૦ જેટલા વિવિધ ઉત્પાદકોએ અટિરાએ વિકસાવેલી નવી ટેક્નૉલોજી આધારિત ઉપકરણો અને યંત્રો બજારમાં મૂક્યાં છે અને અટિરા તેની રોયલ્ટી મેળવે છે.

સંસ્થાએ કરેલાં નોંધપાત્ર સંશોધનો માટે તેને ૧૮થી વધુ રાષ્ટ્રિય પારિતોષિકો મેળવ્યાં છે તેમજ ૬૦થી અધિક સંશોધન-સન્માનો મેળવ્યાં છે. સામાન્ય રીતે પ્રતિવર્ષ ૧૫૦ જેટલા મોટા પ્રશ્નો તેની પાસે નિરાકરણ માટે આવે છે, જેમાં માર્ગદર્શન આપી તેની ફી મેળવે છે. આ ઉપરાંત સભ્યોના નાનામોટા પ્રશ્નોમાં ફી લીધા વિના માર્ગદર્શન આપે છે. આવા એકાદ હજાર માર્ગદર્શનો તે પૂરાં પાડે છે.

સભ્ય મિલો અને કારખાનાંઓના કર્મચારીઓ માટે અટિરા તરફથી વર્ષે ૧૨ જેટલા તાલીમ કાર્યક્રમો ગોઠવાય છે, જેમાં અંદાજે ૧૫૦ જેટલા કર્મચારીઓને તાલીમ અપાય છે. અહીં તાલીમ પામેલા કર્મચારીઓની સામાન્ય રીતે માંગ સારી હોય છે અને તેમને વેતન પણ વધુ મળે છે. સભ્ય સંસ્થાઓ પોતાના નમૂનાઓ અત્રે ચકાસણી માટે મોકલે છે, જેનું સંપૂર્ણ ટેસ્ટિંગ કરીને રિપોર્ટ મોકલવામાં આવે છે. પ્રતિવર્ષ આવા ૧૧ હજારથી વધુ નમૂનાઓ ચકસાણી માટે આવે છે.

અટિરાએ તેનું એક પ્રાદેશિક કેન્દ્ર ઇન્દોર ખાતે ઊભું કર્યું છે. કેન્દ્ર સરકારની યોજના હેઠળ આ કેન્દ્રને વધુ વિકસાવીને ઊંચી સુવિધાઓવાળા કેન્દ્રમાં ફેરવવામાં આવશે. તે પૂર્ણ થતાં ત્યાંના કાપડ-ઉદ્યોગોની વિવિધ ટેસ્ટિંગ સુવિધાઓ ત્યાંથી જ મળી રહેશે.

કાપડ-ઉદ્યોગને આનુષંગિક રંગાટીકામ, છાપકામ તથા રંગ બનાવતા ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલ માટે હવે અનેક પ્રશ્નો ઊભા થયા છે. તેના નિકાલ પહેલાં તેના માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટો માટે સરકાર અને સમાજનાં દબાણો થયાં છે. અટિરાએ વિવિધ એકમો માટે આવા પ્લાન્ટો ઉપર પણ અભ્યાસ કરી તે માટેની જરૂરી ડિઝાઈનો તૈયાર કરી છે. આમ, ઉદ્યોગોને તેની જરૂરિયાત મુજબના આવા પ્લાન્ટો ઊભા કરી આપવામાં સહાય કરી તે માર્ગદર્શન પૂરું પાડે છે.

અટિરા સંકુલની આસપાસ રહેતા સમાજની પણ સેવા કરવાનું તેણે સ્વૈચ્છિક રીતે સ્વીકાર્યું છે. તેના સંકુલમાં રહેતાં કર્મચારીનાં કુટુમ્બો તેમજ સંસ્થામાં કામ કરતા કર્મચારીગણોએ થોડી અગવડ વેઠીને પણ સંકુલમાંથી પસાર થતો મુખ્ય માર્ગ દિવસ દરમિયાન જાહેર જનતાના વપરાશાર્થે ખુલ્લો રાખવાનું સ્વીકાર્યું છે. આ ઉપરાંત સવારસાંજ ફરવા જનારાઓને સ્વર્ગ સમાન બની રહે તેવી રીતે અટિરા સંકુલે, તેનો બગીચો અને લૉન ફરવા આવનાર માટે ખુલ્લાં રાખ્યાં છે. હજારો લોકો આ સુવિધાઓનો લાભ લે છે. લોકોના સ્વાસ્થ્ય માટે ચાલતી લાફિંગ ક્લબની પ્રવૃત્તિને પણ સંસ્થાના વ્યવસ્થાપકોએ વધાવી છે અને તેના વિકાસમાં સુંદર ફાળો આપ્યો છે. વહેલી સવારે ત્યાં જઈએ તો ત્યાં ફરવા આવતા લોકોના ચહેરા ઉપરનો આનંદ અને ઉલ્લાસ તે બાબતની ખાત્રી આપે છે. આ ઉપરાંત અહીં પાંચ હેક્ટર જમીનમાં નેચર પાર્ક, કચરાના નિકાલ માટે નવી પદ્ધતિ વિકસાવવા તથા બાયોગૅસ જેવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી સ્વચ્છ અમદાવાદ અભિયાનને સહાયરૂપ બનવા પ્રયત્નશીલ છે. આવી સરસ સંસ્થા અમદાવાદ માટે એક આદર્શ સમાન છે.

□

વિલંબ બદલ ક્ષમાયાચના

'કુમાર'નો ફેબ્રુઆરી માસનો 'બચુભાઈ જન્મ શતાબ્દી વિશેષાંક' સામાન્ય અંક કરતાં ચારપાંચ ગણો મોટો હોઈ તેના છાપકામમાં વિલંબ થયો છે. આથી આપને માર્ચ માસનો અંક પ્રથમ મોકલ્યો છે. હવે ટૂંક મુદતમાં ફેબ્રુઆરીનો અંક રવાના થશે. આ વિલંબને નિભાવી લેશો તેવી વિનંતી છે. એપ્રિલનો અંક રાબેતા મુજબ રવાના થશે.

ટેકો

વાસુદેવ સોઢા

એક હાથમાં ધોતિયાનો છેડો, ને બીજા હાથમાં લાકડીનો ટેકો. ટેકેટેકે ચાર પગથિયાં ચડ્યા ત્યાં તો ડુંગર ચડ્યા હોય એટલો થાક રતિભાઈને લાગ્યો. બાજુમાં આવેલા સિમેન્ટના થાંભલાને પીઠ ટેકવીને થોડીવાર ઊભા રહી જવું પડ્યું. ચશમા ઊંચા કરીને ઝાંખપ વળી ગયેલી ભીની આંખને ધોતિયાના છેડાથી કોરી કરી. માથે રહેલી કાળી ટોપી જરા ત્રાંસી થઈ ગયેલી તેને ઠીક કરીને ગોઠવી. ટોપી ગોઠવતાં ખ્યાલ આવ્યો કે ટોપીનો રંગ ઝાંખો પડી ગયો છે, બદલવાની જરૂર છે.

આ પહેલાં પણ આવો વિચાર તેમને આવી ગયેલો. પણ નવી ટોપીમાં જેટલા રૂપિયા નાખે તેમાં થોડા ઉમેરીને નવું ધોતિયું લઈ લીધું હતું. તેથી તેમને થોડી નિરાંત થઈ હતી. 'હાશ, ધોતિયું આવી ગયું... હવે કદાચ બીજું ધોતિયું નહીં ખરીદવું પડે...' ત્યાં તો–

એમની નજર પોતાના જર્જરિત ઝભ્ભા પર પડી. ઝભ્ભાની ચાળ ફાટી ગઈ હતી. ત્યાં સોયદોરાથી હાથે સિલાઈ કરેલી. એ દોરાના ટાંકાને તાકી રહ્યા. મનોમન થોડું હસીને વરવું સત્ય ઉચર્યા હતા... 'હવે આ જિંદગી પણ ઝભ્ભાની જેમ જ...' ને એમણે સામેથી ચાલી આવતી પુત્રી શોભા સામે જોયું.

પુખ્ત ઉંમરમાં પ્રવેશી ચૂકેલી શોભા. તેને પરણાવીને સાસરે વળાવી દે એટલે સંસારનું છેલ્લું કાર્ય પૂરું કર્યાના સંતોષ સાથે જિંદગી આટોપાઈ જાય તો કશો વાંધો નહીં. ને એટલે જ રતિભાઈએ પાઈપૈસો જતન કરીને ભેગો કર્યો હતો. પણ એટલા પૈસે લગ્ન ઉકેલવાં સરળ ન હતાં. આથી જ શોભાનાં લગ્નનાં મુહૂર્ત લંબાયે જતાં હતાં.

આ એક જ ચિંતા તેમને ઘેરી રહેતી હતી. એ ચિંતા જાણે એમના ચહેરા પર જાળું બનીને પથરાઈ ગઈ હોય એમ તેમના ચહેરા પર નાનીમોટી અસંખ્ય રેખાઓ પડી ગઈ હતી. અવસ્થા હતી એટલે વાળ તો ધોળા હતા જ, પણ ચિંતાએ ઘણાખરા વાળ ખેરવી નાખ્યા હતા. માથા પરની ટાલનું રક્ષણ કરવા એ જૂની ટોપીને માથેથી ક્યારેય ઉતારતા નહીં.

ચિંતાની થોડી ક્ષણોને ખાળવા એ રોજ અહીં વાચનાલયમાં આવી પહોંચતા. સાંજનો સમય હોય એટલે વાચકોથી ભીડ ઓછી રહેતી. છાપાં-વિભાગમાં બધાં જ છાપાં ટેબલ પર ઉકરડાની જેમ ઢગલો થઈને પડ્યાં રહેતાં. સવારથી જ એ છાપાં નવાનવા વાંચનારાના હાથમાં ફરીને લોથપોથ થઈ જતાં. ક્યાંકથી ફાટી જતાં. કેટલાક ચોળાઈ જતાં.

પણ રતિભાઈને આ જર્જરિત અને વાસી છાપાં વાંચવાનો આનંદ આવતો. ઘડપણની સંધ્યાની જેમ રાત્રે આ છાપાં સંકેલાઈ જવાનાં. ને સવારે નવાં છાપાં ગોઠવાઈ જવાનાં. પછી કોણ ભાવ પૂછશે આનો?

વિચારોના વંટોળને સંકોરી રતિભાઈ રોજ જે ખુરશી પર બેસતા, ત્યાં આવીને બેઠા. બાજુની ખુરશી ખાલી હતી. રતિભાઈને આશ્ચર્ય થયું. તેમની ઉંમરના જ એક વૃદ્ધ નિયમિત આ જ સમયે આવતા ને એ પણ રતિભાઈની બાજુની ખુરશીમાં જ બેસતા. આજે એ ખુરશી ખાલી કેમ? આ ક્રમ ક્યારેય તૂટ્યો ન હતો. છેલ્લાં બે વર્ષથી સતત આ ક્રમ ચાલુ જ હતો.

બંને વૃદ્ધો આ શાંતિની પળો છાપામાં રહેલા અશાંતિના સમાચારો વાંચીને વિતાવતા.

રતિભાઈએ છાપું હાથમાં લીધું. ચોળાયેલાં છાપાનાં પાનાંને સરખાં કર્યાં. આંખને છાપાના અક્ષરો ઉકેલવા માટે ખેંચી. પણ આજે તેમનું મન લાગ્યું નહીં. એમની નજર વારે વારે પડખેની ખાલી ખુરશી પર જઈને બેસતી હતી.

આજે એ કેમ નહીં આવ્યા હોય? શું બીમાર પડી ગયા હશે? બહારગામ ગયા હશે? શું થયું હશે? રતિભાઈને અકારણ ચિંતા થવા લાગી.

રતિભાઈને થયું કે તેમની ખબર પૂછવી જોઈએ. પણ ક્યાં? કઈ જગ્યાએ? આવડા મોટા શહેરમાં તેમને ક્યાં શોધવા? અને હું તો એનું નામ પણ જાણતો નથી. આ તે કેવું વિચિત્ર! આટલા સમયમાં અમે એકબીજાનું નામ પણ ન પૂછ્યું? એમના રહેઠાણનું સરનામું પણ ન જાણ્યું?

બસ, એકબીજા સાથે દિલથી વાતો કરતા રહ્યા. હૂંફ મેળવતા રહ્યા. વૃદ્ધાવસ્થાની વિપતને વાતથી હડસેલતા રહ્યા. જાણે એકબીજાને એકબીજાનું બંધાણ થઈ ગયું હોય એમ અહીં વાચનાલયમાં આ જ સમયે મળતા રહ્યા.

પણ બંનેએ ક્યારેય ન તો એકબીજાનું નામ પૂછેલું ન કોઈ કૌટુંબિક વાત કરેલી. ન બાલબચ્ચાંની ચર્ચા કરેલી. બંનેએ મનોમન સમજી લીધું હતું કે હવેની બંનેની સ્થિતિ સરખી છે. નિવૃત્તિ - પછી તે નોકરીમાંથી હોય કે ધંધામાંથી હોય.

એકબીજાનું સાંનિધ્ય એટલું પૂરક બની રહેતું કે આ પોણા કલાકનો સથવારો બીજા દિવસની સાંજને બોલાવવાનું બળ આપતો.

રતિભાઈને આજે થયું–એમનું નામ, ઠામ. ઠેકાણું હોત તો? તો એમને મળીને તેમના ખબર-અંતર પૂછત. પણ એવો કશો જ અવકાશ ક્યાં આવ્યો? એવી જરૂર જ નહોતી જણાઈ. ને છતાં બંનેનાં ભીતર એકબીજાની વાતોથી ભીંજાતાં હતાં.

પેલા વૃદ્ધના સફાઈદાર ધોતી, ઝભ્ભો ને બંડી પરથી

રતિભાઈ પામી ગયા હતા કે કોઈ સુખી ઘરના વડીલ હશે. ને હવે સઘળી ચિંતા પોતાના છોકરાઓને ભળાવી દીધી હશે. છતાં કશુંક મેળવવા એ અહીં જરૂર આવતા.

ક્યારેક તેઓ, વાતવાતમાં કહેતા : 'ભાઈ, ઊતરતી અવસ્થાએ બંધાતી મિત્રતા ભારે મીઠી હોય છે. સંસારમાંથી નીકળીને નિવૃત્તિએ પહોંચ્યા પછી તો ખાસ.'

'હા.' રતિભાઈ ટૂંકો જવાબ આપતા.

'આ છાપું વાંચીને ઘડીક થાય છે કે દુનિયામાં આપણે પણ છીએ.' પેલા વૃદ્ધ રતિભાઈ સામે તાકી રહેતા. પછી ઉમેરતા, 'છાપાની દુનિયા પણ એક દુનિયા છે.'

રતિભાઈ તેમની વેદના પકડી શકતા હતા. એકલવાયી જિંદગી સહારો શોધે છે. તે એ વાત સમજતા હતા. જાજરમાન દેખાતા એ વૃદ્ધને પણ કશીક વિપત છે જ.

'ભાઈ, પૈસો સુખ નથી. એ વાત પૈસો એકઠો કર્યા પછી જ કેમ સમજાતી હશે?'

રતિભાઈ પેલા વૃદ્ધને તાકી રહેતા.

રતિભાઈ ક્યારેક છાપામાં આવતા તેલ-ખાંડના ભાવ વાંચીને કણસી ઊઠતા અને તેમના મોંમાંથી હતાશા સરી પડતી. ત્યારે પેલા વૃદ્ધ તેની સામે જોતા : 'શું થયું?'

'જુઓને, તેલના ભાવ? ક્યાં પહોંચ્યા? ચા-ખાંડ પણ...' એ આગળ ન બોલી શકતા. ગળે ડૂમો ભરાઈ જતો. પેલા વૃદ્ધ તેમનો હાથ દબાવતા. હૂંફ મળતી હોય તેવું લાગતું.

એક વખત દહેજના સમાચાર છાપામાં આવેલા. રતિભાઈ તે વાંચીને ગમગીન થઈ ગયેલા. આશા અને કોડભરી કન્યા દહેજના કારણે સાસરિયેથી પાછી વળેલી. ત્યારે રતિભાઈની આંખો વરસી પડી હતી.

'તમારે દીકરી હશે, નહીં?' પેલા વૃદ્ધે પૂછેલું.

'છેને. તે પણ યુવાન. લગ્નને લાયક.' રતિભાઈ આંખો દબાવી બોલ્યા હતા.

પેલા વૃદ્ધ જાણે રતિભાઈની વેદનાને વાગોળતા હોય એમ ઘડીક છાપું એક બાજુ મૂકીને મૌન બની ગયા.

'દીકરો શું કરે છે?' વૃદ્ધે પૂછ્યું.

'નથી.' રતિભાઈએ માથું ધુણાવ્યું.

'સારું છે.' પેલા વૃદ્ધથી અનાયાસે જ બોલાઈ ગયું.

રતિભાઈ ચશ્માના કાચની પાછળ આંખો પહોળી કરીને પેલા વૃદ્ધના ચહેરા સામે તાકી રહ્યા. વૃદ્ધના મોં પર તરવરી રહેલી વેદના ચહેરાની કરચલીઓને ખળભળાવી રહી હતી.

બસ, આટલી જ કૌટુંબિક વાત એક વખત તે બંને વચ્ચે થઈ હતી. ત્યાર પછી ન તો પેલા વૃદ્ધે એ વાત ઉચ્ચારી કે ન રતિભાઈએ.

વાત કરવાની થાય ત્યારે છાપામાંના થોડા સમાચારો વિષે, ક્યારેક દુનિયા વિષે, વધુ આગળ વધીને ક્યારેક કશીક આધ્યાત્મિક વાત છેડી દેતા. એ સિવાય મૌનની ભાષા જ બંનેનાં હૃદયને વધારે જોડતી.

મળતા ત્યારે નજરથી જ મળતા. આંખો હસી ઊઠતી. ચહેરાની કરચલીઓ શાંત થઈને સપાટ થતી. ભીતરમાં કશુંક પામ્યાનું સુખ મળતું. ને પોણા કલાક પછી બંને અબોલ બની એકસાથે જ ખુરશી પરથી ઊભા થતા. ધીમે ધીમે વાચનાલયનો ઉંબરો વટાવતા. દરવાજા સુધી બંને એકબીજાને ઘસાઈને ચાલતા. દરવાજા બહાર એક તરફ થોડી મિનિટો બંને ઊભા રહેતા. શહેરની લાઈટો ઝબકવા લાગે ત્યારે માનો બંનેને છૂટા પડવાનું સિગ્નલ મળી ગયું હોય તેમ ચાલી નીકળતા. વૃદ્ધ ડાબી તરફ ફંટાઈ જતા. ક્યારેક રિક્ષામાં બેસી જતા.

પણ રતિભાઈને લાકડીનો જ સહારો રહેતો. તેઓ રોડની બાજુ પર ઠક્ ઠક્ કરતા અર્ધી કલાકે તેમના વિસામે પહોંચતા. ને ફરી પેલું હૂંફાળું સાંનિધ્ય માણતા.

પણ આજે ન તો પેલા વૃદ્ધ હતા, ન તેમનું સાંનિધ્ય હતું. બધું જ જાણે ખાલીખાલી લાગતું હતું. રોજના સુખદુઃખના સાથી સમા મિત્રની ખુરશી આજે ખાલી હતી. એવા મિત્ર, કે જેના અંતરમાં એ ઊતરી ગયા હતા. છતાં પણ નામ પૂરતો ય પરિચય ન હતો. માથા પરના વાળ, ખોપરીના હાડકાને ઓળખતા હશે? તેને એકબીજાનાં નામોનો પરિચય હશે? ને છતાંય વાળનાં મૂળ છેક ખોપરીને સ્પર્શી જતાં નથી? હૃદયને ધબકારાનો - તેના નામનો - પરિચય હશે? ને છતાંય ધબકારા વિનાનું હૃદય ને હૃદય વિનાના ધબકારા. બંનેમાંથી એકની ગેરહાજરી એટલે બધું ઠપ્પ. બસ, આવી જ કંઈક અજાણી ઓળખાણ હતી એ બંને વચ્ચે.

રતિભાઈ થોડી મિનિટોમાં જ કંટાળી ગયા. એ ઊભા થયા. છાપાંને આઘાં હડસેલ્યાં. આજે એમને છાપાંના સમાચારોમાં રસ ન પડ્યો.

નજર વારે વારે ખાલી ખુરશી તરફ જઈને અટકતી. હળવેથી હાથમાં પકડેલી લાકડીને ટેબલની ધારે ઊભી ગોઠવી. બંને હાથ ખાલી કર્યા. ખાલી હાથે પડખેની ખાલી ખુરશીને સ્પર્શ કર્યો. જાણે એ વૃદ્ધને જ સ્પર્શ કર્યો હોય તેવું લાગ્યું. પણ એ સુખ ક્ષણિક નીવડ્યું. તરત જ ત્યાંથી હાથ હટાવી લીધો. મન બેચેન બની ગયું. આવી બેચેની રતિભાઈએ ક્યારેય અનુભવી ન હતી. યુવાન દીકરીનાં લગ્નની ચિંતા પણ આવી બેચેની જગાડતી ન હતી. હૃદયમાં કશું વલોવાતું લાગ્યું.

એમણે આખા વાચનાલયમાં નજર ફેરવી. રડ્યાખડ્યા કેટલાક વાચકો સામયિકોનાં પાનાં ઉથલાવતા હતા. પવનના ફરફરાટમાં ટેબલ પર પડેલાં છાપાં ને સામયિકોનાં પાનાં ઊડતાં

હતાં.

રતિભાઈને આ ન ગમ્યું. કશું જ ગમતું ન હતું. કશીક અગમ્ય વિહ્વળતાને લીધે તેઓ ઊભા ન રહી શક્યા. લાકડી હાથમાં લીધી. ખાલી ખુરશીને નજર ભરીને જોઈ ને ત્યાંથી એક ડગલું આગળ વધ્યા. ફરી અટક્યા. કોઈક તેમને ખેંચી રહ્યું હોય તેવું લાગ્યું. પણ તેઓ ઝાઝી વાર ત્યાં ઊભા ન રહી શક્યા.

ને તેઓ વાચનાલયના બારણા સુધી પહોંચી ગયા. રોજનો સહવાસ આજ સૂનો પડ્યો. વેદના! કેવી વેદના? એ રતિભાઈ પણ સમજી શકતા ન હતા. આવો અતૂટ સહવાસનો નાતો એમની સાથે કેવી રીતે જોડાયો? ને તે પણ આટલો ગહન! આટલો ઊંડો!

આજે જાણે તે સાવ એકલાઅટૂલા જ લાગ્યા. એક દિવસ તેઓ ન મલ્યા તેનું આટલું દુઃખ? આટલી બધી પીડા?

ના, ના. એમને મળ્યા વિના ચેન નહીં પડે. તેમને હું શોધી કાઢીશ, ગમે ત્યાંથી પણ. કેવી રીતે? આ વિશાળ શહેરમાં તેમને કેમ શોધવા? કોને પૂછવું? નામ તો હોવું જોઈએ ને? નામ હોય તો ઠામ ને ઠેકાણું મળી શકે. ક્યાં શોધવા એમને?

ને એ વાચનાલય છોડીને ધીમે ધીમે પગથિયાં ઊતરવા લાગ્યા. ભારે પગલે દરવાજા બહાર આવ્યા, જ્યાંથી રોજ તેઓ બંને વિખૂટા પડતા હતા, બીજી સાંજે મળવાનું બળ મનમાં બાંધીને જુદા જુદા રસ્તે ફંટાઈ જતા હતા.

પણ આજે તેમનું મન ખાલી ખાલી થઈ ગયું. તેમણે શહેરની ધબકતી નસ જેવી બજારમાં નજર ફેરવી. તેમના આશ્ચર્ય વચ્ચે અત્યારે બજારમાં પણ ટ્રાફિક અટકી ગયો હતો. બજારો સૂની થઈ ગઈ હતી. જાણે સ્વયંભૂ કર્ફ્યૂ લાગી ગયો હતો! બજારમાં ઝળહળતી દુકાનોનાં શટરો ફટોફટ પડી રહ્યાં હતાં. ઘડી પહેલાં ઘોંઘાટ ને ટ્રાફિકથી ઉભરાતી બજાર સાવ નિર્જીવ બની ગઈ.

રતિભાઈ ઝાંખી આંખે તાકી રહ્યા. આજે આ બજારને શું લકવો લાગી ગયો? આવી સ્મશાન જેવી શાંતિ કેમ ફેલાઈ ગઈ?

તેઓ જડવત્ બનીને જોતા રહ્યા. તેમની સમજમાં કંઈ જ આવ્યું નહીં. માણસોની અવરજવર અટકી ગઈ. નહીંતર તો અત્યારે અહીં પગ મૂકવા જેટલી પણ જગ્યા ક્યાં હોય છે? આજે એકાએક કર્ફ્યૂ લાગી ગયો કે શું?

'એ દાદા.' પાછળથી એક ઓળખીતા યુવાનનો અવાજ રતિભાઈના કાને અથડાયો. 'થોડા, સાઈડમાં ઊભા રહો.'

'કાં ભાઈ! કર્ફ્યૂ છે?' રતિભાઈએ પેલા યુવાન સામે જોયું.

'હા. એવું જ. તમને ખબર નથી?'

'શું?'

'આપણા શહેરના મેયર અનિલ દેસાઈને ઓળખો છો?'

'હા' નામથી ઓળખું છું.'

'એમના પિતાજી ઑફ થઈ ગયા છે. તેમની સ્મશાન-યાત્રા નીકળી રહી છે.'

'કોણ?' રતિભાઈની જીભ લથડી.

'પેલા. તમારી પાસે બેસીને દરરોજ સાંજે છાપાં નહોતા વાંચતા?'

રતિભાઈ આગળ સાંભળી ન શક્યા. તેમનો હાથ ધ્રૂજવા લાગ્યો. હાથમાં ટેકારૂપ રાખેલી લાકડી પડી ગઈ. તેઓ ત્યાંથી એક ડગલું પણ ભરી શક્યા નહીં... □

ભૂતની ચોટલી

ધ્યાન કથા

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાને તેમના કેટલાક શિષ્યોએ કહ્યું : 'અમે આજે આપની પાસેથી જાગ્રત, અર્ધજાગ્રત અને અચેતન મન વિશે કંઈક જાણવા માગીએ છીએ.'

'હું તમને જે જવાબ આપું છું એ જાગ્રત મનથી આપું છું, ને મારા જવાબને પણ તમે સવાલ બનાવી દો છો તમારા અર્ધચેતન મનથી... મતલબ કે મને સાંભળવાને નિમિત્તે તમે તમારા સંસારગ્રસ્ત મનને જે અભિપ્રેત છે એને જ સાંભળો છો. એ છે તમારું અર્ધચેતન મન. આચાર અને વિચાર વચ્ચે જે મોટું ગાબડું પડી જાય છે, તેની પાછળ જે મુખ્ય ભાગ ભજવે છે તે છે આ અર્ધચેતન મન...?'

પછી શિષ્યોએ અચેતન મન વિશે પૃચ્છા કરતાં ગુરુ બોલ્યા : 'તમે જે વિચાર કે ભાવનાનો અમલ કરી શકતા નથી, એ વિચાર કે ભાવના અવગતે જઈને ભૂત બનીને તમારા અચેતન મનમાં છુપાઈ જાય છે. ભૂત-વિચારોનું નિવાસસ્થાન એ છે તમારું અચેતન મન. જે તમને તમારી પણ જાણ બહાર આખી જિંદગી ધુણાવતું રહે છે.'

પાછું એક શિષ્યે પૂછ્યું : 'તો આ ભૂતને - અચેતન મનને કેવી રીતે નાથી શકાય?'

હસતા હસતા ગુરુએ જવાબ આપ્યો : 'ભૂતની ચોટલી પકડી, તેને જાહેરમાં લાવીને....'

ફરી શિષ્યે પૂછ્યું : 'પણ આ ભૂતની ચોટલી કેવી રીતે પકડવી?'

ને ગુરુ ઉવાચ : 'બહુ જ સહેલું છે - વર્તમાનની ચોટલી પકડીને!!' □

ગુજરાતમાં અભિલેખવિદ્યાનો આધુનિક વિકાસ

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



ખાવડા (કચ્છ)ના ક્ષત્રપ અભિલેખ

અભિલેખ એટલે કોઈ પણ પદાર્થ પર કોતરેલું લખાણ. એમાં શિલાલેખો, તામ્રપત્રલેખો, ધાતુપ્રતિમાલેખો, સિક્કાલેખો ઇત્યાદિનો સમાવેશ થાય છે. ભારતમાં પ્રાચીન અભિલેખો વાંચી એનું સંપાદન, વિવેચન અને પ્રકાશન કરવાનો આરંભ ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં થયો. એ અભિલેખ ૯મી સદી સુધીના હતા. એની પહેલાંના પ્રાચીન ઐતિહાસિક અભિલેખ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં વંચાયા ને પ્રકાશિત થયા. ગુજરાતના અભિલેખોના સંગ્રહોના પ્રકાશનનાં પગરણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ભાવનગર રાજ્યે કર્યાં. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં કેટલાક અન્ય અભિલેખસંગ્રહ પ્રકાશિત થયા, જેમાં મુંબઈની શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ પ્રકાશિત કરેલા 'ગુજરાતના ઐતિહાસિક લેખો'ના ભાગ ૧ થી ૩ (૧૯૩૩, ૧૯૩૫ અને ૧૯૪૨) ખાસ નોંધપાત્ર છે. કાઠિયાવાડ તથા વડોદરા રાજ્યના અભિલેખોના સંગ્રહ પણ એ અરસામાં જ બહાર પડ્યા. ૧૯૪૭માં ભારતને સ્વાતંત્ર્ય સાંપડ્યું, તે પછી અભિલેખોના સંપાદનમાં તથા અભિલેખસંગ્રહો તેમજ અભિલેખસૂચિઓના પ્રકાશનમાં ગણનાપાત્ર પ્રગતિ થતી રહી છે. વળી, ગુજરાતના અભિલેખોને લગતા કેટલાક અભ્યાસગ્રંથ પણ પ્રકાશિત થયા છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં થયેલી આ વિવિધ પ્રવૃત્તિઓની અહીં સંક્ષિપ્ત સમીક્ષા કરીએ.

ગુજરાત ઇતિહાસ પરિષદે ૧૯૬૦માં ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિની ગ્રંથાવલી તૈયાર કરાવી પ્રકાશિત કરવાનું હાથમાં લીધું ત્યારે તેમાં અભિલેખોની સૂચિઓને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું. આ ગ્રંથશ્રેણીના ખંડ ૨માં ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખે ઈ.સ. ૧૩૦૦ સુધીના અભિલેખો, ખાસ કરીને શિલાલેખો, તામ્રપત્રલેખો વગેરેની સૂચિ તૈયાર કરી ત્યારે તેમાં કુલ ૪૩૯ અભિલેખોને લગતી માહિતી નોંધાઈ. આ ખંડ ૧૯૬૨માં પ્રકાશિત થયો. પછી ડૉ. નવીનચંદ્ર આ. આચાર્યે ઈ.સ. ૧૩૦૦ સુધીના પ્રકાશિત પ્રતિમાલેખોની સૂચિ તૈયાર કરી ત્યારે તેમાં કુલ ૬૬૮ પ્રતિમાલેખોની માહિતી અપાઈ. આ સૂચિ ખંડ ૩ તરીકે ૧૯૬૬માં બહાર પડી. ખંડ ૪ (ઈ.સ. ૧૩૦૧ થી ૧૭૬૦ના શિલાલેખો) અને ખંડ ૫ (ઈ.સ. ૧૩૦૧થી ૧૭૦૦ સુધીના પ્રતિમાલેખો) ડૉ. ઇન્દ્રવદન વિ. ત્રિવેદીએ તૈયાર કર્યા. આ બે ખંડ ૧૯૬૯માં સંયુક્ત સ્વરૂપે પ્રકાશિત કરાયા. એમાંના ખંડ ૪માં ૪૪૩ શિલાલેખોનો અને ખંડ ૫ માં કુલ ૩૬૯૫ પ્રતિમાલેખોની સૂચિ આપેલી છે. આમ, આ ગ્રંથમાલાના પ્રકાશિત ખંડોમાં મુઘલ કાલ સુધીના લાંબા સમયપટને આવરી લેવાયો. પછી ખંડ ૬માં ગુજરાતના ૬૨૩ અરબી-ફારસી શિલાલેખોની સૂચિ ડૉ. ઝિયાઉદ્દીન અ. દેસાઈએ તૈયારી કરી, તેમાં ઈ.સ. ૯૨૦થી ૧૯૫૩ સુધીના લાંબા સમયગાળાને આવરી લીધો. આ ખંડ ૧૯૭૨માં પ્રકાશિત થયો. એ પછીનાં ૨૫ વર્ષોમાં આ ગ્રંથમાલામાં અભિલેખોની કોઈ સૂચિ બહાર પડી નથી! પરંતુ પ્રકાશિત અભિલેખોના સંદર્ભની માહિતી માટે આ સૂચિગ્રંથો ઘણા ઉપયોગી નીવડ્યા છે. મરાઠા, બ્રિટિશ અને સ્વાતંત્ર્યોત્તરકાળને લગતી સૂચિઓ સત્વર તૈયાર કરાવી પરિષદ પ્રકાશિત કરે તેમજ અગાઉ પ્રકાશિત સૂચિઓની પુરવણી પણ તૈયાર કરાવી પ્રકાશિત કરે એ આવશ્યક છે.

હવે શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો જીવ પણ સળવળ્યો. એણે આ લેખકને 'ગુજરાતના ઐતિહાસિક લેખો'ની ગ્રંથમાળાનો ભાગ ૪ તથા ભાગ ૫ તૈયાર કરવાનું સોંપ્યું. અહીં લેખો એટલે અભિલેખો એવું અભિપ્રેત છે. (એ સમયે 'ઇનસ્ક્રિપ્શન' માટે 'ઉત્કીર્ણ લેખ' શબ્દ પ્રયોજાતા. અહીં એમાં 'ઉત્કીર્ણ' શબ્દ અધ્યાહાર રખાયેલો. 'અભિલેખ' શબ્દ એ પછી પ્રચલિત થયો.) ભાગ ચોથામાં સલ્તનતકાળ (ઈ.સ. ૧૩૦૪ થી ૧૫૭૩)ના ૧૧૨

અભિલેખોને એકત્ર તથા વર્ગીકૃત કરી ગ્રંથ રૂપે ૧૯૭૯માં પ્રકાશિત કરાયા. એવી રીતે ભાગ પાંચમાં મુઘલકાળ (ઈ.સ. ૧૫૭૩થી ૧૭૫૭)ના ૧૭૩ અભિલેખોને એકત્રિત કરી વંશવાર વર્ગીકૃત કર્યા છે. ભાગ ૫ ૧૯૮૧માં બહાર પડ્યો. આ ગ્રંથમાળામાં પણ હજી મરાઠા, બ્રિટિશ અને સ્વાતંત્ર્યોત્તરકાળને લગતા ગ્રંથ.બાકી છે તેમજ ગ્રંથ ૧-૩ની પુરવણી પણ આપવાની આવશ્યકતા છે.

દરમિયાન શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈએ સૌરાષ્ટ્રના અરબી-ફારસી અભિલેખોનો સંગ્રહ તૈયાર કર્યો, તે ૧૯૮૦માં પ્રકાશિત થયો.

આ પછી ગુજરાતના અભિલેખો વિશે બે મહત્ત્વના અભ્યાસગ્રંથ બહાર પડ્યા. મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આ લેખકે ૧૯૮૧માં 'ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ' એ વિશે પાંચ વ્યાખ્યાન આપ્યાં. ગુજરાત વિદ્યાપીઠે ૧૯૮૩-૮૪માં એને ગ્રંથરૂપે પ્રગટ કર્યાં. એમાં રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન અભિલેખોના મહત્ત્વની સમીક્ષા કરવામાં આવી છે. સાંસ્કૃતિક ઇતિહાસમાં વિદ્યા, કલા અને સાહિત્ય, સામાજિક અને આર્થિક ઇતિહાસ. ભાષા, લિપિ અને કાલગણનાનો સમાવેશ થાય છે.

૧૯૮૨-૮૫ દરમિયાન ઇન્ડિયન કાઉન્સિલ ઑફ હિસ્ટૉરિકલ રીસર્ચના ફેલો તરીકે આ લેખકે ગુજરાતના પ્રાચીન અભિલેખોના ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયનનો પ્રોજેક્ટ લીધો ને ૧૯૮૯માં ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ દ્વારા એ પુસ્તક રૂપે પ્રકાશિત થયો. એમાં મૌર્યકાલથી ગુપ્તકાલ, મૈત્રક અને અનુ-મૈત્રકકાલ અને ચૌલુક્ય(સોલંકી)કાલના રાજકીય ઇતિહાસને લગતાં ત્રણ અને ધર્મ, વિદ્યા તથા સાહિત્ય, ને કલા અને સ્થાપત્યને લગતાં સાંસ્કૃતિક પાસાં વિશે ત્રણ પ્રકરણ આપવામાં આવ્યાં છે. પુસ્તકના અંતે ૩૯૯ અભિલેખોની વર્ગીકૃત સૂચિ પણ સામેલ કરવામાં આવી છે.

અભિલખોના વાચનમાં પહેલી જરૂર પડે છે લિપિની અને પછી ભાષાની. અભિલેખ જેમ વધુ પ્રાચીન, તેમ તેની લિપિનું સ્વરૂપ વધુ પ્રાચીન. અમુક અક્ષરોના વિલક્ષણ મરોડ અને પડિમાત્રાનો પ્રયોગ સમજી લેતાં મધ્યકાલીન અભિલેખો ઊકલી શકે. પરંતુ એ પહેલાંના પ્રાચીન અભિલેખો વાંચવા માટે, જેમાંથી દેવનાગરી વગેરે અર્વાચીન લિપિઓ ઊતરી આવી છે એ બ્રાહ્મીલિપિના વર્ણોના પ્રાચીન મરોડ જાણવા અનિવાર્ય છે. ભારતીય અભિલેખવિદ્યાના અભ્યાસમાં પ્રાચીન લિપિવિદ્યા એનું એક મહત્ત્વનું અંગ છે. ગુજરાતના અભિલેખોની લિપિના ક્રમિક વિકાસનું અધ્યયન પ્રા. પ્રવીણચંદ્ર ચિ. પરીખે પીએચ.ડી. માટેના



કૃષ્ણરાજનું વડનગરનુ દાનશાસન (વિ.સં. ૧૦૬૯)

શોધપ્રબંધ નિમિત્તે કર્યું. એ પુસ્તકરૂપે ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૭૪માં પ્રકાશિત કર્યું. એનું શીર્ષક છે 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ (ઈ.સ. ૧૫૦૦ સુધી).' એમાં મૌર્યકાલથી માંડીને અનુ-ચૌલુક્યકાલ સુધી ગુજરાતમાં લિપિનાં ક્રમશઃ થયેલાં પરિવર્તનોની વિશદ સમીક્ષા કરવામાં આવી છે. અંતે ૧૬મીથી ૧૯મી સદીનાં પરિવર્તનો તથા ગુજરાતી લિપિના ઉત્તરોત્તર વિકાસની પણ સમીક્ષા કરી છે.

ગુજરાતના અભિલેખોનું સંપાદન તથા પ્રકાશન મુખ્યત્વે ૧૯મી સદીમાં અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં થયું. એ દરમ્યાન સેંકડો શિલાલેખો અને તામ્રપત્રલેખો પ્રકાશિત થયા. પરંતુ તેમ છતાં કેટલા બધા અભિલેખ અપ્રકાશિત રહ્યા છે - ખાસ કરીને પ્રતિમાલેખો, પાળિયાલેખો અને આધુનિક તકતીલેખો! વળી, દર વર્ષે ભૂમિના પેટાળમાંથી કે ખાનગી ઘરના ખૂણાખાંચરાથી કોઈ ને કોઈ પ્રાચીન અભિલેખ પ્રાપ્ત થયા કરે છે, ખાસ કરીને તામ્રપત્રલેખો અર્થાત્ તામ્રપત્રો પર કોતરેલાં દાનશાસનો. સ્વાતંત્ર્યોત્તર કાલમાં ૫ આવા અનેકાનેક અભિલેખ પ્રકાશમાં આવતા રહ્યા છે ને અભિલેખવિદ્યાના નિષ્ણાતો દ્વારા એનું સંપાદન અને પ્રકાશન થતું રહે છે. આ અભિલેખો પરથી ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના અધ્યયન-સંશોધનમાં કેટલીક નવી માહિતી ઉમેરાતી

રહે છે. આ વિષયમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. પ્રવીણચંદ્ર પરીખ અને ડૉ. ભારતીબહેન શેલતનું પ્રદાન ખાસ નોંધપાત્ર છે. ૧૯૯૦ સુધીમાં આ લેખકને ૩૮ પ્રાચીન, ૧૨ મધ્યકાલીન અને ૧૬ અર્વાચીન મળી કુલ ૬૬ અપ્રસિદ્ધ અભિલેખોને સંપાદિત તથા પ્રકાશિત કરવાનું પ્રાપ્ત થયું છે. એને કાલવાર વર્ગીકૃત કરી એ દરેકનો સાર આપતો સંગ્રહ આ લેખકે ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા 'સ્વ-સંપાદિત શિલાલેખો અને તામ્રપત્રો : વિગતો અને વિવેચન' નામે પુસ્તકરૂપે ૧૯૯૧માં પ્રકાશિત કર્યો છે. એમાં સહુથી પ્રાચીન અભિલેખ છે ક્ષત્રપ રાજા રુદ્રદામા ૧લાના સમયનો ખાવડા યષ્ટિલેખ, જે શક વર્ષ ૬૨ (ઈ.સ. ૧૪૦) કે ૭૨ (ઈ.સ. ૧૫૦)નો છે. મૈત્રકકાલનાં તામ્રપત્રોમાં ૧૪ દાનશાસન મૈત્રકવંશના રાજાઓનાં છે, જે વલભી સંવત ૨૦૭ (ઈ.સ. ૫૨૫)થી ૪૨૧ (ઈ.સ. ૭૩૯)નાં છે. આ દાનશાસનો પરથી કેટલાક બૌદ્ધવિહારો અને વહીવટી વિભાગો વિશે નવી માહિતી મળે છે. આમાંનાં ત્રણ દાનશાસન વડનગરમાંથી મળ્યાં છે. સૈન્ધવ રાજા અહિવર્માના આંબળાસ દાનશાસન પરથી એ વંશમાં અહિવાર્મા નામે બે રાજા થયા હોવાનું જાણવા મળે છે. મૈત્રક રાજાઓનાં સોએક તામ્રપત્ર પ્રાપ્ત થયાં છે. દરેકમાં તાંબાનાં બે પતરાં પર દાનશાસન કોતર્યું હોય છે, એ પતરાંને એક છેડે બે કડીઓથી જોડ્યાં હોય છે ને એમાંની એક કડીના સાંધા પર વંશ-સ્થાપક શ્રી ભટક્ક (ભટાર્ક)ના નામની રાજમુદ્રાની છાપ અંકિત કરી હોય છે.

સોલંકીકાલના ૧૪ અભિલેખોમાં ચાર સોલંકી વંશના છે. લાડોલમાંથી મળેલાં બે દાનશાસન મહારાજા કર્ણદેવે તથા (સિદ્ધરાજ) જયસિંહદેવે જૈન વસતિને આપેલાં છે. ચૌલુક્ય રાજા જયસિંહ બીજાના વિ.સં. ૧૨૭૪ના દાનશાસન પરથી એ રાજાના રાજ્યકાલ પર નવો પ્રકાશ પડે છે. આ રાજા 'અભિનવ સિદ્ધરાજ' જયસિંહ બીજો છે, જેને વિ.સં. ૧૨૮૦ના દાનશાસનમાં 'જયન્તસિંહ' કહેલો. સલ્તનતકાલના અભિલેખોમાં ધોળકાની વાવનો વિ.સં. ૧૪૬૬નો શિલાલેખ નોંધપાત્ર છે. મુઘલકાલના અભિલેખોમાં અમદાવાદમાં પાંચકૂવા દરવાજા પાસે આવેલી અમૃતવર્ષિણી વાવનો વિ.સં. ૧૭૭૯નો શિલાલેખ ઉલ્લેખનીય છે, જે અગાઉ 'કુમાર'ના વર્ષ ૪૧ના અંકમાં પ્રકટ થયો હતો. મરાઠાકાલના અભિલેખોમાં અમદાવાદના ત્રણ દરવાજામાંનો ફત્તેહસિંહરાવ ગાયકવાડનો વિ.સં. ૧૮૬૮નો શિલાલેખ નોંધપાત્ર છે. એમાં પિતાની મિલકતના વારસા સંબંધી રાહત ફરમાવવામાં આવી છે. બ્રિટિશકાળના અભિલેખોમાં દ્વારકાના સાત લેખ તેમજ અમદાવાદની પારસી ધર્મશાળાઓ તથા અગિયારીઓના શિલાલેખ અગત્યના ગણાય. અમદાવાદના ગુરુદ્વારાના બે શિલાલેખ સ્વાતંત્ર્યોત્તરકાલના છે, આ સંગ્રહમાંના કેટલાક અભિલેખોના સંપાદનમાં કોઈ ને કોઈ સહ-સંપાદકોનું યોગદાન રહેલું છે.

ગુજરાતના અભિલેખોનો આવો એક સંગ્રહ ડૉ. પ્રવીણચંદ્ર પરીખ અને ડૉ. ભારતીબહેન શેલતે તૈયાર કર્યો છે. 'ગુજરાતના અભિલેખો : સ્વાધ્યાય અને સમીક્ષા' નામે આ સંગ્રહ ૧૯૯૧માં પ્રકાશિત થયો છે. એમાં કુલ ૨૦ અભિલેખોનો સમાવેશ થયો છે. એમાંના આઠ લેખ આ બંને લેખકોએ સંપાદિત કરેલા; એક લેખ પહેલા લેખકે અને ચાર લેખ બીજા લેખકે; અને સાત લેખોના સંપાદનમાં અન્ય સહ-સંપાદક હતા. પ્રાચીનકાલના અભિલેખોમાં સાત લેખ મૈત્રક વંશના છે. ત્રણ તામ્રપત્ર બનાવટી છે. સલ્તનતકાલના અભિલેખોમાં સાંપા, વડવા અને મહેમદાવાદના લેખોનો સમાવેશ થાય છે. મુઘલકાલના અભિલેખોમાં ગાંગડની વાવનો શિલાલેખ નોંધપાત્ર છે. પછીના અભિલેખોમાં અમદાવાદના અજિતનાથ દેરાસરનો, હઠીસિંહ દેરાસરનો અને યહૂદી સેનેગોગનો શિલાલેખ નોંધપાત્ર છે. છેલ્લો અભિલેખ હિબ્રૂ, અંગ્રેજી અને મરાઠી એમ ત્રણ ભાષાઓમાં લખેલો છે. આ સેનેગોગ એ સમસ્ત ગુજરાતમાંનું એકમાત્ર સેનેગોગ (પ્રાર્થનામંદિર) છે. લેખના અંતે યહૂદી કબ્રસ્તાનના અભિલેખોનું ય વિહંગાવલોકન કરવામાં આવ્યું છે.

શ્રી અમૃત વસંત પંડ્યા, શ્રી મણિભાઈ વોરા, શ્રી જયેન્દ્ર નાણાવટી, શ્રી મધુસૂદન ઢાંકી, ડૉ. રમણલાલ મહેતા, શ્રી છોટુભાઈ અત્રિ, શ્રી નરોત્તમ પલાણ, શ્રી લક્ષ્મણભાઈ ભોજક ઇત્યાદિ અનેક અભ્યાસીઓએ ગુજરાતના અન્ય અભિલેખ સંપાદિત તથા પ્રકાશિત કર્યા છે.

જેમ અગાઉ મુનિ જિનવિજયજીએ તૈયાર કરેલા 'પ્રાચીન જૈન લેખસંગ્રહ'ના ભાગ ૨ (૧૯૨૧)માં ગુજરાતનાં અનેક સ્થળોના પ્રતિમાલેખોનો સમાવેશ થયેલો, તેમ મુનિશ્રી વિશાલવિજયજીના 'રાધનપુર પ્રતિમાલેખસંદોહ'માં તેમજ આચાર્ય કંચનસાગરસૂરિના 'શ્રીશત્રુંજય ગિરિરાજ દર્શન અને શિલ્પ સ્થાપત્યકળામાં શ્રી શત્રુંજય' નામે પુસ્તક (૧૯૮૨)માં એ બે સ્થળોના અનેકાનેક પ્રતિમાલેખોનો સમાવેશ થયો છે. ગુજરાતમાં આવાં અન્ય અનેક સ્થળોના પ્રતિમાલેખોના સંપાદન, સંચયન અને પ્રકાશનની જરૂર રહેલી છે. ડૉ. નાગજીભાઈ ભટ્ટીએ સૌરાષ્ટ્ર તથા કચ્છના પાળિયાઓના અધ્યયનમાં અનેક પાળિયાલેખોનો પાઠ આપ્યો છે, તેમ છતાં હજી સેંકડો પાળિયાલેખોના વ્યવસ્થિત સંપાદન તથા પ્રકાશનની આવશ્યકતા રહી છે. એવી રીતે આધુનિકકાળના અનેકાનેક તકતીલેખો તથા શહીદલેખોનું સંપાદન તથા પ્રકાશન કરવું બાકી છે. ખરેખર ગુજરાતના અભિલેખોના સંપાદન-પ્રકાશન ક્ષેત્રે ઘણું કામ થયું છે ને છતાં હજી બીજું ઘણું કામ કરવાનું બાકી રહેલું છે. ઇતિહાસ-પુરાતત્ત્વના અભ્યાસીઓ આ ક્ષેત્રે સક્રિય થાય, તો આ આવશ્યક કાર્ય સત્વર પાર પડે. □

મારું ત્રણ અક્ષરનું નામ

— પ્રફુલ્લ રાવલ —

માત્ર ત્રણ અક્ષરનું મારું નામ મને વળગ્યું છે. બરાબર વળગ્યું છે. હું ઘણીવાર એને વિભક્ત કરવા મથું છું. એના ટુકડા કરવા ઇચ્છું છું. એ દરેક ટુકડાને કોઈક ને કોઈક નદીમાં પધરાવવા ઇચ્છું છું. પણ મારું નામ મને છોડતું નથી. થાકીને બદ્ધ જળમાં હું મારું નામ ડબોળું છું. એ મારા હાથમાંથી સરકીને ક્ષણવારમાં જળના તળિયા સુધી પહોંચી જાય છે. ત્યાં અડકીને પાછું જળની સપાટી પર તરે છે. કશુંક સમજીને કોઈ અજાણ્યું પંખી એને ચાંચમાં લઈને ચાલ્યું જાય છે. હું સહેજ નિરાંત અનુભવું છું. નામ વગરનો હું જળના કાંઠે જઈને બેસું છું. મને અડવું અડવું લાગે છે. કશુંક ખૂટે છે મારામાં. નામ હતું તોય કશુંક ખૂટતું હતું. હવે એના અભાવમાં વધારો થયો છે. ત્યાં પેલું અજાણ્યું પંખી મારું નામ મારા ઉદરમાં મૂકી જાય છે. મને નવો નવો આનંદ થાય છે. હું મારા નામને પંપાળું છું. મારું નામ અવાજ કરે છે. હું એ અવાજ સાંભળું છું. એ કોઈકનો પ્રતિધ્વનિ છે. મને આશ્ચર્ય થાય છે કે મારા નામ સાથે આ કોનો અવાજ ભળી ગયો છે! ઘણીવાર આવું બન્યું છે, પરંતુ આજે આ અવાજ મને કોઈક તૃપ્તિ આપતો લાગે છે. મારી આંતરરુચિને ગમે છે. કોઈ અવનવી ઘટના આકારિત થઈ રહી છે. કશુંક ઊગી રહ્યું છે. હું મારો જ અવાજ સાંભળવાની જિજ્ઞાસા કરું છું. મને એનું દોહદ થાય છે. હું પેલા પંખીને ટહુકો કરું છું. હવે એ પંખી પેલું મટીને મારું પોતાનું થઈ ગયું હોય એવું મને લાગે છે. મને મારો જ ટહુકો પ્રિય લાગે છે. આ ટહુકામાં - અવાજમાં જે અવાજ ભળ્યો તે પેલા પંખીનો છે. આ અવાજ ખરજનો છે. પંખી તો ઊડી ગયું લાગે છે. એનો અવાજ મારા કોમળ અવાજમાં સંક્રાન્ત થઈ ગયો છે. હું અવાજ કર્યા કરું છું. ખરજ અને કોમળના મિશ્રણવાળો પંખીને શોધ્યા કરું છું. મને પંખી જડે છે. એ તો મારી પાસે જ છે. હું એને પંખી માનતો નથી. પણ એ તો...

મને મારો અવાજ સતત સાંભળાય છે. એમાં ભળી ગયેલો અવાજ પણ સતત સંભળાય છે. ક્યારેક બન્ને અવાજ શબ્દના નાના નાના ટુકડામાં વહેંચાઈ જાય છે. એ દરેક શબ્દને એનું વજન છે. એ દરેક શબ્દને એની છાયા છે. એ દરેક શબ્દ પરસ્પર સંબંધ ધરાવે છે. એમને પરસ્પર લગાવ છે. એમને પરસ્પર ખેંચાણ છે. પણ બન્નેની અભિવ્યક્તિ શૂન્ય છે. બન્ને વચ્ચે ઘણો સંવાદ થાય છે. પરંતુ લગાવ-ખેંચાણની વાત એમાંથી બહાર આવતી નથી. એ તો ગોપાયેલી જ રહે છે. ખરજના અવાજનું આશ્ચર્ય છે.

'તું કેમ ચૂપ છે?'
'એમ જ' હું જવાબ વાળું છું.
'જળનું અંધારું તેં જોયું છે?'
'ના.'
'અંધકારને રડતો સાંભળ્યો છે?'
'ના.'
'અવાજનું હૃદય જોયું છે?'
'ના.'
'રાતને તરતી જોઈ છે?'
'ના.'
'ચંદ્રને બળતો જોયો છે?'
'ના.'
'આકાશને ગાતું સાંભળ્યું છે?'
'ના.'
'ધરતી બરાડે છે?'
'ના.'
'અવાજને શબ્દ છે?'
'હા.' 'કેટલા?'
'ગણ્યા નથી.'
'શબ્દને અર્થ છે?'
'હા.' 'કેટલા?'
'ખબર નથી.'
'તારે અવાજ છે? એ અવાજને શબ્દ છે? એ શબ્દને અર્થ છે?'

હું મૌન રહું છું. એટલી વારમાં ખરજનો અવાજ ક્યાંક પલાયન થઈ જાય છે. હવે હું જવાબ કોને વાળું? હુ મૂંઝાઉં છું. રડું છું. મારા ત્રણ અક્ષરના નામને યાદ કરું છું. એ નામને જોવાનો પ્રયત્ન કરું છું. એ નામ એની છાયાને ગુમાવતું જાય છે. મને મારું નામ ઘસાતું લાગે છે. શેષ થતું લાગે છે. એ ક્યાંક પેલા ખરજના અવાજ સાથે તો સરકી નહીં જાય ને? એવી ઊંડી ભીતિ મારામાં ઉદય પામે છે. ધીમે ધીમે ભીતિમાંથી મને કશુંક લાધે છે. મારા નામ પર પેલા ખરજના અવાજનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. હું મારા નામને પકડી રાખું છું. ક્ષણમાં અનુભવું છું કે મારા નામને કશુંક ચોંટ્યું છે. મારા અસ્તિત્વને જે કશુંક વળગ્યું છે. મારા અસ્તિત્વમાં કશુંક સંક્રાન્ત થઈ ગયું છે. અસ્તિત્વને

(અનુસંધાન પૃ. ૩૦૧ પર)

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

કેલ્કેરિયા કાર્બ

હેમેન્દ્ર એ. શાહ

કેલ્કેરિયા કાર્બોનિકા અથવા કેલ્કેરિયા ઓસ્ટ્રિએરમ તરીકે પણ ઓળખાતું આ ઔષધ "હનેમાન"ની અદ્‌ભુત બુદ્ધિશક્તિ અને સમજણનો એક નમૂનો છે. માછલીની છીપના વચ્ચેના પડનો ઉપયોગ કરી આ ઔષધ બનાવવામાં આવે છે.

જે પદાર્થ ઓગળી શકે તેવો નથી તેનો પણ ઉપયોગ કરી તેને શક્તિકૃત કરી એક અત્યંત ઉપયોગી ઔષધ બનાવીને હનેમાને કમાલ કરી છે. સલ્ફર અને લાયકોપોડિયમની સાથે કેલ્કેરિયા કાર્બ તેનાં ઉત્તમ ઔષધોની ત્રિપુટી તરીકે ગણવામાં આવે છે. આ ત્રણે ઔષધો સ્ટાન્ડર્ડ - કલાસિકલ ઔષધો તરીકે વર્ષોથી ખ્યાતિ પામ્યા છે.

દર્દીના ચિહ્નો જોઈને કે. કાર્બ વજન ઘટાડવા માટે પણ આપી શકાય છે.

રૂપાળું પણ અત્યંત જાડું શરીર, પોચી ફૂલેલી ચામડી, ચાલીસ વર્ષ કે તેથી વધુ ઉંમર, ઢીલા નર્વસ ટેમ્પરામેન્ટ વાળી વ્યક્તિ માટે, ખાસ કરીને આવાં ચિહ્નો ધરાવતી સ્ત્રીઓ માટે આ દવા ઘણી ઉપયોગી સાબિત થઈ છે.

ઢોલમ ઢોલ પેટ, પોચા હાથપગ, થોડાક માનસિક શ્રમથી પણ થાકી જવું, વારંવાર શરદીના શિકાર બનવું, વારંવાર ગેસથી પેટ ફૂલી જવું, હાથપગ ઠંડા રહેવા - આવાં ચિહ્નોવાળી વ્યક્તિને કે. કાર્બ આપવાથી ઘણી રાહત થાય છે.

નાકના મસા માટે, ભેજથી તથા પાણીમાં કામ કરવાથી આવેલી બહેરાશ માટે, સૂજેલા ગળા તથા કાકડા માટે, કાનમાંથી નીકળતા પરૂ માટે પણ આ દવા ઘણી ઉપયોગી છે.

કે. કાર્બનો દર્દી, નબળો, મોટા પેટવાળો, થોડા દાદરા ચડે કે થોડું ચાલે તો પણ હાંફ ચડે તેવો અશક્ત હોય છે. આ દર્દીના શરીરના ઘણા ભાગો ઠંડા હોય છે અને ઘણીવાર આખું શરીર ઠંડુ હોય છે. તેનાથી ઠંડી સહેજ પણ સહન થઈ શકતી નથી અને તેને ઠંડીનો સામનો કરવા ઘણાં બધાં કપડાં પહેરવાં પડે છે. તેને ગરમ ખોરાક ખાવો ગમતો નથી પરંતુ કોલ્ડડ્રિંકની ઈચ્છા વારંવાર થાય છે. આ દર્દીને હરસમસામાં બળતરા તથા ચટકા મારતો દુઃખાવો થતો હોય છે.

કે. કાર્બનો દર્દી ખોટા વિચારોમાં તથા ખોટી કલ્પનામાં ખોવાઈ જાય છે. તે એવું માની બેસે છે કે તેનો વ્યાધિ એવો છે કે તે કદી સાજો થઈ શકશે નહીં. પેરેલિસીસમાં પણ આ ઔષધ સારું કામ આવે છે. જમણી બાજુના રોગોમાં આ વિશેષ અસરકારક છે. સવારે ધ્રૂજતો હાથ, દુઃખતો જમણો ખભો, જમણી આંખનો દુઃખાવો, જમણી બાજુનો માથાનો દુઃખાવો વગેરેમાં આ ઔષધ વિશેષ ઝડપથી આરામ આપે છે.

નાની બાબતમાં અતિ ચિંતા, જૂની વાતોને યાદ કરી પોતાની થયેલી ભૂલ માટે વારંવાર પસ્તાવો, જલદીથી ખોટું લાગી જાય, જલ્દીથી ગભરાઈ જાય અને ચિંતાતુર રહે તેવી વ્યક્તિઓ માટે કે. કાર્બ ઘણી ઉપયોગી દવા છે.

કે. કાર્બ.નો દર્દી કબજિયાત હોય ત્યારે વિશેષ સ્ફૂર્તિવાળો હોય છે, આંખમાં દુખાવો, ભૂલકણો સ્વભાવ, શ્રમ-શારીરિક કે માનસિક - કરવાની આળસ, મોંમાં ખાટો સ્વાદ, ખાટા ઓડકાર, ઇંડાં, મીઠું, ગળ્યું ખાવાની તીવ્ર ઇચ્છા ધરાવતો હોય છે.

કોઈ દર્દી પોતાને ગાંડપણ થઈ જશે, પોતાને કોઈ ભયંકર અસાધ્ય રોગનો ચેપ લાગશે, પોતાના ઉપર કોઈ અણધારી આફત આવી પડશે તેવા પ્રકારના વિચારોમાં મગ્ન થઈ ગમગીની અનુભવતો હોય તો તેને કે. કાર્બ આપવી જોઈએ.

કે. કાર્બની ટ્રીટમેન્ટ અનુભવી હોમિયોપાથ પાસે વ્યવસ્થિત લેવામાં આવે તો કોઈ પણ જાતની આડઅસર વગર સ્થૂળતા ઓછી થાય અને વજન ધીમે ધીમે ઘટતું રહે. લગભગ ૬ મહિનાથી દોઢ વર્ષના ગાળામાં ઘણું વજન ઘટાડી શકાય છે, જો થોડું ડાયેટિંગ કરવામાં આવે અને હોમિયોપથી ડૉક્ટરે આપેલી સૂચનાઓનો કડક અમલ કરવામાં આવે તો.

વારંવાર થતી શરદી સામે અને ઊંચા બ્લડ પ્રેસરની તકલીફને દૂર કરવા કે. કાર્બ ઔષધનો ઉપયોગ ઘણો લાભદાયક સાબિત થયેલો છે.

[સુધારો : જાન્યુઆરી-'૯૮ના 'કુમાર'માં હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર'માં શીર્ષકમાં તેમજ લેખમાં ઔષધનું નામ 'ઓરમ મેટાલિકમ' વાંચવું.]

અનુ.] ૩ અક્ષરનું નામ [પૃ. ૩૦૦ થી

આમ પકડી રાખવું સહેલું નથી. એ સતત છટકવા મથે છે. હું પરાણે પકડી રાખું છું મારા નામને, મારા અસ્તિત્વને, એમાં સંક્રાન્ત થયેલી છાયાને. મારે પેલા ખરજના અવાજનું નામ શોધવું છે. એનું અસ્તિત્વ શોધવું છે. એ જ તો સંક્રાન્તિના મૂળમાં છે. પણ અત્યારે હું એમ જ બેઠો છું અંધકારના દ્વિપ પર, અને મને લાગે છે કે ત્રણ અક્ષરનું મારું મને વળગેલું નામ વૃદ્ધિ પામતું જાય છે. એ વધતું જાય છે. વધતું જાય છે અને પછી એક દિવસ એના બે ભાગ થઈ જાય છે. હું ઉત્તર ભાગને મારાથી અલગ કરું છું. જાણે મારા જ અસ્તિત્વના એક ભાગને અલગ કરું છું! મને મારા કરતાં મારામાંથી અલગ પડેલા ઉત્તર ભાગ પ્રતિ વધુ લાગણી જન્મે છે. ભીનું ભીનું વ્હાલ થયાં કરે છે. પરંતુ હજુય હું શોધું છું પેલા ખરજના અવાજનું નામ. એનું અસ્તિત્વ ક્યાં છે? એ ક્યાં હશે?

હવે મારા ત્રણ અક્ષરના નામને એકલું એકલું લાગ્યા કરે છે. □

આવો, શીખીએ અંગ્રેજી (૭)

ધનુભાઈ મહેતા

આગળના પાઠમાં સાદા વર્તમાનકાળના હકારવાચક ગુજરાતી વિધાન વાક્યનું અંગ્રેજી કરવાના નિયમો આપણે શીખ્યા. હવે આ પાઠમાં નકારવાચક અને પ્રશ્નવાક્ય અંગેના નિયમો શીખતાં તેની પૂર્વ ભૂમિકા તરીકે To do (ટુ ડુ-કરવું) ક્રિયાપદ સમજવું પડશે. To do ક્રિયાપદ To be અને To have ક્રિયાપદોની જેમ જ સ્વતંત્ર તેમજ સહાયકારક ક્રિયાપદ એમ બંને રીતે કામ કરે છે. 'To do'નું નકારમાં 'do not' કે 'does not' થાય અને તેનાં ટૂંકાં રૂપ don't (ડોન્ટ) કે doesn't (ડઝન્ટ) થાય છે. અંગ્રેજી નકારવાચક વિધાન વાક્ય કરવા માટે કર્તા અને ક્રિયાપદની વચ્ચે વાક્યના કર્તાના સંદર્ભ પ્રમાણે do not કે does not વાપરીને પછી મૂળ ક્રિયાપદનું 'To' વગરનું રૂપ વાપરવું. વર્તમાન કાળના વાક્યમાં કર્તા ત્રીજો પુરુષ એક વચનમાં હોય ત્યારે જ does વાપરવું અને પછી આવતા ક્રિયાપદને s કે es પ્રત્યય લગાડવો નહિ. ઉદાહરણ રૂપે વાક્યો જોઈએ :

હકારવાચક વિધાનવાક્ય	નકારવાચક વિધાનવાક્ય
હું બધાને ચાહું છું	હું કોઈને ધિક્કારતો નથી
I love all.	I do not hate anyone.
અમે સત્ય બોલીએ છીએ.	અમે અસત્ય બોલતા નથી.
We tell the truth	We do not tell a lie.
તમે તમારું કામ કાળજીપૂર્વક કરો છો.	તમે તમારું કામ બેકાળજી-પૂર્વક કરતા નથી.
You do your work carefully (કેરફુલી-કાળજી-પૂર્વક)	You do not do your work carelessly - (બેકાળજીપૂર્વક)
અચલા સવારે વાંચે છે.	અચલા રાત્રે વાંચતી નથી.
Achala reads in the morning	Achala does not read at night.
પંખીઓ સવારે ઊડે છે.	પંખીઓ રાત્રે ઊડતાં નથી.
Birds fly in the morning. (To fly-ફલાઈ ઊડવું)	Birds do not fly at night.

'હંમેશાં' માટે અંગ્રેજીમાં always (ઓલવેઝ) પણ વપરાય છે અને 'કદી કે કદાપી પણ નહિ' ને માટે 'always'નો વિરોધી શબ્દ 'never' (નેવર) વપરાય છે. પણ એક વાત ખ્યાલમાં રાખજો કે 'never' પછી સહાયકારક ક્રિયાપદ તરીકે 'do' વપરાતું નથી અને કર્તા ત્રીજો પુરુષ એક વચન હોય ત્યારે નિયમ પ્રમાણે ક્રિયાપદને 's' કે 'es' પ્રત્યય લાગે છે. દાખલા તરીકે :

આ ગાડી હંમેશાં સમય-સર દોડે છે.	આ ગાડી કદી મોડી પડતી નથી.
This train always runs on time.	This train never runs late.
તમે હંમેશાં સત્કર્મ કરો છો.	તમે કદી દુષ્કૃત્ય કરતા નથી.
You always do a good deed. (ડીડ-કર્મ)	You never do an evil deed. (ઈવીલ ડીડ-દુષ્કૃત્ય)
આશાવાદી હંમેશાં પ્રસન્ન દેખાય છે.	આશાવાદી કદી અપ્રસન્ન દેખાતો નથી.
An optimist always looks cheerful.	A pessimist never looks gloomy.
(an optimist-ઑપ્ટિમિસ્ટ આશાવાદી, cheerful-ચીઅરફુલ-પ્રસન્ન)	(A pessimist-પેસિમિસ્ટ નિરાશાવાદી, gloomy-ગ્લુમી-અપ્રસન્ન)

જુઓ, વાતવાતમાં તો આપણે કેટલા બધા નવા અંગ્રેજી શબ્દો, નવી વાક્યરચનાઓ શીખી ગયા! નવુંનવું શીખવાનો આનંદ ઓર છે ને? ઓર આનંદ ઓર ઉત્સાહ - તો આવો એ આનંદ-ઉત્સાહનું પ્રેરણાબળ લઈ અંગ્રેજીની કેડીએ આગળ ધપીએ અને સાદા વર્તમાન કાળના ગુજરાતી પ્રશ્નવાક્યનું અંગ્રેજી કેમ કરાય તે શીખીએ. પ્રશ્નવાક્ય બે પ્રકારનાં હોય છે. એક, 'સહાયકારક' ક્રિયાપદથી શરૂ થતાં જેનો 'હા' કે 'ના'માં જવાબ આવે તેવાં. તો બીજાં 'who-હૂ-કોણ', 'what-વ્હોટ-શું', 'why-વ્હાઈ-શા માટે' જેવા પ્રશ્નાર્થસૂચક શબ્દથી શરૂ થતાં પૂરો જવાબ આવે તેવાં.

સાદા વર્તમાનકાળના વિધાનવાક્યનો 'હા' કે 'ના'માં જવાબ મેળવવા 'do' કે 'does' વાપરવું. ત્યાર પછી કર્તા મૂકીને ક્રિયાપદનું 'to' વગરનું મૂળ રૂપ વાપરવું. જેમ કે –

વિધાનવાક્ય	તેનાં પ્રશ્નવાક્ય
ભારતીયો દીવાળી ઊજવે છે.	Do the Indians celebrate Diwali ?
The Indians celebrate Diwali (To celebrate-સેલિબ્રેટ-ઊજવવું)	

તે તેની ફરજ બરાબર બજાવે છે. He does his duty well (વેલ-બરાબર)	Does he do his duty well?

'do' કે 'does' સહાયકારક ક્રિયાપદથી શરૂ થતાં પ્રશ્નવાક્યોનો જવાબ હંમેશાં 'હા' કે 'ના'માં જ આપી શકાય. તે પૂરાં તેમજ ટૂંકાં એમ બન્ને વાક્યમાં આપી શકાય. ઉદાહરણ તરીકે જુઓ :

Do you smoke? (To smoke-સ્મોક-બીડી પીવી)	Yes, I smoke. No, અથવા I don't.
તમારા પિતાજી ચા પીએ છે? Does your father take tea?	Yes, he does. No, અથવા He doesn't.

હવે 'who' 'what' 'when' જેવા પ્રશ્નસૂચક શબ્દ વાપરીને વિધાનવાક્યનો જવાબ મેળવવા પ્રશ્ન કેમ બનાવાય તે શીખીએ. આ બધા પ્રશ્નસૂચક શબ્દોમાં 'who' નિરાળું છે. કારણ કે તે કર્તા તરીકે વપરાય છે. એ સામાન્ય રીતે પ્રશ્નમાં એકવચનમાં વપરાય છે. 'who' એ રીતે નિરાળું છે કે તેની પછી સહાયકારક ક્રિયાપદ વપરાતું નથી, પણ તરત જ ક્રિયાપદ વપરાય છે અને તે પણ સાદા વર્તમાનકાળના ત્રીજા પુરુષ એકવચન પછી વપરાતું 's' કે 'es' પ્રત્યયવાળું. દાખલા તરીકે :

વિધાનવાક્ય	**પ્રશ્નાર્થ વાક્ય**
Girls sing songs.	Who sings songs?

પછી ભલે જવાબમાં 'Girls'-કર્તા ત્રીજાપુરુષ બહુવચનમાં આવે છે તેથી ક્રિયાપદ 'sing' વપરાય. બીજો નમૂનો જોઈએ :

'Lata listens to the Radio.' (to listen to -લિસન-ધ્યાનપૂર્વક સાંભળવું) પ્રશ્ન બનશે - 'Who listens to the radio?'

'who' સિવાયના અન્ય પ્રશ્નસૂચક શબ્દથી પ્રશ્ન બનાવવા માટે વાક્યના પ્રારંભે જે તે પ્રશ્નસૂચક શબ્દ વાપરવો. પછી સહાયકારક ક્રિયાપદ પ્રમાણે 'To do' ક્રિયાપદનું કર્તા પ્રમાણેના સંદર્ભનું રૂપ એટલે કે 'do' અથવા 'does' મૂકીને ક્રિયાપદ વાપરવું. દા.ત.

મારા પિતાજી રોજ સવારે ઈશ્વરની પ્રાર્થના કરે છે. My father prays to God every morning. (To pray to God-ટુ પ્રે ટુ ગૉડ-ઈશ્વરની પ્રાર્થના કરવી.) આ વિધાન વાક્ય પર 'what'થી પ્રશ્ન પૂછવો હોય તો તે આ પ્રમાણે પુછાય. What does your father do evey morning? થોડાંક વધારે ઉદાહરણોથી આ નિયમ વધારે સ્પષ્ટ થશે.

ગુજરાત એક્સપ્રેસ સવારે ૭-૦૦ વાગે અમદાવાદથી મુંબઈ જવા ઊપડે છે.

The Gujarat Express leaves for Bombay from Ahmedabad at 7-00 A.M. ('To leave-ઊપડવું-પ્રયાણ કરવું')

When does the Gujarat Express leave for Bombay from Ahmedabad.?

Kamalini lives in Bombay.

Where does kamalini live? (to live-લિવ-રહેવું, જીવવું)

Malati likes pink colour.

Which colour does Malati like?

He works hard to get a good rank.

Why does he work hard?

વર્તમાનની યાત્રાને પૂર્ણબિંદુ મૂકતા પહેલાં તેના થોડાક વિશિષ્ટ પ્રયોગો પર એક નજર ફેરવી લઈએ. વૈજ્ઞાનિક અને ભૌગોલિક સનાતન સત્યો, કહેવતો એટલે કેproverbs (પ્રોવર્બ્ઝ), વિધાનના સમર્થન માટે ટાંકવામાં આવતા મહાગ્રન્થો, સંતો કે મહાપુરુષોની ઉક્તિઓ સામાન્ય રીતે સાદા વર્તમાનકાળમાં હોય છે.

સનાતન સત્યો - The Universal Truths (યુનિવર્સલ ટ્રુથ્સ) The earth moves round the sun. (to move round-ની આજુબાજુ ફરવું.) Water finds its own level. (to find-ફાઈન્ડ-શોધવું, own-ઓન-પોતાની, level-લેવલ-સપાટી).

કહેવત - All that glitters is not gold. (to glitter-ગ્લિટર-ચળકવું) ચળકે તેટલું સોનું નહિ.

Barking dogs seldom bite. (To bark- બાર્ક-ભસવું, seldom-સેલ્ડમ-ભાગ્યેજ, to bite-બાઈટ-કરડવું) ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે.

મહાન ગ્રન્થો, સંતો, સાહિત્યકારો વગેરેની ઉક્તિઓ :

Lord Krishna says in the Geeta, 'Even the most wicked persons who worship me wholeheartedly become saints in no time.' (ગીતા : અધ્યાય ૯માંના શ્લોક ૩૦-૩૧માં શ્રીકૃષ્ણ કહે છે, 'મહાન દુરાચારીઓ પણ અનન્ય ભાવપૂર્વક મને ભજે છે તો તરત જ તેઓ સાધુ પુરુષ બની જાય છે.' (To worship-વર્શિપ-ભજવું, wicked-વિકેડ-દુષ્ટ, whole heartedly-હોલ હાર્ટેડલી-હૃદયપૂર્વક.)

The Bible says, 'Love thy neighbour as thyself.'

Gandhi says, 'Truth is God.'

Shakespeare says, 'There is good in everything.'

Keats says, 'Beaunty is Truth, truth beaunthy-' વળી, રંગમંચ પરની કોઈ નાટ્યાત્મક ઘટના દર્શાવવા માટે પણ સાદો વર્તમાનકાળ વપરાય છે. તેને અંગ્રેજીમાં The dramatic present - ડ્રામેટિક પ્રેઝન્ટ - કહેવાય છે. દા.ત. 'Here comes ARJUN on the battlefield.' (a battlefield-બેટલફીલ્ડ-રણમેદાન) આ આવે અર્જુન રણમેદાનમાં.

આ ઉપરાંત આપણી ટેવો, ખાસિયતો તથા નજીકના ભવિષ્યમાં કરવાની કે થનારી ઘટના વિષેનું વિધાન પણ સાદા વર્તમાનકાળમાં દર્શાવી શકાય છે. જેમ કે,

'Before going to bed I take a cup of coffee.' (before going to bed - સૂતા પહેલાં) સૂતાં પહેલાં હું કોફી પીઉં છું.

ટેવ દર્શાવવા માટે - નજીકનો ભવિષ્ય દર્શાવવા -

'We leave for Bombay to night.-આજે રાત્રે અમે મુંબઈ જવા ઊપડીએ છીએ.'

આમ, વર્તમાન એ ભૂત અને ભવિષ્ય વચ્ચેની કડી છે. વળી, આપણે જીવીએ છીએ વર્તમાનમાં અને વર્તમાનની ક્ષણે ક્ષણ સત્કાર્યમાં રત રહીને જીવવાની છે. 'Psalm of Life' (સામ ઓફ લાઈફ - જીવનસ્તોત્ર) કાવ્યનો કવિ Longfellow કહે છે : 'Act act in living present.' વર્તમાનમાં જ કાર્ય કરો. એ બોધ પ્રમાણે વર્તમાનની પ્રત્યેક ક્ષણ કાર્યરત રહી જીવંત બનાવવાની છે. આમ, વર્તમાનકાળનું મહત્ત્વ ઘણું જ છે. વર્તમાનના ખભા પર ચઢીને આપણે ભવિષ્યકાળને આંબવાનો છે. માટે વર્તમાનને સબળ બનાવવો પડે અને વર્તમાનની ક્ષણેક્ષણ જીવીએ તો જ તે સબળ બને અને તો પછી આવતી કાલ ('to morrow' - ટુ મોરો) આપણી છે. કહેવત છે ને કે 'વાવો તેવું લણો' 'Reap as you sow.' (to reap-રીપ-લણવું, to sow-સો-વાવવું, as-એઝ-જેવું-તેવું) પણ આ બધું વિવેકપૂર્વક કરવા માટેનું ભાથું. ભૂતકાળ વાગોળવાની પણ મજા છે. 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લહાણું.'

ગઈ કાલ એટલે yesterday. તો ચાલો હવે શીખીએ ગઈ કાલને એટલે કે ભૂતકાળને. (Simple past tense-ને) જે વિધાન વાક્યમાં વીતી ગયેલા પ્રસંગ કે ઘટનાની હકાર કે નકારવાચક વાત કરવામાં આવી હોય તે વાક્યને સાદા ભૂતકાળનું વાક્ય કહેવાય. ગુજરાતીમાં મૂળ ક્રિયાપદના રૂપ નીચે પ્રમાણે થાય છે :

ચાલવું	ચાલ્યો	ચાલી	ચાલ્યું
રમવું	રમ્યો	રમી	રમ્યું
આવવું	આવ્યો	આવી	આવ્યું

ઉદાહરણરૂપ થોડાંક ટૂંકાં વાક્યો જોઈએ :

હું રમ્યો.	અમે રમ્યા.
તું રમ્યો.	તમે રમ્યા.
તે રમ્યો. (નર)	તેઓ રમ્યા.
તે રમી. (નારી)	તેઓ રમ્યાં.
તે રમ્યું. (નાન્યતર)	તેઓ રમ્યાં.

ગુજરાતીમાં ભૂતકાળમાં ત્રણે પુરુષ, વચન અને નર, નારી તથા નાન્યતર જાતિના રૂપ ઉપર પ્રમાણે થાય છે. વાક્યો તપાસતાં તમને માલૂમ પડશે કે તેમાં એકરૂપતા નથી. ગુજરાતીમાં વર્તમાનકાળ સમજવો શીખવો સરળ છે પણ ભૂતકાળ અટપટો છે. તેમાં અનિયમિતતા પણ છે. નીચેના વાક્યો તપાસો :

હું જમ્યો	મેં ખાધું	મેં કાગળ વાંચ્યો
હું ભણ્યો	મેં વાંચ્યું	મેં ચોપડી વાંચી
	મેં લખ્યું	મેં છાપું વાંચ્યું

આમ કાગળ, ચોપડી, છાપું વગેરેની જાતિ પ્રમાણે વાંચ્યો-વાંચી-વાંચ્યું - એ પ્રમાણે રૂપો બને છે, પણ અંગ્રેજીમાં ભૂતકાળ વર્તમાનકાળ જેટલો અટપટો નથી, બલકે સરળ છે. ભૂતકાળના નિયમો શીખીએ.

નિયમ-૧ : સાદા ભૂતકાળના હકારવાચક વિધાન વાક્યમાં ફક્ત બીજા પુરુષ એકવચન સિવાયના પુરુષ અને વચનમાં નિયમિત ક્રિયાપદને 'ed' પ્રત્યય લગાવવો. બીજો પુરુષ કર્તા તરીકે thou હોય તો 'st' લાગે છે. જેમ કે thou lovest. ઉપરના નિયમમાં 'નિયમિત ક્રિયાપદ' શબ્દ આવ્યો તો 'નિયમિત ક્રિયાપદ' કોને કહેવાય તે શીખીએ. જે ક્રિયાપદોને 'ed' પ્રત્યય લગાડવાથી તેનું ભૂતકાળ તથા ભૂતકૃદંતનું રૂપ બને તે નિયમિત ક્રિયાપદો. ભૂતકૃદંત એટલે શું તે કૃદંત શીખતી વખતે સમજીશું. જે ક્રિયાપદો આ નિયમ સ્વીકારતા નથી તે અનિયમિત ક્રિયાપદો. નિયમિત ક્રિયાપદને લગતા ભૂતકાળના નિયમો શીખ્યા બાદ અનિયમિત ક્રિયાપદો સમજીશું. ભૂતકાળ વિષેનો ઉપર નિયમ ૧ શીખ્યા તે વાક્યપ્રયોગો દ્વારા જોઈએ.

અંગ્રેજોએ આપણા દેશ પર ઘણાં વરસો સુધી રાજ્ય કર્યું. The English ruled over our country for many years. (to rule over-રૂલ-રાજ્ય કરવું, country-કન્ટ્રી-દેશ, for many years-ફોર મેની યર્સ-ઘણાં વરસો સુધી.)

ભગતસિંહે દેશ માટે તેનો જાન કુરબાન કર્યો. Bhagatsingh sacrificed his life for the country. (To sacrifice-સેક્રીફાઈસ-કુરબાન કરવું, life-લાઈફ-જાન-જિંદગી-જીવન)

ગાંધીજી બાળકોને ખૂબ ચાહતા. Gandhiji loved children very much.

આ નિયમ વિષે એક વાત ખ્યાલમાં રાખજો કે જો

નિયમિત ક્રિયાપદને છેડે 'e' આવ્યો હોય તો 'ed' પ્રત્યયને બદલે ફક્ત 'd' જ લગાડવો. ઉપરના વાક્યોમાં જોયું તેમ -

To rule-ruled-રુલ્ડ. To sacrifice-sacrificed, To love-loved-લવ્ડ.

નિયમ ૨ : નિયમિત ક્રિયાપદની પાછળ 'વ્યંજન' આવ્યો હોય અને તેની પૂર્વે ફક્ત એક જ સ્વર આવ્યો હોય તો છેલ્લા વ્યંજનને બેવડાવીને 'ed' પ્રત્યય લગાડવો. જેમ કે -

To rub-રબ-ભૂંસવું, ઘસવું	rubbed-રબ્ડ
To worship-વર્શિપ-ભજવું	worshipped-વર્શિપ્ડ
To drop-ડ્રૉપ-પડતું મૂકવું	dropped-ડ્રૉપ્ડ
To travel-ટ્રાવેલ-મુસાફરી કરવી	travelled-ટ્રાવેલ્ડ

પણ જો વ્યંજનની પૂર્વે એક કરતાં વધારે સ્વર આવ્યા હોય તો છેલ્લો વ્યંજન બેવડાવવો નહિ. જેમ કે :

To cheer-ચીઅર-હર્ષનાદ કરવો	cheered-ચીઅર્ડ
To steer-સ્ટીઅર-યાંત્રિક વાહનને નિશ્ચિત માર્ગે ચલાવવું	steered-સ્ટીઅર્ડ
To peep-પીપ-ડોકિયું કરવું	peeped-પીપ્ડ
To befool-બિફૂલ-મૂર્ખ બનાવવું	befooled-બીફૂલ્ડ

નિયમ ૩ : નિયમિત ક્રિયાપદની પાછળ 'y' આવ્યો હોય અને તેની પૂર્વે વ્યંજન આવ્યો હોય તો 'y' નો 'i' કરીને 'ed' પ્રત્યય લગાડવો. જેમ કે –

To try-ટ્રાઈ-પ્રયત્ન કરવો	tried-ટ્રાઈડ
To cry-ક્રાઈ-રડવું, ચીસ પાડવી	cried-ક્રાઈડ
To fry-ફ્રાઈ-તળવું	fried-ફ્રાઈડ

પણ હવે જુઓ -

To play-પ્લે-રમવું	played-પ્લેડ
To stay-સ્ટે-નિવાસ કરવો	stayed-સ્ટેડ

ઉપરનાં દૃષ્ટાંતોમાં 'y'ની પૂર્વે સ્વર આવ્યો છે તેથી છેલ્લો વ્યંજન બેવડાવ્યો નથી. નમૂનાનાં થોડાંક વાક્યો તપાસીએ.

આ મુસાફર બે માઈલ ચાલ્યો. This traveller walked two miles. (a traveller-ટ્રાવેલર-મુસાફર)

પિતાએ ઉડાઉ દીકરાને આવકાર્યો - Father welcomed the prodigal son. (to welcome-વેલકમ-આવકારવું, prodigal-પ્રૉડિગલ-ઉડાઉ).

કરોળિયાએ ફરીફરી પ્રયત્ન કર્યો. The spider tried again and again.

આ બાળક ગઈ કાલે રાત્રે રડ્યું. This child cried last night

અમે ગઈ કાલે ક્રિકેટ ખેલ્યા. We played cricket yesterday.

પ્રસંગપરાગ

આજ કરે સો અબ!

ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શ્રી લલિત દલાલ ત્વરિત નિર્ણયો, અસરકારક કાર્યવાહી અને દુષ્કાળ-રાહત કાર્ય માટે જાણીતા હતા. આ ત્રણે વિશિષ્ટતાઓ દેખાઈ આવે તેવો પ્રસંગ ૧૯૭૫નો.

રાહતકાર્યની વિચારણા માટે દર અઠવાડીએ અમદાવાદમાં મીટિંગ મળે. તેમાં મહેસૂલ ખાતા ઉપરાંત બીજાં સંબંધિત ખાતાંના અધિકારીઓએ પણ હાજરી આપવાની રહેતી. આવી એક મીટિંગમાં જાણ કરવામાં આવી કે કચ્છમાં મોકલાતા ઘાસના ઘણાખરા ખટારા ભૂજ અને પશ્ચિમ-ઉત્તર કચ્છ માટે હોય છે, પણ આખા કચ્છમાં એક જ વે-બ્રીજ ગાંધીધામમાં હોવાથી દરેક ખટારાએ પ્રથમ ગાંધીધામ જઈ, વજનની ખાત્રી કરાવી, ડિલિવરી આપવા ભૂજ અને બીજે જવું પડે છે. એટલે દરેક ખટારાને ૬૦-૭૦ માઈલનું ડીઝલ નકામું બાળવું પડે છે. શ્રી દલાલે સવાલ કર્યો, 'શું થઈ શકે?'

કૃષિ-ઉદ્યોગ નિગમના અધિકારી કહે, 'આપણો એક વે-બ્રીજ અહીં છે તે વેચવાનો છે. તે કામ આપે તેવો છે.'

'ભૂજ મોકલતાં કેટલો સમય જાય?'

'કાલે ડિસમેન્ટલ કરવાનું શરૂ કરીએ, બે દિવસ થાય. પછી રવાના કરીએ તેમાં એક-બે દિવસ. ત્યાં ઊભો કરવાના એક-બે દિવસ. બધું મળીને અઠવાડિયામાં ચાલુ થાય.'

એક મિનિટ વિચાર કરીને શ્રી દલાલ કહે, 'તમારો આ મીટિંગમાં બીજો કોઈ મુદ્દો નથી. હમણાં જ અહીંથી સીધા જાઓ. આજે ડિસમેન્ટલ થાય, કાલે રવાના થાય, ને પરમ દિવસે ભૂજમાં ઊભો કરી દીધાની મને ખબર મળવી જોઈએ. જાઓ.'

તેમ જ થયું. બ્યુરોક્રસીમાં થતા ટીકાપાત્ર વિલંબનો આથી સારો ઉપાય કેવો હોઈ શકે? - કુલીનચંદ્ર યાજ્ઞિક

ગાડી પ્લેટફોર્મ પર આવી. The train stopped on the platform.

લોકોએ તેમના નેતાને હર્ષનાદથી વધાવ્યા. People cheered their leader. (leader-લીડર-નેતા)

બાળકે મીઠું સ્મિત કર્યું. The child smiled sweetly.

તેઓ મોટેથી હસ્યા. They laughed loudly.

આમ, સાદા ભૂતકાળના નિયમિત ક્રિયાપદોને લગતા નિયમો શીખ્યા. ઉદાહરણરૂપ વાક્યો પણ જોયાં. હવે પછીના પાઠમાં ભૂતકાળ વિષે આગળ અનિયમિત ક્રિયાપદો, તેનાં ભૂતકાળ તથા ભૂતકૃદંતનાં રૂપ તથા ભૂતકાળમાં નકાર અને પ્રશ્નવાક્યો કેમ બને તે શીખી ભૂતકાળને પૂર્ણવિરામ મૂકીશું. (ક્રમશઃ)

ઘરગથ્થુ આવિષ્કાર - ૩

આપોઆપ બંધ થતાં બારણાં

રવીન્દ્ર આર. યાદવ

રહેણાકના મકાનમાં ખાસ કરીને બાથરૂમ, જાજરૂ વગેરેનાં બારણાં બંધ રહેવાં આવશ્યક છે. ઘણી સરતચૂકથી કે બાળકો દ્વારા બાથરૂમ કે જાજરૂનાં બારણાં ખુલ્લાં મૂકી દેવામાં આવે છે. ઘરના સુંદર વાતાવરણને તે ગંદું અને અશોભનીય કરવા ઉપરાંત આરોગ્ય માટે હાનિકારક નીવડે છે.

તે જ પ્રમાણે બહાર રસ્તા પર પસાર થતા, અનેક સ્થળોએ જાહેર જાજરૂઓનાં બારણાં લગભગ ખુલ્લાં જ દૃષ્ટિગોચર થાય છે, જે જુગુપ્સા ઉત્પન્ન કરવા ઉપરાંત સ્વચ્છતા અને આરોગ્યની જાળવણીની દૃષ્ટિએ હાનિકારક છે. લોકોમાં સ્વચ્છતા અને સૌંદર્યની અભિરુચિના અભાવે અન્ય ગંદાં દૃશ્યો અવારનવાર જોવા મળે છે. બારણાંને આપોઆપ બંધ કરતાં ઉપકરણો જે 'ડોર ક્લોઝર' તરીકે ઓળખાય છે તે ઘણા કિંમતી હોવા ઉપરાંત તેનો નિભાવ ખૂબ ખર્ચાળ હોઈને અને તે વારંવાર બગડી જતા હોઈને તેનો વપરાશ સીમિત રહેલ છે. માત્ર મોટી વૈભવી કચેરીઓ, હોટેલો કે જેવી કે નાટ્યગૃહો, સિનેમાગૃહો, ઇસ્પતાલો ઇત્યાદિ જાહેર જગ્યાઓએ તે બારણામાં લગાવવામાં આવે છે.

આ લેખ લખનારે આ પરિસ્થિતિનો સરળ ઉકેલ આવે તે માટે તેની સૂઝ, બૌદ્ધિક કૌશલ્ય અને પરિશ્રમથી આપોઆપ બંધ થતાં બારણાંની રચનાનો આવિષ્કાર કરેલ છે અને તેને માટે પેટન્ટ નં. ૧૧૩૯૦૫ મેળવી છે. તદનુસાર પરંપરાગત બારણાંની રચનામાં નાવીન્યપૂર્ણ સહેજ ફેરફાર સૂચવેલ છે, જેના પરિણામે તદ્દન ઓછા ખર્ચે બારણાં આપોઆપ બંધ રહે તેવી કળનું નિર્માણ થયેલ છે. એટલું નહિ, ખર્ચ ઓછો થવા ઉપરાંત, આવાં આપોઆપ બંધ થતાં બારણાં કદી બગડતાં કે ખોટકાતાં નથી. અને તેનો નિભાવખર્ચ શૂન્ય રહે છે; કેમકે આવિષ્કારમાં બારણાં આપોઆપ બંધ થવાની કળ ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્ત પર આધારિત છે.

આવા બારણાની સૂચિત રચના અનુસાર, બારણાની બારસાખની જે બાજુએ મિજાગરાં લગાડવામાં આવે છે તેને સહેજ ઓળંબા બહાર (out of plumb) રાખીને તેમાં બારણું મિજાગરાં વડે લગાડવાનું થાય છે. તેમ થતાં બારસાખની આવી ઊભી બાજુની જાડાઈ, તળિયા કરતાં ટોચ ઉપર સહેજ વધુ રહેશે. અને આ વધારાની જાડાઈને બારણાના ટોચના ભાગે સરભર કરવાની થશે, એટલે કે બારસાખની ટોચની બાજુ ૧" જેટલી વધુ હોય અને જો બારણાની ઉપરની બાજુની લંબાઈ ૩૬" હોય તો તેમાં ૧" ઘટાડી તે ૩૫" કરવાની થાય. અને તે પ્રમાણે બારણાંની મિજાગરાં લગાવાતી બાજુ એક ઇંચ જેટલી ત્રાંસી થાય. આ ફેરફાર કરવાથી સહેજ ઓળંબા બહારની થતી બાજુએ ત્રાંસવાળું બારણું મિજાગરાંથી લગાડાય ત્યારે બારણાની ધરી (Axis) ઓળંબા બહાર થતાં તેના કારણે જ્યારે બારણું ખોલવામાં આવશે ત્યારે તેના વજનને લીધે ગતિશક્તિ (kinetic energy) ઉત્પન્ન થશે અને તેનું દબાણ બારણું બંધ કરવા માટે કારણભૂત થશે. આમ, આવાં બારણાં ખોલીને છોડી દેતા આપમેળે બંધ થઈ જશે. લાકડાની બારસાખ કરતાં લોખંડના એન્ગલમાંથી બનતી બારસાખ માટે આ રચના તદ્દન સહેલી અને બિનખર્ચાળ રહેશે. માત્ર ટોચના આડા બારસાખની લંબાઈ એકાદ ઇંચ ઘટાડીને ઊભી બાજુને જોડવાથી ત્રાંસી બાજુની રચના થઈ શકશે, જેમાં મિજાગરાં વડે બારણું જડવાનું રહે.

ઉપરોક્ત વર્ણવેલ બારણાની રચનાનો સ્પષ્ટ ખ્યાલ આ સાથેની આકૃતિઓમાંથી આવશે.

ઉક્ત આવિષ્કાર અનુસાર તૈયાર કરાયેલ બારણાં ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્ત પર આધારિત હોઈને સતત લાંબા સમય સુધી આપોઆપ બંધ થશે. ત્રાંસી બાજુએ મજબૂતાઈથી મિજાગરાં લગાડવામાં આવે તો કોઈ પણ તકલીફ કે નિભાવ-ખર્ચ વિના દીર્ઘકાલ સુધી તે કાર્યક્ષમ કામગીરી બજાવશે.

ઉક્ત બારણાંની આપોઆપ બંધ થવાની કામગીરી વધુ કાર્યક્ષમ કરવા માટે મિજાગરાંની રચનામાં 'થ્રસ્ટ બેરિંગ'નો ઉપયોગ કરીને બારણાંની બંધ થવાની ક્રિયામાં ઊભા થતા ઘર્ષણને નહિવત્ કરી શકાય છે, જેને પરિણામે મિજાગરાંવાળી બાજુને ઓછામાં ઓછી ઓળંબા બહાર રાખી શકાય અને બારણાં બંધ થવાની ક્રિયાને વધુ કાર્યક્ષમ કરી શકાય.


આ પ્રકારનાં બારણાનાં ફાયદા અને અનુકૂળતાઓ નીચે મુજબ ગણાવી શકાય :

(૧) માત્ર બારણાં બનાવવાની રચનામાં સહેજ ફેરફાર કરતાં, નહિવત્ ખર્ચે આપોઆપ બારણાં બંધ થવાની સવલત કાયમી ધોરણે મળી શકે.

(૨) બારણાંની રચનામાં સ્પ્રિંગ, લીવર કે અન્ય કોઈ પુરજા વપરાતા ન હોઈને, તેનો કંઈ પણ નિભાવખર્ચ થતો નથી.

(૩) બારણાં બંધ થવાની ક્રિયા ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તને આધારે કાર્યાન્વિત થતી હોઈને, ક્રિયા કાયમી ધોરણે કાર્યક્ષમ રહે છે ને તેમાં કંઈ પણ ખરાબી કે બાધા આવતી નથી.

(૪) ખાસ ફાયદો એ છે કે આ પ્રકારનાં બારણાંને લાંબો સમય ખુલ્લાં રાખી શકાય છે અને તેમ છતાં તેની આપોઆપ બંધ થવાની ક્રિયાને કંઈ પણ અસર થતી નથી. જ્યારે



લાકડાનું ચોકઠું   સ્ટીલનું ચોકઠું   ત્રાંસી બાજુવાળું બારણું

'ડોર ક્લોઝર' લગાવેલ બારણાં ખુલ્લાં રાખવાથી તેની કાર્યક્ષમતાને નુકસાન થાય છે કે તે બગડી જાય છે. (ખાસ કરીને ઓઈલ લિક થવાની શક્યતા રહે છે)


(૫) ઉઘાડ-બંધ થવાની ક્રિયા સરળ તેમજ દબાણરહિત થાય છે.

મહાનગરપાલિકા, નગરપાલિકા કે ગ્રામપંચાયતો ખાસ કરીને તેના મારફત બંધાતાં જાહેર જાજરૂ, બાથરૂમ, મૂતરડી જેવાં સ્થાનોમાં આવિષ્કારમાં સૂચવ્યા મુજબનાં આપોઆપ બંધ થતાં બારણાં લગાડે તો સ્વચ્છતા અને જાહેર આરોગ્યના ધોરણમાં એક મહત્ત્વનું સોપાન ઉમેરાશે.

ઉક્ત આવિષ્કાર અંગે પેટન્ટ નં. ૧૧૩૯૦૫ તા. ૩-૧-૬૮થી નોંધાયેલ છે, જે હાલમાં અમલમાં નથી. તેથી કોઈ પણ સામાજિક કે વ્યાપારી સંસ્થા કે વ્યક્તિ તેનો ઉપયોગ મુક્ત રીતે કરી શકે છે. ઉક્ત પ્રકારનાં આપોઆપ બંધ થતાં બારણાં બનાવવામાં જે કોઈ સંસ્થા કે વ્યક્તિને રસ હોય તે ઉપરોક્ત પેટન્ટના સ્પેસિફિકેશન પેટન્ટ ઓફિસ, મુંબઈમાંથી મેળવીને તદનુસારનાં બારણાં બનાવી શકે છે. ઉક્ત આવિષ્કારનો સામાજિક કે વ્યાપારી હેતુ માટે ઉપયોગ કરવા ઇચ્છુક કોઈ પણ સંસ્થા કે વ્યક્તિ, જરૂર લાગે તો, લેખકનો સંપર્ક કરશે તો જરૂરી માહિતી કે માર્ગદર્શન મળી રહેશે. □

'કુમાર'ના ચયનગ્રંથો સંપુટ-૨નું પ્રકાશન

'કુમાર' ચયનલેખોનો સંપુટ-૨ (વાર્તા, કાવ્યો, જીવનચરિત્ર) જે ફેબ્રુઆરી આખરે પ્રકટ થવાનો હતો તે હવે સંજોગવશાત્ એપ્રિલ ૧૯૯૮ની આખરે પ્રકટ થશે અને સહુ આગોતરા ગ્રાહકોને ત્યારે રવાના થશે. આ અસહ્ય વિલંબ બદલ અમે ક્ષમાપ્રાર્થી છીએ. સહુ આગોતરા ગ્રાહકોએ આની નોંધ લેવા વિનંતી છે.



ઍફિલ ટાવર (પૅરિસ)

માનવીની કંઈક નવું કરવાની ભાવનાથી સંસ્કૃતિના વિકાસમાં જુદા જુદા સમયે નવી નવી ક્ષિતિજો વિસ્તરી છે. દુનિયા કાયમ માટે યાદ કરે તેવું કંઈક સર્જનાત્મક કાર્ય કરી જવાની ઇચ્છા પ્રત્યેક કલાકારની હોય છે. જો કે તેમાં કેટલાક જ સફળ થતા હોય છે. આવી જ ભાવના સન ૧૮૩૨માં જન્મેલા ફ્રાન્સના ઇજનેર ઍફિલ ગુસ્તાવમાં હતી અને સન ૧૮૮૭માં તેને તે ભાવના મૂર્તિમંત કરવાની તક પણ મળી.

સન ૧૮૮૯માં પૅરિસમાં યોજાનારા આંતરરાષ્ટ્રિય પ્રદર્શન માટે ફ્રાંસની સરકારને એક એવી ઇમારત તૈયાર કરવી હતી જે સમગ્ર પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર બની રહે. આ ઇમારતની રચના નક્કી કરવા માટે એક હરીફાઈનું આયોજન કરવામાં આવેલું, જેમાં ૧૦૦ કરતાં વધુ સ્થપતિ તથા ઇજનેરોએ ભાગ લીધો હતો. આ બધી કૃતિઓમાંથી આયોજકોને મુખ્યત્વે દશ્ય-અનુભૂતિના હેતુ માટે તૈયાર કરાયેલી ગુસ્તાવ ઍફિલની ટાવરની ડિઝાઈન પસંદ પડી. પાછળથી તેના રચનાકાર ઍફિલના નામથી ઓળખાતા આ ટાવરની રચના માત્ર માળખા જેવી જ હોવાથી તેના માટે પ્રજા તથા કેટલાક આયોજકો તરફથી પણ વિરોધ જાગેલો. અત્યાર સુધી સ્મારકીય ઇમારત પથ્થરમાંથી દળદાર બનાવાતી, જ્યારે આ ટાવરની રચનામાં લોખંડનું માત્ર માળખું બનાવાયું છે. વળી, અત્યાર સુધી સ્મારકીય ઇમારતને સુંદર બનાવવા કોતરણી તથા શિલ્પકામને મહત્ત્વ અપાતું, જ્યારે અહીં તે શક્ય ન હોવાથી મૂળ આકારને જ નયનરમ્ય બનાવાયો છે, ઍફિલ ટાવરની રચનામાં આમ સ્મારકીય ઇમારતની સમજ તથા ઓળખ બદલાઈ ગઈ. તેથી જ જ્યારે આ ટાવર બંધાયેલો ત્યારે ઘણાં લોકો તેને 'પૅરિસની કમનસીબી' લેખતાં, પરંતુ પાછળથી આ જ ટાવર પૅરિસની ઓળખ બની ગયો.

આશરે ૩૦૦ મીટર ઊંચો આ ટાવર સ્થાપત્યનો પૂર્ણ તક્નિકી અભિગમપૂર્વક બનાવાયેલ ઉલ્લેખનીય નમૂનો છે. મુખ્યત્વે રોટ પ્રકારના ઢાળી શકાય તેવા લોખંડમાંથી લેટીસ ટ્રસની રચનાના સિદ્ધાંત મુજબ બનાવાયેલ આ ઇમારતમાં પોતાનું વજન તથા પવન-બળ ઝીલી શકે તેવી રચના કરવી મહત્ત્વની હતી. આ માટે ઍફિલને જટીલ ઇજનેરી ગણતરીઓ કરવી પડી હતી. લેટીસ ટ્રસ આમ તો દ્વિપરિમાણીય રચના છે. પરંતુ જે રીતે બધાં ટ્રસ એકબીજા સાથે જોડાઈને ભેગા થાય છે તેનાથી ત્રિપરિમાણીય ટાવર રચાય છે. લેટીસ ટ્રસમાં વપરાયેલા લોખંડના જુદા જુદા આકારના રોલ્ડ સેક્સન્સનો ઉપયોગ આ પહેલાં ઍફિલે પોતે ડિઝાઈન કરેલા પુલની રચનામાં કરેલો હોવાથી આ ટાવરમાં તે સેક્સન્સનો ઉપયોગ વધુ ઇજનેરી અભિગમપૂર્વકનો રહ્યો છે.

આ ઇમારતમાં નીચે ચોરસ ક્ષેત્રમાં પ્રસરેલ ચાર પાયલોન ઉપર જતાં એક ટાવરમાં રૂપાંતરિત થાય છે. તેની ટોચે એક રેસ્ટોરાં છે, જ્યાં પહોંચવા કેટલીક ઊંચાઈ સુધી દાદર તથા બાકીની ઊંચાઈએ લિફ્ટ છે. નીચેના ચાર પાયલોનને જોડતી કમાન માત્ર દશ્ય-અનુભૂતિ માટે બનાવાઈ છે, જેને ટાવર બની ગયા પછી પાછળથી ઉમેરાઈ હતી.

આ ટાવર તત્કાલીન સ્થાપત્યનું સૌથી ઊંચું બાંધકામ હતું, જેની ઊંચાઈ ગીઝાના પિરામિડ કરતાં લગભગ બમણી હતી. આ ટાવરમાં પ્રયોજાયેલ બાંધકામની વિશિષ્ટ તકનિકને કારણે ટૂંકા ગાળામાં તથા તેટલી ઊંચાઈની ઇમારત બાંધવા માટેની શક્ય વૈકલ્પિક તકનિકના પ્રયોજનથી થનારા સંભવિત ખર્ચ કરતાં ઘણા ઓછા ખર્ચે તેનું બાંધકામ શક્ય બન્યું હતું. અને તે માટે માનવબળની જરૂરિયાત પણ ઓછી રહી હતી. સન ૧૯૩૦માં ન્યૂ યૉર્કમાં ક્રીસ્ટર બિલ્ડિંગ બન્યું ત્યાં સુધી ઍફિલ ટાવર વિશ્વની સૌથી ઊંચી ઇમારત હતી.

ઍફિલ ટાવરને સ્થાપત્ય કરતાં ઇજનેરી ક્ષેત્રનું સીમાચિહ્ન ગણવું વધુ યોગ્ય ગણાય. તે છતાં પણ તેની રચનાથી સ્થાપત્યની ક્ષિતિજો વિસ્તરી હોવાથી સ્થાપત્યના ઇતિહાસમાં તેની નોંધ જરૂરથી લેવાય છે. દ્વિપરિમાણીય રચનાઓ દ્વારા ત્રિપરિમાણીય માળખું બનાવી, દશ્ય અનુભૂતિમાં સમૃદ્ધ "સ્પેસ ફ્રેમ" બનાવવાનો માનવીનો આ પ્રથમ ઉલ્લેખનીય પ્રયાસ હતો. □

[**ભૂલસુધાર** : જાન્યુઆરી ૧૯૯૮ના અંકમાં 'તાજમહાલ' લેખમાં બીજા ફકરામાં 'કમાડ'ને સ્થાને 'ફસાડ' વાંચવું, અને બીજા કોલમમાં 'સંયમિતતા'ને સ્થાને 'સમિતિયતા' વાંચવું.]

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ભીમપાઉડર, નઝરૂલ ગીતિ અને ફૂટબૉલ

તા. ૧૧-૯-૮૭ : કૉલેજ શિક્ષકોની હડતાળ સમેટાઈ ગઈ છે અને અહીં કૅમ્પસ ગાજતું થઈ ગયું છે. જોકે પૂજાની રજા નજીક આવતી જાય છે તેની અસર પણ દેખાય છે. ગામમાં ક્યાં ક્યાં સાડીઓના સેલ છે તે ગેસ્ટહાઉસમાં બેઠાં બેઠાં પણ મને ખબર પડે છે. સ્ટાફ ક્વાર્ટર્સ અને ૩ મોટી લેડીઝ હૉસ્ટેલ પણ આ તારાબાગ કૅમ્પસ ઉપર છે એટલે ગામના સેલવાળાને એ લોકોમાં રસ છે અને રોજેરોજ સાઈકલ રિક્ષામાં માઈક્રોફોન મૂકીને થતી સાડીસેલની જાહેરાત સાંભળવા મળે છે.

અંગ્રેજી મૂળાક્ષર 'V' ના ઉચ્ચારણ અંગે આપણી ભાષાઓમાં ઘણા મતભેદ છે : ગુજરાતીમાં વી, મરાઠીમાં વ્હિ અને બંગાળીમાં ભી. બંગાળી વાંચતાં શીખ્યો પછી ભીંત ઉપરનો સ્લોગન વાંચી તો લઉં પણ સમજવાં મુશ્કેલ પડે. એક સ્લોગન હતું, સાધન બોઝ કે ભોટ દિન. આ કયા ભોટની વાત હશે? પણ પછી ખબર પડી કે બંગાળી ભોટ એટલે ગુજરાતી વોટ! શરૂઆતના મારા અહીંના દિવસોની વાત છે. કામવાળીએ વાસણ માંજવાનો પાઉડર માગ્યો. એટલે મેં અમારા પ્રોફેસર બૅનર્જીને પૂછ્યું કે કયો પાઉડર બજારમાં મળશે. તો તેણે કહ્યું, 'ભીમ પાઉડર.' હું સમજ્યો કે અહીં કોઈ સ્થાનિક કંપની ભીમછાપ પાઉડર વેચતી હશે. પણ પ્રો. બૅનર્જી આ ઉચ્ચારભેદથી જાગૃત હશે એટલે એમણે તરત જ કહ્યું, 'ભી આઈ એમ'. અને ત્યારે મને ખબર પડી કે આ તો વીમ પાઉડરની વાત છે. બસ તરત જ 'સાધન બોઝ કે ભોટ દિન'ની પણ સમજ પડી ગઈ અને અહીંનો ટાઈપીસ 'હોમી ભાભા રોડ' ટાઈપ કરતાં ભાભાનો સ્પેલિંગ **Bhava** કેમ કરે છે તે પણ સમજાઈ ગયું!

૧૮-૯-૮૭ : વર્ધમાનથી લખાતો આ છેલ્લો પત્ર છે. આવતે અઠવાડિયે તો અમદાવાદ પહોંચી જાઉં છું. અહીં સવારના સાત પહેલાં તો મારા કામ પર બેસી જાઉં છું. પાસે રેડીઓ વગડતો હોય છે. અહીં કલકત્તાનાં બે સ્ટેશન તથા બંગલાદેશનાં ઢાકા અને ખુલના સ્ટેશન સરળતાથી રેડીઓ ઉપર આવે છે. એટલે સવારના ૬-૦૦ વાગ્યાથી ૧૦-૦૦ વાગ્યા સુધી તમને કોઈ ને કોઈ સ્ટેશનથી સુગમ સંગીત મળ્યા જ કરે. બંગાળમાં સુગમ સંગીતના ત્રણ પ્રકાર છે. એક તો લોકગીતિ (લોકગીતો) બીજું રવીન્દ્ર સંગીત. આ બન્નેથી તો આપણે પરિચિત છીએ. પણ ત્રીજો પ્રકાર 'નઝરૂલ ગીતિ' છે. નઝરૂલ ઈસ્લામ બંગાળી ભાષાનો મોટો કવિ થઈ ગયો. તેનું થોડાં વર્ષો પહેલાં જ અવસાન થયું અને તે સમયે આ પત્રોમાં તેનો ઉલ્લેખ પણ કરેલો. અને ૧૯૪૦-૪૧ના ગાળામાં અમે લલકારતા તે ગીત-'ચોલ ચોલ રે નવ જવાન'નો પણ ઉલ્લેખ કરેલો. આ નઝરૂલ ઈસ્લામે લખેલાં ગીતો તે 'નઝરૂલ ગીતિ'માં પ્રસારિત થાય છે. તેણે એટલાં બધાં ગીતો લખ્યાં છે કે પશ્ચિમ બંગાળ ને બંગલાદેશનાં બધાં રેડીઓ સ્ટેશનો અને ટી.વી. સ્ટેશનો રોજનાં બે, ત્રણ ગીતો પ્રસારિત કરે તોયે તમને નવાં નવાં ગીતો જ સાંભળવા મળે. એક જ કવિનાં ગીતો આમજનતામાં આટલો બધો આદર મેળવે તે બંગાળી સંસ્કૃતિની વિશેષતા છે. આપણે ત્યાં કલાપી અને બોટાદકર એવા કવિઓ હતા જેની કવિતા સામાન્ય જનને લલકારવી ગમે. પણ જો અમદાવાદ અને રાજકોટ રેડીઓ સ્ટેશન રોજ કલાપીની ગઝલો કે બોટાદકરનાં ગીતો પ્રસારિત કરવા માંડે તો આ કાર્યક્રમ ઝાઝા દિવસ ચાલે નહિ, કારણ કે એક તો એટલાં બધાં ગીતો જ મળે નહિ અને બીજું ગુજરાતી શ્રોતાને તે ફાવે નહિ!!

બંગાળની બીજી વિશેષતા તે ફૂટબૉલની રમત છે. શહેરમાં ગલીએ ગલીએ ફૂટબૉલ રમાતો જોવા મળે. કૉલેજ-શાળામાં તો રમાય પણ ઑફિસો કે કારખાનાંઓમાં પણ ફૂટબૉલ ટીમ હોય. જુલાઈ, ઑગસ્ટ, સપ્ટેમ્બર, ફૂટબૉલની સીઝન ગણાય છે અને વરસતે વરસાદે રમવાની ખાસ મજા ગણાય છે. ગુજરાતમાં ક્રિકેટ માટે જે વલણ દેખાય છે તેના કરતાં આ તદ્દન જુદું જ છે. આપણને સ્થાનિક ક્રિકેટ મૅચોમાં રસ નથી. પરદેશી ટીમ આવી હોય તો જ રેડીઓ કે ટીવી ઉપર કે ટિકિટ ખર્ચીને તે મૅચ જોઈએ. પણ ગુજરાત કૉલેજના મેદાન ઉપર રમાતી સ્થાનિક મૅચોમાં આપણને જરાય રસ હોતો નથી. જ્યારે અહીં નાનીમોટી દરેક મચમાં જનતા રસ લે છે અને સ્થાનિક મૅચોની બંગાળીમાં રનિંગ કૉમેન્ટરી લગભગ રોજ બપોરે રેડીઓ ઉપર ચાલતી હોય છે. તેમાંયે જ્યારે બે મજબૂત ટીમો રમવાની હોય (ઈસ્ટ બેંગાલ ક્લબ અને મોહન બાગાન ક્લબની ટીમો આવી મજબૂત ટીમો ગણાય છે) ત્યારે તો આ કૉમેન્ટરી સાંભળવા કે ટીવી ઉપર મૅચ જોવાની એટલી જ આતુરતા જોવા મળે છે. અહીં ટી.વી. કાર્યક્રમોમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ બંગાળી કે હિન્દી ફિલ્મ જેટલો જ ઈસ્ટ બેંગાલ અને મોહન બાગાન વચ્ચેની ફૂટબૉલ

મેચનો કાર્યક્રમ લોકપ્રિય ગણાય છે.

વિજ્ઞાન અકાદમીનો ફેલો

તા. ૧-૧૦-૮૭ : હા, તો બર્દવાન (વર્ધમાન)ની યાત્રા પૂરી કરી આવી ગયો છું. વર્ધમાનનું આમંત્રણ આવ્યું ત્યારે મનમાં થોડી દુવિધા હતી. ખાસ કરીને તો એ વાતની કે આ ઉંમરે ત્રણ મહિના એકલું રહેવું ફાવશે કે નહિ. પણ સાથેસાથે જ એક સજ્જડ દલીલ મનમાં ઊઠી. ભારતની બર્દવાન યુનિવર્સિટીને બદલે અમેરિકાની કોઈ અજાણી 'બુદુઓન' યુનિવર્સિટીમાંથી આમંત્રણ મળ્યું હોત તો આવા બધા વિચાર કરત! તો, તો ઝટપટ આમંત્રણ સ્વીકારી લેત. બસ, તરત જ બર્દવાન યુનિવર્સિટીનું આમંત્રણ સ્વીકારી લીધું. અને હોંશથી ત્યાંના રીસર્ચ સ્કોલરોને ૩૫ પાઠોનો એક આખો અભ્યાસક્રમ ભણાવ્યો. અને આખા ભૌતિક-વિજ્ઞાન (Physics) વિભાગનો પ્રેમ સંપાદન કરી તે પ્રેમના પ્રતીક રૂપે પેન-સેટ તથા ટાગોરની 'ગીતાંજલિ'ની ભેટ સ્વીકારી પાછો આવ્યો. 'આ ઉંમરે'વાળો ઉંમરનો ખાસ વાંધો આવ્યો નહિ. ઊલટું ત્યાં રહે એક નવીન દલીલ સૂઝી. મારી તથા મારાં પત્ની બન્નેની ઉંમર તો મોટી થતી આવે છે. બેમાંથી એક જણને તો એકલાં રહેવાનો વારો આવશે. તો પછી તેની આ પ્રેક્ટિસ થાય તેમાં ખોટું શું?

તા. ૧૧-૧૦-૮૭ : એક સમાચાર લખી દઉં. ભારત સરકાર માન્ય વિજ્ઞાન ઍકેડેમીએ મને તેનો ફેલો બનાવ્યો છે. સરકારે જેમ સાહિત્ય અકાદમી, સંગીતનાટ્ય અકાદમી રચી છે તેવી એક વિજ્ઞાનની અકાદમી Indian National Science Academy છે. એક બીજી બિનસરકારી ઍકેડેમી છે : Indian Academi of Science જે સી.વી. રામને સ્થાપેલી છે. તેનો તો હું ૧૯૭૪થી ફેલો છું. પણ સરકારી ઍકેડેમીની ફેલોશિપમાં થોડો ભાગ ઓળખાણ લાગવગનો પણ ખરો. એટલે ભારતનો આ દેશી 'ડાક્ટર' પી.સી. વૈદ્ય તેમની નજરે જલદી ન ચઢે તે સમજાય તેવું છે. પણ થયું એવું કે મારા અને પ્રોફેસર રાયચૌધરીના માનમાં એક પુસ્તક "Random Walk in General Relativity" પ્રકાશિત થયું. તેમાં યુરોપ, અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોના વિજ્ઞાનીઓના લેખો છપાયા ત્યારે સરકારી ઍકેડેમીવાળાઓને થયું કે આ વૈદ્ય અને રાયચૌધરીને ફેલો નહિ બનાવીએ તો આપણી આબરૂ જશે! એટલે ગયે વર્ષે રાયચૌધરીને ફેલો બનાવ્યા અને આ વર્ષે મને! ઍકેડેમીની ફેલોશિપના ઘણખરા લાભ ફેલોની ૭૦ વર્ષની ઉંમર સુધી મળે છે અને મને અત્યારે ૭૦ની ઉંમરમાં ચાર માસ બાકી છે!! □

— લઘુકથા —

કિસ્મતની યારી

— મનસુખ સલ્લા —

અભિજિતે ચાનો કપ નીચે મૂકી દીધો. છાપું જાણે એની આંખમાં ચોંટી ગયું - "કાનપુરમાં ટોકિઝમાં આગ... ૬૦ ભડથું... નાસભાગમાં ૩૨ જણ ચગદાઈ મર્યા, અનેક ઘાયલ... 'કિસ્મત' ફિલ્મના પહેલા શોમાં અકસ્માત..."

જાણે માથામાં હથોડો વાગ્યો હોય તેમ તેના મગજમાં ધડાકો થઈ ગયો. તેણે બૂમ પાડવા પ્રયત્ન કર્યો, પણ ઝટ અવાજ ન નીકળ્યો. તે મહાપરાણે બૂમ પાડી શક્યો, 'પપ્પા...!' તેને પોતાનો અવાજ નવો લાગ્યો.

પપ્પા ચુંગી પીતાં પીતાં હાથમાં અંગ્રેજી છાપા સાથે ડાઈનિંગ ટેબલ પાસે આવ્યા. અભિજિતના નૂર ઊડી ગયેલા ચહેરાને જોઈ રહ્યા.

"પપ્પા, 'કિસ્મત'ને અકસ્માત...આ...!" કહી તેણે છાપું ઊંચું કર્યું.

પપ્પાએ શાંતિથી કહ્યું, 'મેં અંગ્રેજી અખબારમાં વાંચ્યું. બધું વિગતે આવ્યું છે... બીચારા, કમનસીબ!'

'પપ્પા, હવે...? આ...આ!'

'મેં ફોન કરી દીધો છે.'

'કોને? શાનો ફોન?'

'એકસ્ટ્રા બસો પ્રિન્ટ કાઢવાનો.'

'પપ્પા, થીએટર સાથે આપણું પણ બધું સ્વાહા થઈ ગયું. ફિલ્મ ડૂબી ગઈ સમજો. અને તમે એકસ્ટ્રા બસો પ્રિન્ટ કઢાવો છો?'

'જો અભિજિત! આ ફિલ્મ બનાવી ત્યારથી મને ઊંચી આશા હતી. તેનાં ગીતોએ ધૂમ મચાવી હતી. શો પહેલાં જ ગ્રાઉન્ડ બંધાઈ ગયું હતું. પણ તેનાથી જેટલો વકરો થાત તેના કરતાં ત્રણ ગણો હવે થશે.'

'પપ્પા, તમે શું કહો છો? તમે વકરાની વાત કરો છો? આપણા પૈસા સમૂળગા ડૂબી ગયા!'

"ધંધામાં લોકમાનસની પરખ હોવી જોઈએ. કાનપુરના આ અકસ્માતને કારણે.જ લોકો 'કિસ્મત' જોવા આવશે, દરેક શહેરમાં ટોળાં ઊમટશે. ત્રણ ગણો વકરો થવાનો જ."

'પણ... પણ જે નિર્દોષ માર્યાં ગયાં તે?'

'દરેક મૃતકના કુટુંબ માટે આપણા તરફથી દસ દસ હજારની મદદની જાહેરાત કરી છે.'

અભિજિતનું મોં પહોળું રહી ગયું. તે પપ્પાને જોઈ રહ્યો.

'મૃતકોને મદદ આપવાની પબ્લિસિટી બરાબર થાય તેની કાળજી લેજે. આપણે તો ફિલ્મમાંથી જ કમાવું છે ને? 'કિસ્મત' આપણને તો યારી જ આપી ગઈને!' કહી પપ્પાએ ચુંગીમાંથી રાખ એવી રીતે ખંખેરી જાણે આ કાયમની ઘટના હોય. □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૮)



— જયન્તીલાલ મહેતા

આ જ સમયગાળા દરમિયાન મુનશીએ કૉંગ્રેસી રાજકારણ છોડ્યું હતું. તેમને નાતાલની રજાઓમાં મોંઘી હૉટેલોમાં મળતા, ખાતા, પીતા, ઠરાવો કરી છૂટા પડતા આ સોફિસ્ટિકેટેડ કોન્ગ્રેસીઓમાં રસ રહ્યો ન હતો. અને લીલાવતી મુનશી તો ગાંધીજીનાં આશ્રમવાસી પણ થઈ આવેલાં એટલે તેમને પણ આવા ધનિકોના રાજકારણમાં રસ રહ્યો નહોતો. આથી મુનશીએ ૧૯૨૨માં કૉંગ્રેસ છોડી, અને 'સ્વપ્નસિદ્ધિની શોધ'માં તે લખે છે : "... કૉંગ્રેસ છોડ્યા પછી મેં રાજકારણને તિલાંજલિ આપી હતી. ૧૯૨૨થી હું સાહિત્યસેવામાં પડ્યો હતો... અમારું ભાવિ તો વિલાયત સફરમાં જ સમાઈ ગયું લાગ્યું. અજબ રીતે લક્ષ્મી અને લીલા બંને સંપૂર્ણ સ્નેહ અને વિશ્વાસથી વર્તતાં. હું માત્ર સાહિત્ય દ્વારા મારી વિહ્વળના વ્યક્ત કરતો. 'ગુજરાતનો નાથ'ની મંજરીની કાલ્પનિક શબ્દપ્રતિમા છે. 'રાજાધિરાજ'ની મંજરીની પ્રતિમા જીવતી સ્ત્રીને ઘાટે ઘડાયેલી છે. અને આ જ અરસામાં મેં 'અવિભક્ત આત્મા' નાટક લખવા માંડ્યું હતું. એમાં અનાયાસ અમારી ભાવના, અમારા આશયો, અમારા નાનામોટા મતભેદો અને જગતના દારુણ કોપનું ચિત્ર છે. ઘણી વખત અમે એકબીજાંને 'વસિષ્ઠ' અને 'અરુંધતી'ને નામે સંબોધતાં... જીજીમા, લક્ષ્મી અને નિકટનું મિત્રમંડળ સ્પષ્ટ રીતે અમારો પ્રણય જોઈ શકતું. પણ તેને ગાંડા સાહિત્યકારનો મનોરોગ માની બધાં સહી લેતાં. બહારનાં તો બધાં માની જ બેઠેલાં કે અમે અધમાચારી છીએ...

"... મેં જ્યારથી સાહિત્ય સંસદ સ્થાપી ત્યારથી 'ગુજરાતી' પત્રે સિંહાવલોકનની કટારોમાં મારા પર ટીકા કરવા માંડી હતી... આમ અમારી મૈત્રીની આસપાસ એક રસનું વર્તુળ બની ગયું. અને જેમણે જીવનમાં પ્રણય અનુભવ્યો નહોતો તેમના મોંમાં પાણી આવ્યાં. એ જ અરસામાં 'સિંહાવલોકન'માં એક જાણીતા ગીતનું વિકૃત સ્વરૂપ એવી રીતે પ્રગટ થયું કે જેથી ગુજરાતમાં અમારી ખૂબ ચેષ્ટા થઈ. એક મુરબ્બી મિત્રને મારે રોજ મળવું પડતું. તેમની વિકૃત રસવૃત્તિ એવી ઉત્તેજાઈ હતી કે એમણે દરરોજ કાંઈ ને કાંઈ ઘા કરવા માંડ્યા. હોઠ પર હોઠ બીડી, મૂંગા મોંએ હું એ ઘા સહન કરી રહ્યો. આ વેદનાનું દર્શન 'અવિભક્ત આત્મા'માં જડશે. પણ થોડાક સ્નેહાળ મિત્રોએ મને ઉદારતાથી સહી લીધો. મણિલાલ નાણાવટી સૉલિસિટર અને તેમનાં સદ્‌ગત પત્ની બાબીબહેન, મંગળ દેસાઈ અને તેનાં પત્ની લીલાબેન આજે મુંબઈના પંતપ્રધાન બાળાસાહેબ (બી.જી. ખેર) આ બધાં મારા તરફ સહોદર જેવી પ્રીત રાખતાં. કાંઈક અંશે મારા લીધે, કંઈક અંશે લીલાના ગુણોને લીધે. એને આ બધાંએ અમારા મંડળના અંગ તરીકે સ્વીકારી લીધી હતી... જગત વેરી હતું, ત્યારે આ ત્રણ મિત્રોની લીલી છાંયનો ઉપકાર હું કેમ ભૂલું?

આ 'અવિભક્ત આત્મા'ઓની સ્નેહગાંઠ અતૂટ અને અખંડ બને છે મુનશી-ત્રિપુટીની યુરોપયાત્રામાં. 'સ્વપ્નસિદ્ધિની શોધમાં'થી થોડું વાંચીએ : "... વર્ષોનાં નિયમન છતાં હું સ્વૈરવિહારી હતો. એટલે આ મુસાફરીમાં હું નિશાળમાંથી નાસી છૂટતાં વિદ્યાર્થીનો પરમ આનંદ ભોગવવા લાગ્યો. પ્રણયે આ અનુભવને મેઘધનુષ્યના રંગ દીધા હતા. યુરોપનો મોહ તો હતો જ. એના સાહિત્યસ્વામીઓએ મારી કલ્પના અને કલાદૃષ્ટિ સમૃદ્ધ કર્યાં હતાં... થોડા મહિના માટે સંવાદી આત્મા સાથે સહજીવન.. મારી અનુભવશક્તિ અને રસવૃત્તિ અતિ સૂક્ષ્મ થઈ ગઈ હતી અને ગદ્યગીતમાં રોજ પરિણમતી... ત્યાં વાયુ મદમત્ત થઈ વાતો; ત્યાં ફીણના પ્રવાહમાં રંગના મેઘધનુષ્યો દેખાતાં; ત્યાં સ્વર્ગનું પ્રોત્સાહક વાતાવરણ પ્રસરતું. ઘણી વખત હું ત્યાં ઊભો રહેતો ને અવર્ણનીય આહ્‌લાદ મારી રગેરગમાં પ્રસરતો... નેપલ્સ ને બાધામાં જ મારા જીવનની ધન્ય પળો મેં ગાળી. ભૂતકાળ નહોતો- ભવિષ્ય પણ નહોતું, માત્ર વર્તમાન હતું. સંગીત લહેરાવતા ચંડોળ સમો હું ઉલ્લાસમય બની રહ્યો. તે જ ક્ષણે મને વિચાર આવ્યો કે હું અસલ સ્વરૂપે 'પગાન' હતો- સૌંદર્ય અને શક્તિનો પૂજારી... બીજે દહાડે ફાધર ટાઈબર(નદી)નાં દર્શન કર્યાં. છેક બાળપણમાં 'હૉરેશ્યસ'ની કવિતા ગોખેલી ત્યારથી તેનો પરિચય હતો. ત્યાંથી પીટરના દેવાલયમાં ગયાં. તેનું સ્થાપત્ય જોઈ સૌંદર્ય અને ભવ્યતા વચ્ચેનો ભેદ સમજાયો... ઈ.સ. પૂર્વેની સજીવતાની બે અદ્‌ભુત કલાકૃતિઓ મેં ધરાઈ ધરાઈને જોઈ : એક ફિડિયાસની રચેલી 'ઘોડા કેળવનાર'ની અને બીજી જગતવિખ્યાત 'લાઉકુન'ની... ફોરમથી વેટીકન-પોપના મહાલય - સુધી બધાં ઐતિહાસિક સ્થળો જોયાં ત્યારે રોમન સલ્તનતનો ખ્યાલ આવ્યો. સીઝર જગતસ્વામી

હતો અને જગદ્‌ગુરુ હતો. ફોરમમાંથી સત્તાનો ધોધ નીકળ્યો... શેલીની કબર જોવા ગયા ત્યારે ઇતિહાસમાંથી હું ભૂતલ પર આવ્યો. એ તો મારો પ્રેરક અને ગુરુ. પ્રણયધર્મમાં મારા બાળ હૃદયને પ્રણયોર્મિઓ પર ઝુલાવ્યું હતું, આજે પણ એ વડે ઝૂલતું હતું. એની કબર પરનાં ફૂલોને સંઘરી લીધાં. એપીપ્સાઈકિડિયન'ની બે પંક્તિઓ યાદ હતી તે હું બોલ્યો... શેલીની માફક હું પણ પ્રણયતૃષાએ તરફડતો મરવાનો?... ૨૫મીએ શેલીનું કાવ્ય 'એપીપ્સાઈકિડિયન' વાંચતા અમે ફ્લોરેન્સ આવ્યાં. આ તો રોમિયો ને જુલિયેટની ભૂમિ. અહીં મહાકવિ દાન્તેએ બીએટ્રીસને જીવનભર ઝંખેલી. ચિત્રકલાના જગદ્‌ગુરુ માઈકલ એન્જેલોએ અહીંયાં સરસતાની સિદ્ધિ કરેલી; સર્વગ્રાહી સર્જકત્તાના સ્વામી લીઓનાર્દો દા વીંચીએ અગમ્ય સ્ત્રીત્વની મૂર્તિ ('ગીઓકોન્ડા' નામનું જગવિખ્યાત ચિત્ર) અહીંયાં ચીતરેલી, રસગુરુ ગોથેએ અહીંયાં જ નવજીવન પ્રાપ્ત કરેલું. શેલીએ પણ અહીંયાં જ પ્રણયોલ્લાસ અનુભવેલો... ફ્લોરેન્સ મારે મન પ્રણયનું પાટનગર હતું..."

- અને સમય કોને માટે રોકાયો છે? મુનશી, લીલા, લક્ષ્મીની યાત્રા આગળ ચાલે છે : "... પારીસ જતાં હું જાણે પૂર્વાશ્રમના વિહારસ્થાનમાં જતો હોઉં એમ લાગ્યું. અહીંની શેરીઓમાં એસ્મેરલ્ડા નૃત્ય કરતી હતી; નોત્રીદામમાં કોસી મોટો ઘંટ વગાડતો હતો; માર્ગોટે અહીંયાં રાજવંશી લંપટતાની પરાકાષ્ઠા માણી હતી. અને કેથેરાઈમ મેડીસીએ સત્તાને ખાતર ઝેર દીધાં હતાં. અહીંયાં દાતન્યા કીર્તિ મેળવવા આવેલો ને રીશેલ્યુએ કાવાદાવ કરી ફ્રેન્ચ રાષ્ટ્ર એક કરેલું; અહીંયાં બેલ્સેમોએ જગતને 'છેતરેલું તે મેરી આંત્વીનેતનો હાર ચોરાયેલો. અહીંયા મોન્ટી ક્રીસ્ટોએ વેરીઓ પર વેર લીધેલું. જગદ્વિમોચનના સંગ્રામરૂપ ફ્રેન્ચ વિપ્લવની આ રંગભૂમિ. અહીંયાં મીરાબો, દાંતાં, ને રોબેસ્પીયરના વાગ્પાટવે યુરોપને ધ્રુજાવેલું. અને નેપોલિયનનું - જેની નાનીમોટી વીગતો મારે હૈયે લખાઈ છે - તેનું આ પાટનગર... હોટલ દેઝાવિદ્સ જ્યાં નેપોલિયનની કબર છે ત્યાં ગયા. મેં તો માત્ર પ્રણિપાત કરવાનું જ બાકી રાખ્યું. આ માનવકેસરીને મેં હૃદયથી જ અંજલિ આપી...

"૨૭મીએ લંડન પહોંચ્યા... લંડન ખર્ચાળ, અંધારિયું, વાદળિયું અને ઢંગધડા વગરનું - મુંબઈ જેવું... લંડનમાં નાટકો ખૂબ જોયાં. ખરું જોતાં ત્યાં એ જ મોજ કરી. ઇંગ્લન્ડના ઓપેરા તો નિર્જીવ, પણ સામાજિક નાટકોએ મને મુગ્ધ કર્યો. બંને નાટક એ જ કલાનું સર્વાંગ સુંદર સ્વરૂપ છે એ મારી માન્યતાને સમર્થન મળ્યું. સ્ટ્રેટફોર્ડ ઓન એવન (શેક્સ્પીઅરની જન્મભૂમિ) કંઈક પ્રેરણા મળી... કલા ને સુખના સમાગમથી વિલાસ ઉદ્‌ભવે છે. વિલાસમાંથી સુખ જાય અને કલામયતામાંથી ભાવના જાય ત્યારે જે અધમ વિલાસવૃત્તિ રહે તેવું મહામંદિર તે મોન્ટે કાર્લો... બીજે દહાડે હિંદ આવવા નીકળ્યા. લીલા વિફરેલી વાઘણની માફક સ્ટીમર પર એકલી ફરતી હતી.

".... મુંબઈથી નીકળ્યાં ત્યાંથી પેરિસ આવ્યા સુધી તો અમે ખાસી મોજ કરી. પણ પેરીસમાં મુંબઈના મિત્રો મળ્યા અને ઘરની ખબર આવી એટલે લક્ષ્મીને છોકરાંની ચિંતા થવા લાગી. સાથે એના હૃદયમાં જબરો ભય પેઠો. એણે માન્યું હતું કે વધારે પરિચયથી હું લીલાની મૈત્રીથી કંટાળી જઈશ. અને એ મનમોજીલી છે એટલે મારી મૈત્રી છોડી દેશે. પણ જેમ અમારી મૈત્રી ગાઢ થતી એ જોતી ગઈ તેમ એની આશા જતી રહી. પેરીસમાં એણે એક દિવસ એક પદના શબ્દો ફેરવી એના હૃદયના ભાવો વ્યક્ત કર્યા :

કાનુડે ન જાણી મારી પ્રીત, આવી પડ્યું સહેજ સહેવું;
પ્રીતની આશાએ રહેવું, અજબ એ પ્રીતની રીત-

આ કવિતા મેં વાંચી. એનું દુઃખ જોઈ હું પણ રડ્યો. એ પણ ખૂબ રડી. અમે એકબીજાંને વળગી રાત ગાળી - જાણે સાથે રહેવાથી ડૂબતાં બચીએ... ત્રિકોણ થતાં જ વેદનાનો સંચાર થયો હતો. પ્રણયના આવેશમાં હું માનતો કે યોગસૂત્રોના ઉપયોગથી આ ત્રિકોણાત્મક પરિસ્થિતિમાં કોઈએ નહીં કાઢ્યો તેવો સરળ રસ્તો કાઢી શકીશ. આ મારી મૂર્ખાઈ હતી. ત્યારે હું માનતો કે પ્રણયને સાહિત્યસહ ધર્મચાર અને કલ્પનામાં રાખી શકીશ અને દામ્પત્યજીવનને હતું તેવું અણીશુદ્ધ પણ રાખીશ...

"ઓક્ટોબરની રજામાં મેં સંકલ્પ કર્યો કે લક્ષ્મીને છૂટાછેડા થાય કે મારે સંસાર છોડી ચાંદોદ પાસે માલસર જઈ રહેવું. તે વખતનો લીલાનો એક પત્ર છે : '... તેં મારે સારું શું શું કર્યું છે અને કેટલું સહ્યું છે. મારી પાસે એનો હજારમો ભાગ પણ આપવાનો નથી. મારી પાસે સત્તા નથી. હોંશિયારી નથી, કામ કરવાની ને તને મદદરૂપ થવાની શક્તિ નથી. ઘરતી કે બહારની જિંદગીની આવડત નથી... એક વખત મેં તને કહ્યું હતું તેમ પોતે પણ ડૂબું અને સાથે બીજાને ડુબાડું એવી છું... મને માફ કરશે?

"અમારું ત્રણેનું દુઃખ કહ્યું જાય એમ ન હતું. પણ એથી હું વધારે ગૂંગળાતો. મારો સ્વભાવ વગર બોલે ગૂંગળાવા સર્જાયો ન હતો. પણ આ દુઃખ કોને કહું? ધંધો ને સાહિત્ય; બ્રહ્મરાક્ષસ જોડે યુદ્ધ ને કર્તવ્ય; બે પરમભક્ત એવી સ્ત્રીઓના મારું દુઃખ દૂર કરવાના પ્રયત્નો. અને એ બંનેનું દુઃખ ઓછું કરવાનાં મારાં ફાંફાં - આ બધાં વચ્ચે હું ગાંડા જેવો થઈ ગયો. હું લીલા પાસે બેઠો હોઉં તો ચિત્ત તલસતે નયને વાટ જોતી લક્ષ્મી પાસે હોય. હું લક્ષ્મી જોડે બેઠો હોઉં તો વગર બોલે કચરાઈ રહેલી લીલાનો

વિચાર આવે. 'શાશ્વત ત્રિકોણ'ની ઘણી વાતો મેં વાંચી હતી. પણ આવો ત્રિકોણી પ્રણય કદી મેં કલ્પ્યો ન હતો. અજગરની માફક એ અમને ત્રણે જણને ચૂડમાં જકડી રહ્યો હતો. ત્રણેમાંથી કોઈ બીજાની પાસે આવી શકતું ન હતું. ને ન એકબીજાંથી દૂર ખસી શકતું હતું. લીલા ને હું તો આકળા પત્રો દ્વારા આક્રંદ કરી ગૂંગળામણ કાઢતાં. લક્ષ્મી તો ભવ્ય કારુણ્યમૂર્તિ - ઠરી ગયેલાં અશ્રુબિંદુની બની હતી.. મુંબઈ આવ્યા પછી મને જીતવાની લક્ષ્મીની આશા મરી ગઈ. એણે ફરિયાદ કરવાનું છોડી દીધું. સાથે ફરવા જવાની કે વાતો કરવા બેસવાની ના પાડી... લક્ષ્મી ભક્તિની પરમ ભૂમિકાથી ચળતી નહીં. એ ફરિયાદ નહોતી કરતી. અદેખાઈ તો દ્વેષ થાય તો એ દેખાડતી નહી..."

અને આખરે આ અસહ્ય વેદના તે અનર્ગત દુખનો ઉપાય વિધાતા જ કરે છે. 'સ્વપ્નસિદ્ધિની શોધ' બોલે છે : "...લક્ષ્મીને કસુવાવડ થઈ ગઈ. બેત્રણ દહાડામાં એને સુવારોગ આવ્યો. મારે પગે ઊછળતો. એનો એક પગ સૂઝી ગયો. આઠમે દહાડે એ બેભાન થઈ ગઈ. જીજીમા ખડેપગે ચાકરી કરતાં... મારો અવાજ અને મારા સ્પર્શ બે જ એના જીવનની તાંત થઈ રહ્યાં. બાકીનો એનો સંસાર વિલુપ્ત થઈ ગયો...' ત્રણેક દહાડા પછી એણે દેહ છોડ્યો. (ફેબ્રુઆરી ૧૯૨૪માં)...

"... મારા માટે કારમો સંદેશો મૂકી ગઈ. કોઈ વાર મુસાફરીમાં હશે કે પછીથી એક ઉદ્‌ગાર લખી એણે સાચવી રાખ્યો. અને એમાં શેલીની કબર પરથી ફૂલ વીણીને મેં એને આપ્યું હતું તે સાચવી રાખ્યું હતું.

વહાલા સાગરરાજ,

તારે તીરે આવી તેં મને શાંત કરી. મને નમાલી કરી મારા હાથ ભાંગી નાખ્યા. વહાલા, વિચાર, તારે સારુ જનમતા મને કેટલી પીડા પડી હશે? અચળ પર્વતને ફાડી હું બહાર આવી. પહાડને ફોડ્યો તેથી તેણે મને જમીન પર પછાડી. તેની પણ મેં દરકાર કરી નહીં. અને તેટલા જ વેગથી તારી પાસે આવવા દોડવા માંડ્યું. રસ્તામાં ઊગેલા નાના છોડવાઓ મેં ઘસડી નાખ્યા. તેનાં ફૂલ પણ ન રહેવા દીધાં. રસ્તામાં આવતા માણસો પણ મેં માર્યા... જે નડ્યું તેને આઘું કરી હું તારી પાસે આવી. પણ, સાગરરાજ, તું તો શાંત રહ્યો. એક વાર પણ તારું ઊછળતું મોજું તેં મારા પર ન નાખ્યું. એક વાર પણ પ્રેમથી દોડી મારા તરફ તારું મોજું મોકલ્યું હોત તો તે સંભારી પડી હેત. વહાલા, તારે મારું પાણી જોવું હતું?

"... હું પાણીનો જોનાર કોણ? પાણી તો એ સતી-શિરોમણિ બતાવી ગઈ.

મનસા વાચા કર્મણા યથા રામં સમર્ચયે
તથા મે માધવી દેવી વિવરં દાતુમ્ અર્હતિ.

મન, વચન અને કર્મથી જો મેં રામનું સદા અર્ચન કર્યું હોય તો હે પૃથ્વી માતા, મને માર્ગ દે (તારામાં સમાવી લે) - આ વચન માત્ર સીતાએ ઉચ્ચાર્યું હતું એમ નહોતું. આ કલિયુગની સ્ત્રીએ કરી બતાવ્યું હતું. એનો વિચાર આવતાં હું પૂજ્યભાવથી વિહ્‌વળ બનું છું. એના આત્મસમર્પણની કથા જેવી અદ્‌ભુત કથા મને જગતમાં બીજી જડી નથી..."

અને પછી તે કાળના બ્રહ્મસમાજનું ચિત્રણ ચીતરતાં પૈસાદાર વિધુરને પોતાની કન્યા પરણાવવા જાતજાતના પેંતરા ઘડતાં સમાજભીરુ લુચ્ચા જ્ઞાતિજનો તથા બીજી જ્ઞાતિના લોકોની પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે અને બધાંને ફરી પરણવાની ના પાડ્યા કરે છે. એટલે છેવટે જીજીમા આવી પૂછે છે : "... 'ભાઈ, આ લોકો માંગા લાવીને મારો જીવ ખાય છે. તું પરણવાનો નથી જ ને?' હું હસ્યો : 'તમે જાણો છો, બા, હું પરણવાનો નથી.' 'તો ભાઈ ઈશ્વર સારાં વાનાં કરશે. મને લીલાબેન બહુ ગમે છે. હું છોકરાં સંભાળીશ. મારા છતાં એ મોટાં થઈ જશે.' આવું કહેતી એ અદ્‌ભુત માતા જીજીમાએ પુત્રની સ્ત્રીમિત્રને પુત્રી બનાવી દીધી હતી. એ તો જનેતા હતી - મારી અને મારા સર્વસ્વની... તે જ દહાડે લીલા ઉપર આવી. લક્ષ્મી ગયે હું વિધુર થયો. હવે મને મળવું તેનાથી દુર્લભ થઈ પડ્યું હતું :

" 'હવે આપણી મુશ્કેલીઓ વધી ગઈ. હવે આપણે બહુ મળીશું તો જગત તમને ફાડી ખાશે. હું હવે પત્નીવિહોણો થઈ ગયો.'

લીલા હસી : 'ગાંડા થયા છો? હવે હું તમારી ને અતિબહેનનાં છોકરાંની; એ હવે મારાં છોકરાં.'

'પણ તમે કરશો શું?'

'મેં નિશ્ચય કર્યો છે. હું બાલાને પંચગની નિશાળમાં મૂકી દઉં. ત્યાં એ સારી સોબતમાં સુધરશે. અને તમે રજામાં મહાબળેશ્વર જવાના છો ત્યાં તમારી પરોણી થઈ હું થોડા દહાડા રહેવાની છું.'

'અરે, પણ તમારું શું થશે? જગત શું કહેશે?'

'મારે જગત નથી. મારે માત્ર તમે જ છો.'

'ધારો કે મને કાંઈ થયું. તો જગત તમને ટકવા નહિ દે'

'જ્યારે તમે નહીં હો તો ત્યારે હું હોઈશ તો ને?'

આ ઉદાત્ત સ્ત્રીના સમર્પણ આગળ હું ક્ષુદ્ર હતો."

અને આમ ૧૯૨૪માં અતિલક્ષ્મીનું અવસાન થયું ત્યારે ૩૭ વર્ષના મુનશીને સરલા, જગદીશ, લતા, ઉષા અને કલ્પલતા પાંચ સંતાનો હતાં. અને લીલાવતી શેઠને એક પુત્રી હતી, બાલા નામે. અને આ બાલા વિષે કે લીલાવતી શેઠના પ્રથમ પતિ વિષે 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' વીગતવાર વાતો નથી. વચ્ચે વચ્ચે

(અનુસંધાન પૃ. ૩૧૫ ઉપર)

સ્થિર નદી, સરતાં નીર

તરલ, સરલ જગત

પ્રીતિ સેનગુપ્તા

મહાસરિત યાંગ્ત્સેનાં છલછલ થતાં જળ પર 'મારી' સરસ નવી નૌકા સરકી રહી છે. થોડાં વર્ષો પહેલાં કરેલી દક્ષિણ ધ્રુવ-પ્રદેશ 'ઍન્ટાર્કિટકા'ની સાગર-યાત્રાનું સ્મરણ મને થાય છે. પ્રત્યેક દિવસ આકાશ કેટલું ભૂરું અને સ્વચ્છ રહેલું - જાણે અમારે જ માટે. જળ અને હિમ-ખંડોની સહોપસ્થિતિ કેટલી બધી સુંદર હતી. અહીં આ ચીની જળ-માર્ગની આસપાસ બધું જ ધુમ્મસમાં ઢંકાઈ ગયું છે. ભૂરા આકાશની લાલસા છોડી દઈએ તો આ પણ સુંદર લાગે, ને લગભગ અદશ્ય એવા પરિસરમાં થઈને નૌકાનું પ્રચલન કવિત્વમય પણ હતું જ.

વહેણ સાંકડું થઈ આવતું ત્યારે નજીકના ઢોળાવો દેખાઈ જતા, અથવા સપાટ તટના પાતળા અંશો પોતાની હરિયાળી લીલાશ પ્રદર્શિત કરી બેસતા. નદીનો પટ પહોળો થતો ત્યારે ક્યારેક વચમાં રેતાળ અને કાંકરિયાળ પટા આવતા. હમણાં તો પાણી નીચું છે એટલે એ બધા દેખાય છે, પણ જ્યારે ધસમસતું પૂર ચડી આવતું હશે ત્યારે તો એ પટા ડૂબી જતા હશે. એ વખતે નદીમાં આવતીજતી નૌકાઓને કઈ રીતે જાણ થશે કે એ ક્યાં છે? ક્યારેક નૌકાઓ એમાં ફસાઈ પણ જતી જ હશે, એમ મને થયું. પણ જો ચીની સરકાર યાંગ્ત્સે નદી પર બંધ બાંધવામાં સફળ થાય - અને થવાની જ - તો તો રેતાળ પટા ને નૌકાઓ જ શું, પણ અસંખ્ય ગામો, ઘરો, ઘરવખરી, ખેતરો, ભેખડો, આ સમગ્ર ધૂમિલ જગત કેટલાયે ગજ ગજ ઊંચાં પાણીમાં રસાતાળ જવાનું.

ક્વચિત્ દેખાતા, મૂઠીભર ઘરનાં બનેલાં ગામની પાસેના કિનારા પર ક્યારેક થોડાં લોકો જોવા મળતાં, ક્યારેક ધૈર્ય ધરીને બેઠેલો એકાદો માછીમાર, તો ક્યારેક નાનકડા ખેતરમાં કામ કરતો એકલવાયો જણ. એ સિવાય ટેકરીઓ અને પહાડોને કોઈની દખલ નહોતી. અતિ શ્રમપૂર્વક લોકોએ ધાન અને વનસ્પતિ વાવ્યાં હતાં, ઉગાડ્યાં હતાં; અને પછી એ સુરમ્ય હરિતતાને વિચલિત કર્યા વગરની, નિર્બંધ, રહેવા દીધી હતી.

તટથી તટ ને ગામથી ગામ જવા હોડીઓનાં જ વાહન હતાં. ક્યાંક ક્યાંક એવી હોડીઓ આવી ઊભેલી હતી. એ બધે કેટલાંક લોકો દેખાતાં - હોડી પકડવા ઉતાવળે દોડી આવતા, અથવા ઊંચી કેડીઓ પર થઈને પર્વત પરનાં પોતાનાં ઘર તરફ જતા. ઘણી જગ્યાએ ઊંચે જતા પાટા હતા. માલ-સામાન નાની બોગીઓમાં ભરીને ઉપરનીચે લઈ જવાતો હશે. લોકો ઉપર-નીચે ચાલીને જતાં, સામાન વીજળીની મદદ પામતો. ને છતાં, એટલું સારું થયું હતું, એમ કહેવાય, કારણ કે એ પહેલાં લોકોને સામાન ઉઠાવીને ચડવું-ઊતરવું પડતું હશે. વારંવાર કિનારાની ભેખડો પર બનાવેલી ફૅક્ટરીઓ દેખાઈ - કૅમિકલ, ફર્ટિલાઈઝર, ફ્રૂટ-કૅનિંગ, સિમેન્ટ, લેધર વગેરે ત્યાં તૈયાર થતું હતું, ને ચીનભરમાં અને કદાચ દુનિયાભરમાં વેચાતું હતું. ધીકતું, ધમધમતું આ નવું ચીન હતું, ઔદ્યોગિક આગેવાની માટે એણે વિશ્વ-વ્યાપારના વમળાતા વહેણમાં પડતું મૂક્યું હતું.

હોડીઓ પણ અનેક જાતની જોઈ - નાનીમોટી, હલેસાંવાળી, મોટર બોટ, 'બાર્જ' કહેવાતી સામાન વહી જતી કે, એક વાંસને ધક્કે આગળ જતા તરાપા જેવી. વિવિધ જળવાહનોની અવર-જવરથી નદીનો પ્રવાહ ભીડવાળા કોઈ રસ્તા જેવો બનતો હતો. ભૂમિની બે લાક્ષણિકતા મેં નોંધી. એ પ્રદેશમાં ક્યાંતો સખત, સ્થૂળ, પાષાણ હતા, ક્યાં તો હતી કાંપની માટી. પાષાણો તોડી-ફોડીને રસ્તા બનાવવામાં આવતા હતા, ને ચીકણી માટીમાંથી લાંબા, લાક્ષણિક ચીની ઘટ ઘડાતા હતા. જુદા જુદા કિનારા પર ઓછામાં ઓછી બાર જગ્યાઓ જોઈ હશે, જ્યાં બસો-ત્રણસો આવા ઘટ સરસ વ્યવસ્થિત રીતે ગોઠવેલા, દૂરનાં બજારોમાં મોકલાવવાની રાહ જોતા પડેલા હતા.

થોડાં શહેર પણ આવેલાં. છાપરાં વિનાનાં, સપાટ છતવાળાં, ચાર-પાંચ માળવાળાં, બદસૂરત, અનાકર્ષક મકાનો જોઈ હું જીવ બાળતી. ફેન્ગ ડુ નામના જરા મોટા જેવા શહેરમાં ઉતાવળે બનાવેલાં લાગતાં, સિમેન્ટના રંગનાં આવાં મકાનોની હારની હાર હતી. નૌકાના અંતરથી જોતાં પણ એ ગંદાં ને તત્કાળ - જૂનાં થઈ ગયેલાં લાગતાં હતાં. સસ્તો ને તકલાદી સામાન વપરાયો હશે, એ સ્પષ્ટ થતું હતું. એ શહેર ઘણું વ્યસ્ત જણાતું હતું. કિનારે ખૂબ લોકો ઊભાં હતાં, અને અસંખ્ય વાહનો રાહ જોતાં હતાં - ક્યારે કોઈ મોટી બાર્જ-હોડી આવે ને એમને આગળ લઈ જાય!

આકર્ષક તો હતાં એ ગામડાં, જેમાં પાંચસાત અથવા આઠ-દસ નાનાં ઘરોનાં ઝૂમખાં હતાં. એ બનાવેલાં તો ઈંટ-માટીનાં હતાં, પણ દેખાવે લાગે ઝૂંપડાં જેવાં. ક્યાંક ફૂલો ખીલ્યાં હતાં, ક્યાંક કપડાં સૂકાતાં હતાં. ઘણાં ઘર કેળ અને તાડઝાડની પાછળ સંતાયેલાં હતાં, તો થોડાં પૂરેપૂરાં દેખાતાં. પરિસરની સાથે સુભગ, સુયોગ્ય સામંજસ્ય હતું એ સર્વનું.

મારી પ્રાર્થનાની તો જાણે અસર થઈ હતી ગેબી તત્ત્વ પર. મેં માગ્યાં હતાં સરસ હવામાન, સરસ પ્રકાશ, ફોટા પાડવા માટે જરૂરી એવો તેજાભાસ. અને જુઓ તો ખરાં, બારેક વાગ્યે સૂરજે દર્શન દીધાં પણ ખરાં. થોડી ઝાંખપ તો એની આસપાસ રહી, પણ ફોટા પાડવા માટે તેજ પૂરતું હતું. મેં એ જ પ્રાર્થના ચાલુ રાખી - ચીનમાં બાકી રહેલા દિવસો માટે.

નૌકા પર આવ્યા પછી પહેલી વાર મેં કૅમેરા અને લેન્સ બહાર કાઢ્યા. 'સૂર્ય-તૂતક' પર જઈને થોડા ફોટા લીધા, પછી

વહાણના ચાલક-કક્ષમાંથી આગળના દશ્યના પણ ફોટા લીધા. મેં વિચાર્યું - ત્યાં હું વારંવાર જઈશ. સાથી-પ્રવાસીઓમાંથી ભાગ્યે જ કોઈ એ કક્ષમાં જતું હતું. એ બધાં પોતપોતાના જૂથમાં આવેલાં - બે જાપાની જૂથ, ચાર તાઈવાની જૂથ. અંગ્રેજી જાણનારાં ત્રણ જણ હતાં - હું, તથા એક અંગ્રેજ દંપતી. બંને એંશી વર્ષનાં હતાં, ને ખૂબ ઓછું બોલતાં હતાં. હાવર્ડ અને બીજી એક માર્ગદર્શિકા અંગ્રેજી બોલી શકતાં હતાં, પણ જમવા સાથે બેસતાં નહોતાં. તેથી મારે એકલાં, ચૂપચાપ જમવાનું રહેતું. ખાવાનું પણ એવું જ મળે કે જેને આધ્યાત્મિક ભાવે 'હરીચ્છા' કહી ચલાવી લેવું પડે. એ દિવસે મળેલા બાફેલા લીલા વટાણા મેં ખાધા, ને બાકી બે જાતના મશરૂમ તથા દરિયાઈ શેવાળનો ઇંડા સાથેનો શોરબા મારે માટે નકામાં હતાં. ચીની ચ્હાનું ગરમ પાતળું પાણી છૂટથી મળે, જે આખો વખત પીધા કરું.

ત્રણેક વાગ્યે વહાણના દીવાનખંડમાં એક ચીની ચિત્રકાર લાક્ષણિક ચીની ચિત્ર કેમ થાય તે બતાવવાના હતા. ત્રીસ-પાંત્રીસ જેટલાં ચિત્ર એમણે ફર્શ પર પાથરી રાખેલાં, ને દરેક પર કિંમત લખેલી. સારાં હતાં એ બધાં, પણ બહુ જ સરસ નહોતાં. ઠીક જ કહી શકાય. હાવર્ડ મને કહે, 'તમારે ખરીદવાં હોય તો દુકાનોમાંથી ખરીદજો. આ કાંઈ સારાં નથી.' એટલી સમજણ તો મને પણ હતી જ, કારણ કે ન્યૂ યોર્કમાં ચીની શૈલીનાં પીંછી-ચિત્રો કરતાં હું શીખી છું. મેં નોંધ્યું કે એ ચિત્રકાર ચિત્ર કરવાની રીતિમાં હતો ખૂબ નિપુણ. પ્રશસ્ય કુશળતાપૂર્વક એણે એક ચિત્ર અમારી નજર સામે બનાવ્યું. મને એનું આલેખન, વિરચન અને રંગપૂર્તિ બહુ જચ્યાં નહીં. ચીની પીંછી-ચિત્રોમાં મુખ્યત્વે કાળી શાહી અને પાણીની જ જરૂર પડે. ક્યાંક જ સહેજસાજ આછા રંગ એમાં લગાવાય. એક-બે તાઈવાની જણે કદાચ કૈં ખરીદ્યું. મેં થોડી વાર ફરી ફરીને ચિત્રો જોયાં, ને પાછી બહાર તૂતક પર જતી રહી.

ચારેક વાગ્યાના સુમારે ફોટા લેવા માટે પ્રકાશ પૂરતો નહોતો રહ્યો, પણ હજી લખી-વાંચી શકાય તેમ હતું. કર્કશ પાષાણો હવે ઓછા થયા હતા, ટેકરીઓ મસૃણ હતી. થોડે થોડે અંતરે નવા, તાજા પોપટી રંગનાં નાનાં નાનાં ખેતર આવી જતાં હતાં, ને દશ્યમાં પ્રાણ પૂરી દેતાં હતાં. વળી, આખે રસ્તે કેટલાયે ધોધ જોયા હશે. કાળમીંઢ પર થઈને રૂપેરી ઝાંઝરીની જેમ ઝરણાં ઊતરી આવતાં હતાં. આ આખું પ્રસવણ કેટલું સહજ ને નૈસર્ગિક રહ્યું છે, મને થયું. બેજિન્ગ પછી આ દિવસ સૌથી સરસ રહ્યો છે. દશ્યો, ઋતુ, હવામાન, સુશાંતિ, હૃદયાવેશ, પરમ આનંદ.

નદી જતી હતી સર્પાકારે. સતત વળાંક આવતા હતા. નૌકા પણ એટલી જ વખત વળતી હતી. ક્યારેક તો એને એકદમ બેવડા વળી આગળ જવું પડતું હતું. 'મારી' નૌકા ગયા વર્ષે જ પુનરુદ્ધાર પામી છે. તેથી જ તો જાજમો, સોફા, ટેબલ-ખુરશી, દીવાલો પરનાં સુશોભન વગેરે આટલાં નવાં છે. સ્થાનિક પ્રજા માટેનાં જળ-વાહન સાવ જૂનાં, કાટ ખાતાં, ગંદાં થયેલાં દેખાય છે. કશી જ સુવિધા એમાં જણાતી નથી. એમાંનાં પ્રવાસીઓ લાઈનસર એમના સાંકડા તૂતક પર ઊભાં રહી જાય છે - અમને પસાર થતાં જોવા. બધાં હસતે મોઢે છે, હાથ હલાવે છે. હું નોંધ લઉં છું એમની સાદગીની.

શિબાઓ ત્ઝાઈ શહેર બહુ મોટું નહોતું, પણ એની પાસે એક અસાધારણ સ્થાન હતું. પહાડોની ઉપર રાક્ષસી પરિમાણના કોઈ ટેબલ જેવી એક પાષાણ-શિલા બનેલી હતી. એની એક બાજુમાં, પાષાણમાંથી કોરાયું હોય તેવું સાત માળનું પૅગોડા હતું. એમાં એક પ્રવેશદ્વાર દેખાતું હતું, જેના દ્વારા એ એક મંદિર હશે એવું સૂચન મળતું હતું. એ શિલાની ટોચ પર પાછું બીજું એક પૅગોડા હતું. અપૂર્વ ને અસાધારણ દશ્ય હતું એ રહસ્યમય હતી પર્વતોન્નત ઉપસ્થિતિ એની.

'સૂર્ય-તૂતક' પર બેસીને હું આ બાજુ - એ બાજુ જોતી રહી. નદી જેટલા વળાંક લેતી હતી તેટલી વાર મારું માથું આમથી તેમ ફરતું હતું. કિનારા એટલા લીલચટ્ટા હતા. પટ્ટીઓ પાડી હોય તેમ કશુંક ગીચ લીલું ઉગાડ્યું હતું. શું હશે તે ચોક્કસ જોઈ શકાતું નહતું. એમના રોજિંદા વપરાશ માટેની સામાન્ય એવી કોઈ વનસ્પતિ હશે, એમ મેં માન્યું. એનું દર્શન કેવું અસામાન્ય! □

અનુ.] જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી [પૃ. ૩૧૩ થી

થોડાક ટુકડામાં તેમના લગ્નજીવનનું કજોડું વર્ણવાયું છે. શેઠ શરાબી, જુગારી અને રંડીબાજ હતા. પૈસાથી દિનપ્રતિદિન ઘસાતા જતા હતા. લીલા અને શેઠ સમાજ ખાતર એક ઘરમાં રહેતાં. પણ પતિ-પત્ની તરીકેનો બધો જ વ્યવહાર લીલાએ વર્જ્ય ગણેલો. અને તેથી ધૂંધવાતા શેઠ બાલાને પણ અવગણતા, હેરાન થવા દેતા, કુટેવો શીખવતા, કુસંસ્કાર પાડતા. લીલાને તેનું બહુ સાલતું. પણ શેઠ બાલાને લીલા પાસે રહેવો દેતા નહીં. તેથી અમદાવાદ સગાંઓને ત્યાં મોકલી દીધેલ. પણ બાલાનો વિચિત્ર સ્વભાવ કોઈને ય પાલવ્યો નહીં. એટલે અમદાવાદવાળાએ બાલાને પાછી મુંબઈ મોકલી દીધી. લીલાને ચિંતા થયા કરે છે. અને તેનો ભાર મુનશીને પણ લાગે છે. બંનેની તૈયારી છે કે મુનશીજીનાં બાળકો સાથે બાલાને રાખવી અને મોટી કરવી. પણ શેઠ તેમ કરવા દેતા નથી. બાલાને પંચગની બોર્ડિંગ સ્કૂલમાં રાખવા લીલાએ બહુ પ્રયત્નો કર્યા પણ ત્યાંય તે સમાણી નહીં. આખરે ૧૯૨૭માં બાલાના પિતા - લીલાવતીના પતિ અવસાન પામ્યા અને મુનશી - લીલાવતી કાયદેસર પરણ્યાં ત્યારે જ બાલાનો પ્રશ્ન ઊકલ્યો. મુનશી કુટુંબમાં તે ગોઠવાઈ ગઈ.

(ક્રમશઃ)

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



સુધાબહેન દિવેટિયા

[આજીવન સુગમ સંગીતની સાધના કરનાર સુધાબહેનનો જન્મ ૧૦-૧૦-૧૯૨૩. સ્ટેશન માસ્તર પિતા ત્રિકમલાલ બાપાલાલ લાખિયા અને માતા તારામણિબહેનને ત્યાં પાંચ બહેનો અને ચાર ભાઈઓમાં સૌથી નાનાં સુધાબહેન અઢી વર્ષનાં હતાં ને પિતાનું અવસાન. અભ્યાસ મૅટ્રિક સુધીનો. સંગીતજ્ઞ ક્ષેમુભાઈ દિવેટિયા સાથે લગ્ન. સંગીતની પ્રવૃત્તિઓ બંનેએ સાથે કરી, અને સુગમ સંગીતક્ષેત્રે આગવું ચિરંજીવ પ્રદાન કર્યું.]

પ્ર. સંગીતનો આપને નાનપણથી શોખ? ક્યારથી ગાતાં થયેલાં, વિગતે કહેશો?

ઉ. હું સાત વરસની હતી ત્યારથી ગાતી હતી. મારા ભાસ્કરભાઈએ મને નાનું હાર્મોનિયમ ભેટ આપેલું અને કહ્યું હતું, મારે તને ગાતાં શીખવાડવું છે, પણ સ્વાતંત્ર્ય ચળવળમાં બાવીસ વર્ષની ઉંમરે ૧૯૩૩માં પોલીસની બંદુકના કુંદાના મારથી તેમનું અવસાન થયું. એ શહીદ થઈ ગયા.

(થોડી વાર અટકી જઈ, એકદમ ગંભીર બની પછી બોલ્યાં) તે પછી મારી માસીના દીકરા રજની લાખિયા પાસે સંગીત શીખી. એ મને સંગીતમાં તૈયાર કરે, બધે ગવડાવે. હું નવચેતન હાઈ સ્કૂલમાં ભણું. હું ગાવાની હોઉં ત્યારે ઓડિયન્સ ભરાઈ જાય.

એલિસબ્રિજ આરોગ્ય સમિતિમાં અમે ગરબા કરતાં. ૧૯૪૨ની લડત પછી 'રંગમંડળ'ની સ્થાપના કરી. ચીનુભાઈ પટવા, નીરુભાઈ દેસાઈ, હીરાલાલ ભગવતી, ચિત્રકાર કનુભાઈ દેસાઈ, એમનાં પત્ની ભદ્રાબહેન વગેરે જોડાયેલાં. શરદપૂનમે ખૂબ ઉત્સાહથી ગરબા કરતાં, રાસંગરબા હરીફાઈ કરીએ. રાત્રે મોડું થાય તો કોઈ અમને સાઈકલ પર મૂકી જાય, એવું આત્મીયતાભર્યું વાતાવરણ.

એ વખતે સુગમ સંગીતનો બહુ પ્રસાર નહોતો. ત્યારે અમે નૃત્યસંગીતનાટિકા કરતા. આપણી આઝાદીની લડતને અનુરૂપ 'હિન્દી હૈં હમ ચાલીસ કરોડ' નામનું બેલે કરેલું. એમાં ક્ષેમુભાઈ રાસમાં પાર્ટનર તરીકે આવ્યા, પરિચય થયો ને સંબંધ વિકસ્યો. ક્ષેમુભાઈ ગીતો બેસાડે ને હું ગાઉં. સંગીતે અમને બેઉને નજીક આણ્યાં.

હું ગાંધર્વ મહાવિદ્યાલયમાં શાસ્ત્રીય સંગીત શીખતી હતી, પણ મારો ઝોક લોકસંગીત તરફ વધારે હતો. હું સુગમ સંગીત ગાતી.

પ્ર. આપની પ્રવૃત્તિઓનો સવિગત ચિતાર આપશો?

ઉ. વડોદરા આકાશવાણી કેન્દ્રના ઉદ્‌ઘાટન સમયે હું ગાવા ગઈ હતી, અમદાવાદ કેન્દ્રના ઉદ્‌ઘાટન વખતે પણ મેં ગાયું હતું. એ સમયે સુગમ સંગીતના કલાકારો ઓછા એટલે વારંવાર ગાવાનું મળે.

મૅટ્રિક થયા પછી હું યશસ્વતીબહેનના સાધના બાળમંદિરમાં સર્વિસમાં જોડાઈ. ત્યાં બાળકોને બેલે કરાવીએ. એમાં હું ગાતી. છસાત વર્ષ ત્યાં સર્વિસ કરી ને પછી બાળમંદિર છોડ્યું. ક્ષેમુભાઈ સાથે લગ્ન કર્યાં.

પ્ર. આપનાં પ્રેમલગ્ન હતાં એને કેવો આવકાર મળ્યો?

ઉ. અમારાં પ્રેમલગ્ન અને આંતરજ્ઞાતીય લગ્ન હતાં, હું બ્રહ્મક્ષત્રિય ને એ નાગર; પણ વડીલોની પૂર્ણ સંમતિ હતી. સાદાઈથી પરંતુ વિધિસર લગ્ન કર્યાં હતાં. માત્ર પાંચસો રૂપિયા ખરચો આવેલો. નહિ કોઈ જમણવાર કે નહિ કોઈ લેવડદેવડ. મારાં સાસરિયાંએ મને ઉમળકાથી આવકારી હતી.

ધ્રુમનબહેન તો કહેતાં કે બ્રહ્માને ખબર હતી કે તારે નાગરમાં પરણવાનું છે તેથી તને આવો ગોરો વાન અને મધુર કંઠ આપ્યો છે.

પ્ર. લગ્ન પછી ઘરસંસારમાં ડૂબી ગયાં?

ઉ. સંસારમાં પ્રવેશ કર્યો, સંયુક્ત કુટુંબ હતું, બધાંને સાચવવાં, ઘર ચલાવવું, અથાણાં બનાવવાં, મહેમાનોને બોલાવવા, જમાડવા. વ્યવહાર સાચવવાનાં મને ગમે, તેથી એ બધું રસથી કરું, પણ સંગીત છોડ્યું ન હતું. લગ્ન પછી તો મારી પ્રવૃત્તિઓને વેગ મળ્યો. ક્ષેમુભાઈ માટે તો મેં ગાયેલું

'કેવા રે મળેલાં મનના મેળ,
રુદિયાના રાજા કેવા રે મળેલા મનના મેળ.'

તદ્દન સાચું હતું. વળી, સાસુ તો સાસુ નહિ, મારાં મિત્ર હતાં. હૃદયની વાત એમને હું કહી શકતી. એ એટલાં પ્રેમાળ હતાં કે અમે રાત્રે મોડાં આવીએ ત્યારે ઉમળકાથી પૂછે, 'આજે શું કર્યું? કેવું રહ્યું.'

મારાં બે નણંદો સુષમા પટેલ અને ભાર્ગવી દેસાઈનો પણ ઘણો સાથસહકાર. મારાં સાસુ સરસ ચિત્રકામ અને ભરતકામ કરે, જ્યારે મને તો હાથમાં સોયદોરો પકડવો જ ગમે નહિ. એ હસતાં હસતાં કહે, 'તું જે દિવસે સોયમાં દોરો પરોવીશ તે દિવસે હું ઘીના દીવા કરીશ.' આવું ગમ્મતમાં કહે પણ કોઈ વાતેય મને દબાણ ન કરે. હું દુભાઉં એવું બોલે નહિ. આથી હું તો ગાતી જ રહી. ક્વીન ઇલિઝાબેથ અહીં આવ્યાં ત્યારે માંડવી લઈને લોકગરબા કર્યા હતા અને લગ્નોત્સવ કાર્યક્રમ કર્યો હતો. અડધો-પોણો કલાકનો એ કાર્યક્રમ હતો. ક્વીન ઇલિઝાબેથ એટલાં ખુશ થયાં હતાં કે મારી સાથે શેકહેન્ડ કર્યા હતા. મૃણાલિનીબહેન સાથે ભરતનાટ્યમ્ કર્યું હતું.

છવ્વીસમી જાન્યુઆરીએ ગુજરાત તરફથી અમે દિલ્હી તાલકટોરા ગાર્ડનમાં આપણા ટ્રેડિશનલ ગરબા કર્યા હતા.

મુંબઈ રેડિયો સ્ટેશન પર ટ્રાન્સમિશનના ઉદ્‌ઘાટન વખતે હેમુ ગઢવી સાથે રાસ કરવાનો કોન્ટ્રેક મળ્યો. અને અમે 'ખમ્મા મારા નંદજીના લાલ' રાસ કર્યો. એ જોઈને પ્રસારણ અને માહિતી ખાતાના પ્રધાન કેસકરે કહ્યું હતું, 'મારે ઇનામ આપવાનું હોય તો તમને આપું.'

પ્ર. ગરબારાસને લોકપ્રિય બનાવવામાં આપનું પ્રદાન ઘણું મોટું છે, એની વાત કહેશો?

ઉ. રેડિયો દ્વારા જે ગરબા શરૂ થયા તે મારાથી શરૂ થયા, મેં આયોજન કર્યું, ગાયા, ડ્રેસ ડિઝાઈનિંગ અને સ્ટેજ ડેકોરેશન કર્યું. સ્ટેજ ગરબા અમે શરૂ કર્યા. બૉમ્બે આઈ.એન.ટી. સાથે જોડાયાં ને ગરબા ગ્રૂપ શરૂ કર્યું; ગરબાસ્પર્ધા રાખવા માંડી.

સર્વપલ્લી રાધાકૃષ્ણન આવ્યા, જવાહરલાલ નેહરુ આવ્યા, અમદાવાદમાં કોઈ દેશનેતા કે નામાંકિત વ્યક્તિ આવે – અમારો ગરબો હોય જ.

હેમુ ગઢવી સાથે મેં બહુ કામ કરેલુ. લોકસંગીતનો ગરબો આપે, ગવડાવે, શીખવાડે. કલકત્તા ગાવા ગયેલાં, ત્યાંનું ગ્રૂપ તૈયાર કર્યું. સિલોનમાં દિવાળી ફેસ્ટિવલમાં ગયાં હતાં, ત્યાં રાસ-ગરબા કરાવ્યાં. કોન્ટિનેન્ટની ટૂર પર ગયાં. ત્યાં બસમાં ગરબો ગાયો. પરદેશી લોકો ગરબાની ભાષા ન જાણે પણ અવાજની મીઠાશ એવી સ્પર્શી ગઈ કે કહે, 'હવે તમને છોડીએ નહિ, ગાઓ, અને ગરબાનું ડેમોન્સ્ટ્રેશન આપો. પછી ત્યાં પેરિસમાં ગરબા ગાયાં. ક્ષેમુભાઈએ અંગ્રેજીમાં કૉમેન્ટરી આપી સમજાવ્યું?

પ્ર. આપ હજી પણ ગરબા ગાઓ છો?

ઉ. હા, હજી આ ઉંમરે ગરબા ગાઈ શકું, માઈક વગર અવાજ દૂર સુધી પહોંચે, પણ ઉંમરના કારણે કટકા થાય, શ્વાસ ખેંચાય નહિ.

પ્ર. આપનો લગ્નોત્સવનો કાર્યક્રમ બહુ લોકપ્રિય રહ્યો છે. એના વિશે કહેશો?

ઉ. હા, અમે લગ્નોત્સવનો કાર્યક્રમ દોઢસો આર્ટિસ્ટ સાથે બેથી અઢી કલાક ચાલે એવો કર્યો હતો. છથી સાત હજાર માણસોએ માણેલો. એમાં ગ્રામ રીત અને શહેરી રીત એમ બે વિભાગ પાડેલા. ગામડાનાં કાઠિયાવાડી ગીતો ઇસ્માઈલભાઈએ શીખવાડેલાં. ક્ષેમુભાઈ, ગૌરાંગ વ્યાસ, મનસુખ જોષીએ સંગીત સંભાળેલું. ગાડું કચ્છથી મંગાવેલું.

અમે કોન્ટિનેન્ટની ટૂરમાં પણ લગ્નોત્સવ બતાવેલો. આનંદ, ઉલ્લાસ અને માંગલિક પ્રસંગના ચિતારથી પરદેશીઓ ખુશ ખુશ થઈ ગયા હતા. એમાં જે વરઘોડિયાં બનેલાં તેમણે પરદેશીઓને પગે લાગીને આશીર્વાદ મેળવ્યાં હતાં. તેઓએ એમને ડૉલર આપેલા.

પ્ર. જીવનભર યાદ રહી જાય એવા પ્રસંગો કહેશો?

ઉ. કવિ બ.ક. ઠાકોરે સરદાર વલ્લભભાઈ પટેલ પર કવિતા રચીને ઇચ્છા પ્રગટ કરેલી કે આ કવિતા સુધા લાખિયા ગાય. ત્યારે હું લાખિયા હતી, દિવેટિયા નહોતી બની.

મજૂર મહાજન તરફથી મેઘાણીભાઈનું સન્માન કર્યું ત્યારે ઉમાશંકર જોશીએ કહેલું, 'કોયલે જેના ગળામાં માળો બાંધ્યો છે એ સુધાબહેન હવે ગાશે.' ત્યારે મેં બે ગીતો ગાયાં હતાં, અને મેઘાણીએ મારા માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા.

મેઘાણીભાઈ સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહેતા હતા ત્યારે હું એમના ઘેર જતી, એમની દીકરી ઇન્દુ મારી બહેનપણી. મેઘાણીભાઈના મોંએ મેં લોકવાર્તાઓ સાંભળેલી.

પ્ર. રેડિયો સ્ટેશન પર કેટલાં વરસ ગાયું?

ઉ. ૧૯૪૭થી ૧૯૬૫ સુધી એ ગ્રેડના આર્ટિસ્ટ તરીકે રેડિયો પર ગાયું. ત્યાં તો ઘર જેવું લાગતું. ડબ્બા લઈને જતાં, આર્ટિસ્ટો મને મમ્મા કહેતાં, રેડિયો પર છેલ્લું ગીત 'સખી મને વ્હાલો રે સુંદર શામળો,' રેકૉર્ડિંગ કરાવ્યુ ને પછી સ્વેચ્છાએ રેડિયો છોડ્યો.

પ્ર. આપે કોની કોની સાથે કામ કર્યું?

ઉ. સી.સી. મહેતા સાથે 'શાકુંતલ' કર્યું. આખું શાકુંતલ છંદમાં ગાયું. ક્ષેમુભાઈએ કંપોઝ કર્યું હતું. સી.સી. સાથે એવી ઘનિષ્ટતા થઈ હતી કે એ અમને દીકરોવહુ ગણતાં. એ આવવાના હોય તો કાગળ લખે, 'વહુ, ભાખરી શાક ઢોકળાં બનાવજો.' મારે લખેલી વાનગીઓ તૈયાર રાખવાની.

મૃણાલિનીબહેન સાથે 'નળાખ્યાન' કર્યું. મદ્રાસથી

રાગરાગિણીઓ શોધ્યા ને આપણામાં ઉતાર્યાં. સાડાત્રણ કલાક હું ને ક્ષેમુ એકલાં ગાતાં. મુંબઈ અમે કાર્યક્રમ કરવા ગયાં ત્યારે મારો દીકરો માલવ નાનો. મુંબઈમાં ભારતીય વિદ્યાભવનના સ્ટેજ પર ગાઈએ અને પડદા પાછળ આયા માલવને સાચવે.

૧૯૬૨થી 'શ્રુતિવૃંદ'ના નેજા નીચે સુગમ સંગીતના કાર્યક્રમો ખૂબ કર્યા - રાસબિહારી દેસાઈ, વિભા દેસાઈ અને ગૌરાંગ વ્યાસના સાથમાં.

પ્ર. આપના બીજા યાદગાર કાર્યક્રમો વિશે કહેશો?

ઉ. આકાશવાણીના ઉપક્રમે વસુબહેન સાથે 'રંગ દે ચુનરિયા' અને 'હે મા ત્વમેવ સર્વમ્' એમ બે કાર્યક્રમો કરેલા, જે ખૂબ લોકપ્રિય થયા.

ગાંધી-શતાબ્દી વખતે માહિતીખાતા તરફથી ચાળીસ આર્ટિસ્ટોને લઈને ગુજરાતના ગામેગામ જઈને ગાંધીજીને લગતાં ગીતો સંભળાવેલાં.

દિલ્હીમાં મ્યૂઝિક ઑફ ગુજરાતના નામ પર ખાયણાં, હાલરડાં, લગ્નગીતો રજૂ કરેલાં.

મેક્સફેક્ટર કંપની તરફથી સમસ્ત ગુજરાતની ગરબા-સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વડોદરા, બિલિમોરા, કલકત્તા, નવસારી વગેરે સ્થળોએ ગરબાસ્પર્ધામાં નિર્ણાયક તરીકે કામ કર્યું છે. ચિત્રલોક સિને સર્કલ આયોજિત ફિલ્મી સંગીત સ્પર્ધા વખતે લતા મંગેશકર, નીરુભાઈ અને હું નિર્ણાયકો હતાં.

પ્ર. આપની રિકોર્ડ ઊતરી છે?

ઉ. હા. અવિનાશ વ્યાસ સાથે પરિચય થયો. એ કહે તારી રિકોર્ડ ઉતારીએ. એચ.એમ.વી.માં જ રિકોર્ડ્ઝ ઊતરી છે. પુરુષોત્તમ ઉપાધ્યાયે એ વખતે મ્યૂઝિક કમ્પોઝ કરેલું.

પ્ર. બીજા કયા કલાકારો સાથે વિશેષ પરિચય?

ઉ. પ્રવીણ જોષી સાથે ઘરોબો. એની સાથે ઘણું કામ કર્યું. પુરુષોત્તમ ઉપાધ્યાય, જગજિત, મિતાલી, ભૂપિન્દર આવે તો મારે ઘેર ઊતરે. એ સિવાય ગુજરાતના સુગમ સંગીતના કલાકારો સાથે સારી આત્મીયતા છે.

પ્ર. સુગમ સંગીત ક્ષેત્રે આપના વિશિષ્ટ પ્રદાનના સહભાગી કોણ?

ઉ. ક્ષેમુભાઈના સહકાર વગર આટલું બધું કામ થઈ જ ન શકત. હું જે છું તે એમને આભારી છે. અમારા ઘરનું વાતાવરણ સંગીત સભર છે. એ કંપોઝ કરે ને હું ગાઉં. હું નચિંતપણે કામ કરી શકું ને ઘરનું તંત્ર વ્યવસ્થિત ચાલે માટે રસોઈ અને ઘરકામ માટે કાયમ માણસો રાખ્યા છે.

હું કહું તો, 'સંગનો ઉમંગ માણું જિંદગીને જીવી જાણી;'
'એક રે ક્યારામાં જેવાં ઝૂક્યાં ચંપો કેળ.'

મારી ને ક્ષેમુભાઈની ઉંમર વચ્ચે પાંચ છ મહિનાનો ફરક છે, અમારી ષષ્ઠિપૂર્તિ સમયે ક્ષેમુભાઈએ છત્રીસ ગીતો અને તેર ગરબાનો સમાવેશ કરતી, ઊગતા કલાકારો અને પીઢ કલાકારોના કંઠે ગવાયેલી કૃતિઓની ચાર કસેટો બહાર પાડી, જેનું નામ રાખ્યું છે : 'ગીત-સુધા.' જીવનસંધ્યાએ સમાજને જે સંગીત આપ્યું એની સાથે મારું નામ જોડ્યું.

પ્ર. જીવનમાં સંતોષ?

ઉ. પૂર્ણ સંતોષ! હું જિંદગી જીવી ખૂબ સંતોષથી, ઉલ્લાસથી, આનંદથી; અને અત્યારે ય પરમ આનંદથી જીવું છું. મેં ખૂબ પ્રવૃત્તિઓ કરી. મન મૂકીને, મન ભરીને ગાયું. હવે કંઈ ન કરું તોય ચાલે. જીવ ન બળે. કુટુંબમાં બે દીકરાઓ. પુત્રવધૂઓ અને એમનાં સંતાનો છે. ભર્યુંભર્યું પ્રેમાળ કુટુંબ છે.

પ્ર આ ભર્યાભર્યા જીવન માટે નસીબને ગણો કે પુરુષાર્થને?

ઉ. નસીબ તો ખરું જ. નહિ તો આટલી બધી અનુકૂળતા, આટલો પ્રેમ મળે? અવાજની મીઠાશ એ ય ઈશ્વરની દેન છે. મને અંબામા પર ખૂબ શ્રદ્ધા છે. રોજ એક તેલનો ને પાંચ ઘીના દીવા કરું ને શક્રાદે રોજ વાંચું છું. ગમે તેટલી મૂંઝાઈ હોઉં ને માને પોકાર પાડું ને જાણે મારું કામ ઊકલી જાય. મારા સસરાજી પ્રાર્થનાસમાજી. અમારા ઘરમાં મૂર્તિ ન હતી, પણ હું આવી ને મારી સાથે મૂર્તિ આવી, દીવા આવ્યા. કોઈએ મારી મૂર્તિપૂજાનો વાંધો લીધો ન હતો. મારા ઘરમાં કાયમ હું સચવાઈ છું, પ્રેમ પામી છું, આદર પામી છું. □

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૩૨૨ થી

અપાયો છે. કથાસાહિત્યમાં રાવજીનું પદ્યબળ જ વિશેષ કામ લાગ્યું છે, એ વાત વિલક્ષણતાથી અહીં ગૂંથાઈ છે. રાવજી કોઈ કથાકાર કે વાર્તાકાર નથી પણ તે પદ્યપક્ષે રહી કથાને તાકવા મથે છે, એવો આ પ્રકરણનો ધ્વનિ લાગે છે. 'અશ્રુઘર', 'ઝંઝા' તથા 'વૃત્તિ અને વાર્તા'ની કથામૂલકતાની દૃષ્ટિએ ઘટનાતિરોધાનની પ્રક્રિયા ડૉ. શેખ દર્શાવે છે.


આ ગ્રંથરૂપ મહાનિબંધમાં સમગ્ર પક્ષે સવાજી પટેલ એક પિંડ બનીને પ્રગટ્યો છે, બલકે પ્રગટાવ્યો છે. રાવજીને ગુજરાતી સાહિત્યની મોટી મિરાંત તરીકે અહીં આંક્યો છે.

['રાવજી પટેલ જીવન અને સર્જન' લે. ડૉ. મોહંમદ ઇસ્હાક શેખ, પ્રકાઃ પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧; પાકું પૂંઠું, ડિમાઈ - ૧૮૮, રૂ. ૬૦ = ૦૦]

- ડૉ. નલિન પંડ્યા



(શ્રી ગણેશજી)



(ધ્યાન)

પાંચાલ હરિલાલ

વલસાડથી ૧૩ કિલો મીટર દૂર પૂર્વમાં આવેલું નાનું સરખું ગામ કિલ્લા પારડી ચિત્રકારનું વતન અને કર્મભૂમિ છે. પેઇન્ટિંગ્સથી ભર્યા ભર્યા એમના સ્ટૂડિઓમાં ચિત્રો ઉપરાંત કારખાનામાંથી ભંગારમાં કાઢી નાખેલાં તાર, ખીલા, ચૂંક, જાળીના ટુકડા, પાઈપ, બોલબૅરિંગ તેમજ ઘર વપરાશમાંથી રદ થયેલી ટૂથ-પેસ્ટ, ચા ગાળવાની ગળણી, વીજળીની તૂટેલી સ્વિચ, પંખાના રેગ્યુલેટરનું ઢાંકણ, રબરની નળી, સાઈકલની ચેન, દરિયાકિનારેથી ભેગા કરેલાં છીપલાં, માર્બલની કપચી જેવી નકામી વસ્તુઓને જતનપૂર્વક સાચવી રાખવામાં આવી છે. આ જોતાં જ આગંતુક સહેજ વિસ્મય પામે છે : 'શા માટે આવો ભંગાર આ સ્ટૂડિઓમાં રાખ્યો હશે?'

ભંગારમાંની આ વસ્તુઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરાવતાં આ સ્વપ્નશીલ ચિત્રકાર સમજાવે છે : 'વિશ્વની પ્રત્યેક વસ્તુને એક આકાર છે, ઘાટ છે - ચાહે તે સોનાનો હાર હોય કે સાઈકલની ચેન! આ સ્થૂળ વસ્તુમાં રહેલા વિશિષ્ટ આકારનું મારે મન મહત્ત્વ છે. ભંગારની આ વસ્તુઓને પાધરી જ આ ચિત્રપૃષ્ઠ પર જડી દઉં છું. અને ચિત્રવિષય સાથે મારી આંતર સૂઝથી તેનો સમન્વય કરું છું. આમ, આ વસ્તુઓ મારા પેઈન્ટિંગ્સનું ઘરેણું બની જાય છે.

'ભંગારની મૂળ વસ્તુને સીધેસીધી જ ચિત્રપૃષ્ઠ પર જડેલી હોવાથી ચિત્ર ત્રિપરિમાણીય અસરવાળું બને છે. ચિત્ર ઉપર બહુધા હું ભડક રંગનો ઉપયોગ કરી ચિત્ર તૈયાર કરું છું. દર્શકના ચિત્તને મારાં ચિત્રો વેધક અસર પહોંચાડે છે એ મારા ચિત્રોની લાક્ષણિક્તા છે.' આવા ચિત્રકાર પાંચાલનો જન્મ ૧૪ જૂન ૩૯ના દિવસે મુંબઈમાં થયો હતો. ચિત્રકલાનું



પદ્ધતિસરનું કોઈ શિક્ષણ એમણે લીધું જ નથી. એમને શરૂઆતનાં વર્ષોમાં ઘણી કઠણાઈ વેઠવી પડી હતી. મુંબઈની બજારમાં દુકાનોનાં પાટિયાં ચીતરી પેટિયું ભરતા, તેમ છતાં, મોટા ચિત્રકાર બનવાની તીવ્ર તમન્ના સાથે ચિત્રો બનાવવાના નિતનવા અખતરાઓ કરતા જ રહ્યા. પાંચાલ હરિલાલ સગપણે તો જાણીતા ચિત્રકાર નરેન્દ્ર પાંચાલના નાના ભાઈ થાય.

મુંબઈના ઇન્ડો-જર્મન કલ્ચરલ સેન્ટરમાં ૧૯૮૦માં આ આશાસ્પદ ચિત્રકારના પેઈન્ટિંગ્સનો પહેલો વન મૅન શો થયો. ઇન્ડો-ફોરેન પબ્લિકેશનના ચેરમૅન ડૉ. એમ.આર. વ્યાસને એમના આ સ્ક્રેપ પેઈન્ટિંગ્સમાં છુપાયેલા કલાતત્ત્વની પહેલી પહેચાન થઈ અને એમણે આ પેઈન્ટિંગ્સને 'સ્પિરિટ ઑફ સ્ક્રેપ'ના નામથી નવાજ્યાં, ત્યારથી એમની કૃતિઓ 'સ્પિરિટ ઑફ સ્ક્રેપ'થી ઓળખાવા માંડી. ભૌમિતિક કૃતિ ઉપરાંત સ્થૂળ વસ્તુઓના સંયોજનથી શ્રીગણેશજીને વિવિધ સ્વરૂપે તેમણે ચીતર્યા છે. અવતારો તો પાછળથી આવ્યા. પ્રથમ તો હતો 'ઓમ્‌કાર'. કલાકારે સમજાવ્યું છે કે ઓમની આગળ ઉપર કાંઈ જ નથી.

'સ્ક્રેપ રિલીફ'ની મૂર્તિના ઉપરના ભાગમાં ભગવાનના શબ્દોનું મેલિગ્રાફ છે નીચેના ભાગમાં સ્કુટરનું રીફલેક્ટર છે. આ કલાકૃતિ ઉત્તમ વિચારોની જન્મદાત્રી છે એવું કલાકાર સમજાવવા મથે છે.

આજ સુધી દેશના મુખ્ય શહેરોમાં એમનાં ચિત્રપ્રદર્શનો થતાં જ રહ્યાં છે. વળી, સિંગાપોરમાં એમણે સમૂહ-ચિત્ર પ્રદર્શનમાં પણ પોતાનું ચિત્ર પ્રદર્શિત કર્યું હતું.

વિદેશી મહાનુભાવોના અંગત ચિત્રસંગ્રહોમાં એમની કૃતિઓ જાપાન, થાઈલૅન્ડ, ઇંગ્લન્ડ, સ્વીત્ઝરલૅન્ડ, જર્મની, સ્વિડન, ઝાંબિયા, અમેરિકા અને રશિયામાં સ્વીકારાઈ છે.

પદ્ધતિસરનું ચિત્રકળા શિક્ષણ ન લીધું હોવાને કારણે પાંચાલના ચિત્રમાં મૌલિકતા છે.

- નાથુભાઈ ન. મિસ્ત્રી



વિનોદ પારુલની ચિરવિદાય

ગુજરાતના સુખ્યાત ચિત્રકાર અને ફોટો-કલાકાર વિનોદભાઈના અચાનક અને આઘાતક અવસાને દુઃખની લાગણી જન્માવી છે. છેલ્લાં ત્રીસ વર્ષોથી તેઓ ચિત્રકલાના તથા છબીકલાના ક્ષેત્રમાં સક્રિય રહ્યા હતા. છેલ્લાં વર્ષોમા તેમણે છબીકલા લગભગ છોડી દીધી હતી. પરંતુ તેમાં તેમનો રસ તો નિતાંત ચાલુ રહ્યો હતો અને તેઓ 'કર્ણાવતી ક્લબ ઓવ ફોટોગ્રાફર્સ'ના પ્રમુખપદે પણ ચાલુ રહ્યા હતા. છબીકલાક્ષેત્રે તેમણે પિક્ટોરિયલ ફોટોગ્રાફી ઉપરાંત પ્રયોગાત્મક ફોટોગ્રાફી પણ સફળતાપૂર્વક કરી અને તેમની છબીઓમાં તેમની વૈયક્તિક વિશિષ્ટ દૃષ્ટિ તથા ટેક્નિકલ પ્રાવીણ્યના દર્શન થાય છે. તેથી સ્વાભાવિક જ તેમણે રાષ્ટ્રીય તથા ગુજરાત કક્ષાએ ફોટાગ્રાફીની સ્પર્ધાઓમાં અનેક ઇનામો મેળવ્યાં.

ચિત્રકાર તરીકે તેમણે છબીકાર કરતાં પણ સવિશેષ નામના મેળવી. ચિત્રકલાક્ષેત્રે પણ તેમણે ઘણાં ઇનામો મેળવ્યાં તેમાં ખાસ તો તેમણે પ્રાપ્ત કરેલો રાષ્ટ્રીય સર્ટિફિકેટ ઍવૉર્ડ છે 'તદુપરાંત સર્જનાત્મક ડ્રૉઈંગમાં પણ તેમણે ચંદીગઢનો ગૌરવપ્રદ ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો. તેમની વિશિષ્ટ શૈલીમાં સર્જાયેલાં છેલ્લાં



(આદિવાસીઓનું નૃત્ય-સંગીત)



(વાસનુ ફર્નિચર વચનાર વૃદ્ધ)



ગ્રામવસ્તીના એક ખૂણે

આકૃતિપ્રધાન ચિત્રોમાં સૌરાષ્ટ્ર, રાજસ્થાનના આદિવાસીઓ, ભરવાડો, રબારીઓનું જીવન તથા તેમની ક્રિયાઓ આકારિત થયાં છે.

તેમણે કલાકાર તરીકેની સ્વતંત્રતા પણ અનુભવી છે અને તેમણે વાસ્તવિક જગતનાં જોયલાં દૃશ્યોને અને તેના અનુભવને અંતરસ્થ કર્યાં છે. એટલે આ ચિત્રોને વાસ્તવિક શૈલીનાં ચિત્રોની, ઍકેડેમી શૈલીનાં ચિત્રોની દૃષ્ટિએ તપાસવામાં આપણે ભૂલ કરીશું. તેમાં પરિપ્રેક્ષ્ય (રૈખિક) કે ફોરશાર્ટનિંગનો આગ્રહ રાખવો કે માનવું કે અન્ય રંગતુઓનો આગ્રહ રાખવો પણ ભૂલભરેલું લેખાશે.


એમનાં ચિત્રો જોતાં ફોટોગ્રાફિક દૃશ્યચિત્રોની યાદ આવે, પરંતુ વિનોદભાઈ તો તેમનાં અમૂર્ત અર્ધ-અમૂર્ત ચિત્રો તથા સર્જનાત્મક આકૃતિપ્રધાન ચિત્રોમાં વાસ્તવદર્શી ચિત્રશૈલીને તિલાંજલિ આપી ખૂબ આગળ નીકળી ચૂક્યા હતા અને દ્વિપરિમાણીય સપાટી પર સપાટ રંગરૂપો - માનવોનાં, પ્રાણીઓનાં, મકાનોનાં અને અનેક વસ્તુઓનાં - સર્જવાં લાગ્યાં હતાં. તેમણે જાડા બ્રશે ઈમોસ્ટો-વાળાં પેલેટ નાઈફથી કરેલાં અમૂર્ત ચિત્રો કર્યાં હતાં.

વિનોદભાઈએ અવકાશ-રચનામાં, રંગ-વિન્યાસમાં તથા આકૃતિ-પશ્ચાદ્‌ભૂના સંબંધમાં પણ તેમની સૂઝ પ્રકટ કરી છે. તેઓને સાચા અર્થમાં રંગસ્વામી કહી શકાય. તેમણે એકરંગી યોજનાવાળાં સફળ ચિત્રો પણ સર્જ્યાં છે, જેમ કે તેમનાં છેલ્લાં બ્લૂ ચિત્રો સમગ્ર બ્લૂ રંગયોજનાવાળાં છે. છેલ્લે તેમણે વાનરો પર એક સર્જનાત્મક ડ્રોઈંગ્સની શ્રેણી શરૂ કરી હતી.

વિનોદભાઈના આકસ્મિક મૃત્યુથી ગુજરાતે એક કલાકાર ફોટાગ્રાફરને ગુમાવ્યો છે, પરંતુ સાથેસાથે એક સજ્જન, પ્રેમાળ સામાજિક સ્વભાવવાળી, ઉત્સાહી, પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિને પણ ગુમાવી છે. - બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક

જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા
અલી સરદાર જાફરી



અલી સરકાર જાફરી, પ્રગતિવાદી વિચારધારાના પ્રસિદ્ધ લેખક છે. એમણે કોલેજજીવનમાંથી જ દલિત-પીડિતને થતા અન્યાય સામે ઝૂંબેશ ઉપાડી હતી. આજે ૮૪ વર્ષની વયે પણ એમનો અન્યાય અને શોષણ વિરુદ્ધ પોકાર-જુસ્સો યુવાનોને પણ શરમાવે એવો છે.

અલી સરદાર જાફરીનો જન્મ ઉત્તર પ્રદેશના બલરાનપુરાં કસ્બામાં ૨૯ નવેમ્બર ૧૯૧૩ને દિને થયો હતો. એમણે ત્યાં જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધું. અને ઉચ્ચશિક્ષણ માટે અલીગઢ મુસ્લીમ વિશ્વવિદ્યાલયમાં જોડાયા. ત્યાં એમને સામ્યવાદી વિચારધારા પ્રત્યે આકર્ષણ થયું, અને સામ્રાજ્યવાદ તથા ફાસીવાદ સામે ઝૂંબેશ ઉપાડી. પ્રગતિવાદી સાહિત્યસભાના પ્રથમ મંત્રી અને ત્યાર પછી પ્રમુખ બન્યા ત્યારથી આજ દિન સુધી એમણે સાહિત્યના માધ્યમ દ્વારા વિદ્રોહનો સૂર બુલંદ અવાજે પોકાર્યો છે.

એમણે કોલેજકાળ દરમિયાન કાવ્યો લખવાનું શરૂ કરેલું. એમનો પહેલો કાવ્યસંગ્રહ 'પરવાઝ' ૧૯૪૩માં પ્રગટ થયેલો. ૧૯૪૮માં એમણે સામ્યવાદી વિચારધારાને બિરદાવતો નાટ્યકાવ્યસંગ્રહ 'નઈ દુનિયાકો સલામ' પ્રગટ કર્યો, જેનો નેશનલ બુક ટ્રસ્ટ તરફથી ભારતની ઘણી ભાષાઓમાં અનુવાદ પ્રગટ થયો છે. ૧૯૪૯માં પ્રગટ થયેલા એમના કાવ્યસંગ્રહ 'ખૂન કી લકીર'માં પણ પ્રવર્તમાન સામાજિક, રાજકીય, અને આર્થિક માળખાને જમીનદોસ્ત કરી નવી દુનિયા રચવાનો પેગામ અપાયો છે. ૧૯૫૦માં 'અમન કા સિતારા' કાવ્યસંગ્રહ પ્રગટ થયો, જેમાં સોવિયેટ રશિયાના વિશ્વમાં શાંતિ સ્થાપવાના પ્રયત્નોને બિરદાવ્યા છે એમાં એમણે માનવની સમાનતાના ધોરણ પર રચાયેલો સમાજ કેવો હશે તેનું રમણીય ચિત્રાંકન કર્યું છે. એ સંગ્રહનાં કાવ્યો, રશિયન, અંગ્રેજી, હિન્દી, તથા ભારતની અગિયાર ભાષાઓમાં અનુવાદિત થયાં છે. ૧૯૫૩માં પ્રગટ થયેલો કાવ્યસંગ્રહ 'પથ્થર કી દીવાર' અને ૧૯૬૪માં 'એક ખ્વાબ ઓર' કાવ્ય સંગ્રહો પ્રગટ થયેલા. એમના કુલ દસ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. ૧૯૩૮માં એમનો વાર્તાસંગ્રહ 'મંઝીલ' પ્રગટ થયો હતો.

૧૯૪૩માં એમણે પીપલ્સ થીએટરમાં ભજવવા માટે એક નાટક 'યહ

શબ્દની સફરે-૧

વાણિયો

આજે પણ કોઈક સાહસિક એક હોડી લઈને નીકળી પડે છે – દુનિયાભરના સાગરો-મહાસાગરો ખૂંદવા. કેટલાક શબ્દોનું પણ આવું જ કંઈક છે. સદીઓથી આવા કેટલાક શબ્દો દુનિયામાં અનેક દેશોમાં ઘૂમી વળ્યા હોય, ત્યાંના લોકો અને સંસ્કૃતિમાં હળીભળી ગયા હોય અને કેટલીક વાર તો પ્રદેશે-પ્રદેશે એ શબ્દો નવા-નવા અર્થ કે વિધ-વિધ ઉચ્ચારો ધારણ કરતા રહ્યા હોય એવું બન્યું છે. તો ચાલો આપણે પણ નીકળી પડીએ, આવા શબ્દોની સફરે.

'વાણિયો' એ શબ્દનું મૂળ 'વિહાણ'માં જડે છે. વહાણોમાં માલ ભરીને દેશ-દેશાવર ખેડનાર વેપારી માટે 'વહાણ' શબ્દ ઉપરથી વહાણિયો-વાણિયો થયું હશે. વેપાર-વણજ-વાણિજ્ય શબ્દો દેખીતી રીતે આ દિશા જ સૂચવે છે. 'વહાણ'નું મૂળ સંસ્કૃત રૂપ 'વાહન' દેખીતું જ છે, જેનું મૂળ ક્રિયાપદ 'વહ' એટલે કે વહેવું છે. અર્થાત્ દરિયાઈ વાહન એટલે વહાણ. મરાઠી ભાષામાં જોડા(બૂટ-ચંપલ)ને પણ 'વાહાણે' કહે છે! 'વણજ' ઉપરથી વણઝારો થયું. જમીન માર્ગે બળદો ઉપર માલ-સામાન લાદી વેપાર કરનાર માટે વણઝારો શબ્દ રૂઢ થયો.

મરાઠી ભાષામાં 'વાણિયા'નું 'વાણિ' થયું. મુંબઈ-મહારાષ્ટ્રમાં 'વાણિ' શબ્દમાં તિરસ્કારનો ભાવ ઉમેરાયો છે એ તો વેપારી-વર્ગ પ્રત્યે રાજકારણી ભાષાએ ઊભા કરેલ શોષણના પૂર્વગ્રહોને આભારી છે. ખુદ મહારાષ્ટ્રમાં પણ સ્થાનિક પ્રજામાં વેપાર-દુકાનદારી કરનાર 'વાણિ' સંબોધન પામે છે એટલું જ નહીં, પણ 'વાણિ' અટક સુધ્ધાં મરાઠી પ્રજામાં જોવા મળે છે.

જૈન તીર્થંકરો ક્ષત્રિય હતા પણ જૈન ધર્મે વર્ણાશ્રમનું ખંડન કર્યું; ક્ષત્રિયને તો યુદ્ધમાં હિંસા કરવી જ પડે તેમજ ખેતીકાર્ય પણ હિંસા હોવાનું જૈન મુનિઓએ ઉપદેશ્યું. આથી જૈન ધર્મ સ્વીકારનારાઓમાંનો એક મોટો વર્ગ (જેઓ મૂળ ક્ષત્રિય કે વૈશ્ય હતા) અહિંસાના સિદ્ધાંતને કારણે વેપાર તરફ વળ્યો અને 'વણિક' તરીકે ઓળખાયો.

માવજી કે. સાવલા

કિસકા ખૂન હૈ તૈયાર કરેલું, જે હિન્દી તથા ઉર્દૂમાં ૧૯૭૩માં દેશમાં અનેક સ્થળે અનેક વાર ભજવાયું હતું. 'લખની કિ પાંચ રાતે' એમની સ્મૃતિઓનો સંગ્રહ છે. એમણે મીર, મિરઝા ગાલીબ તથા કબીરનાં કાવ્યો પર સંશોધનગ્રન્થો આપ્યા છે. ગાલીબે ફારસીમાં લખેલાં વારાણસી વિશેનાં કાવ્યોનું એમણે ઉર્દૂમાં ભાષાંતર કર્યું છે. આ કાર્ય માટે એમને જવાહરલાલ નેહરુ ફેલોશિપ મળી હતી. એમને અત્યાર સુધીમાં વીસ પારિતોષિકો મળ્યાં છે, જેમાં મુખ્ય છે સજ્જત ઝહિર કવિતા પુરસ્કાર - લખની ૧૯૭૭, પાકિસ્તાન સરકારે ૧૯૭૮માં ઇકબાલ પર સંશોધનગ્રંથ માટે ઇકબાલ સુવર્ણચન્દ્રક અર્પણ કર્યો હતો. આંધ્રપ્રદેશ ઉર્દૂ ઍકેડેમીનો મખદુમ પુરસ્કાર ૧૯૮૦, મધ્યપ્રદેશ ઉર્દૂ ઍકેડેમીનો મીરતકી મીર પુરસ્કાર - ૧૯૮૦, એમના દીર્ઘકાવ્ય 'એશિયા જાગ ઊઠા' માટે મલયાલમ ભાષા ઍકેડેમી ત્રિવેન્દ્રમ તરફથી કુમારન આસાન પુરસ્કાર ૧૯૮૩માં મળ્યો. સોવિયેટ યુનિયને એમને મૈત્રી સુવર્ણચંદ્રક ૧૯૮૪માં અર્પણ કર્યો હતો. ૧૯૯૬માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ વિશેષ પદવીદાન સમારંભ યોજી માનદ્ ડિ. લિટ્.ની પદવી આપી હતી. કેનેડાની કેનેડિયન એશોસિયેશન ઍન્ડ ઍકેડેમી ઓફ ઉર્દૂ લિટરેચર તરફથી એમને આંતરરાષ્ટ્રીય ઊર્દૂ પુરસ્કાર ટોરેન્ટોમાં ૧૯૯૬માં અર્પણ થયો હતો. ઓરિસ્સાના સંભલપુર વિશ્વવિદ્યાલયે એમને ગંગાધર મહેર પુરસ્કાર ૧૯૯૨માં પ્રદાન કર્યો હતો. ૧૯૯૭માં મહારાષ્ટ્ર રાજ્ય તરફથી સંત જ્ઞાનેશ્વર પુરસ્કાર મળ્યો. ૧૯૯૭માં બિહાર રાજ્ય તરફથી એમને મૌલાના મઝહરુલ હક પુરસ્કાર મળ્યો. ૧૯૬૭માં ભારત સરકારે એમની સાહિત્યસેવા માટે એમને પદ્મશ્રીનો ખિતાબ આપ્યો હતો. આ વર્ષે જ્ઞાનપીઠ પુરસ્કારની જાહેરાતે એમની સર્જકપ્રતિભા પર કીર્તિકળશ ચઢાવ્યો છે.

૧૯૭૦માં નેશનલ બુક ટ્રસ્ટ તરફથી મદ્રાસમાં એક પરિસંવાદ યોજાયો હતો. ત્યારે એમનો અભ્યાસ મળ્યો. એ વખતે એમણે એક કવિતા વાંચી હતી. ને એમણે જણાવ્યું હતું કે, એ કવિતાની પ્રેરણા એમને ઉપનિષદના અધ્યયનમાંથી મળી હતી. એમણે હિન્દી સાહિત્યનું પણ ઘેરું અધ્યયન કર્યું છે, ને એમનાં વ્યાખ્યાનોમાં વિવિધ સાહિત્યનાં અવતરણો પણ આપે છે. જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર એ ત્રીજા ઉર્દૂ લેખક છે. અગાઉ ૧૯૬૯માં ફિરાક ગોરખપુરી તથા ૧૯૮૯માં કુર્રતુલૈન હૈદરને આ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

- ડૉ. ચન્દ્રકાન્ત મહેતા (દિલ્હી)

'રાવજી પટેલ : જીવન અને સર્જન'

સ્વ. રાવજી પટેલના જીવન અને સર્જન વિશે ડૉ. મોહંમદ ઇસ્હાક શેખનો આ મહાનિબંધ છે. ટૂંકા કદનો સળંગ અભ્યાસગ્રંથ મહાનિબંધનો આદર્શ પૂરો પાડે છે, એવું આ પુસ્તક પરથી જોઈ શકાય છે. આમાં શેખની સૂક્ષ્મ દૃષ્ટિ અને આંતર્મુખીપણું દેખાય છે. તેઓ સમસ્યા ઊભી કરીને ઝીણવટથી એનું નિરાકરણ લાવે છે. તેઓ રાવજીને સીધો જ મોટા ગજાનો કવિ-સર્જક નથી કહેતા પણ ગજાદાર સર્જક કહે છે. પ્રશ્નમાંડણી પછી પાંચ પ્રકરણોથી બંધાયેલો આ મહાનિબંધ છે. લેખકે 'સર્જક', 'જીવન' અને 'સર્જન' સંજ્ઞાઓની વિભાવના આરંભે જ સ્પષ્ટ કરી છે. તેઓએ કવિજીવન અને સર્જન વચ્ચે, વ્યક્તિત્વ અને વાઙ્મય વચ્ચે, વ્યક્તિતા અને સર્જક્તા વચ્ચેના બારીક અંતરનો સંબંધ સ્પષ્ટ કરવાનું નિશ્ચિત કર્યું છે. આ પ્રશ્નમાં સોક્રેટિસ પદ્ધતિ અપનાવવા ડૉ. શેખ મથ્યા છે. રેને વેલેકની ત્રણ પદ્ધતિઓને અનુસરીને આ વિષયમાં લેખકે ઝંપલાવ્યું છે.

પ્રથમ પ્રકરણમાં સર્જક અને સર્જન પહેલાં જીવનનો અર્ક હોવાનું જણાય છે. જન્મ અને મૃત્યુ વચ્ચે પડેલા આધ્યાત્મિક બળમાંથી સર્જક સર્જન કરે છે. એને ગમતું જગત ઊભું કરવા વિચારસાધનથી સર્જક કંઈક સર્જે છે, અને ક્ષણેક્ષણના પ્રત્યેક કણને શાશ્વત બનાવવા મથે છે. આ બધાંના બે માપદંડ સમય અને ચેતના પ્રતિ લેખક સભાન છે. સર્જન-પ્રક્રિયાનું ગૂઢ રહસ્ય ખોલવાનો પ્રયાસ અહીં સાંસ્કૃતિક નિર્દેશોથી થયો છે. બીજા પ્રકરણમાં રાવજી પટેલની આત્મલક્ષી અને પરલક્ષી અભિવ્યક્તિની ઓળખ આલેખાઈ છે. 'ઢોલિયો' રાવજી પટેલની ખૂબ જાણીતી રચનાને કવિજીવનથી અલગ કરી નાખીને લેખકે તપાસી છે.

ત્રીજા પ્રકરણમાં રાવજીને સર્જક તરીકે ઘડનારાં પરિબળોને તપાસ્યાં છે. રાવજીના જીવનાનુભવમાંથી વળાંક લઈને આવતાં કાવ્યોનો નિર્દેશ અહીં મળી આવે છે. ઘણે ઠેકાણે ડૉ. શેખે કાવ્યો પરથી રાવજીની ખાસિયતો તારવી બતાવી છે. કૃષિજીવનનો અનુરાગ આમ દર્શાવાયો છે :

'મારા ખેતરને શેઢેથી
'લ્યા ઊડી ગઈ સારસી!'

એટલે જ મણિલાલને 'તું મારી માટીનો જાયો' કહ્યો છે. ચોથા પ્રકરણમાં રાવજી પટેલને કવિ તરીકે બરાબર ખીલવ્યો છે. એમાં વસ્તુજગત અને ચેતનાજગતની સંવેદનાઓનો વિશેષ ઉલ્લેખ થયો છે. રાવજીનું 'આભાસી મૃત્યુનું ગીત'ને ધરી બનાવી એનાં અન્ય ગીતોનો મનોવૈજ્ઞાનિક આલેખ લેખકે આપ્યો છે. એ જ રીતે ગઝલમાં નવી તાજગીનો મહિમા કર્યો છે. છાંદસ અને અછાંદસ કાવ્યોમાંથી રાવજીની રંગદર્શી તેમ જ પ્રતિબદ્ધ કવિની છાપ ઉપસાવાઈ છે.

પાંચમા પ્રકરણમાં રાવજીના કથાસાહિત્યનો સંરચનાત્મક આલેખ

(અનુસંધાન પૃ. ૩૧૮)

આયુર્વેદ અને ઔષધી-૨
બીલી




બીલી પવિત્ર ઝાડ છે. બીલીપત્રનો ખૂબ મહિમા છે. બીલીને ત્રણ પાનનું ઝૂમખું હોય છે. પાનના મૂળ પાસે લાંબો શૂળ જેવો કાંટો હોય છે. તેનાં નાના સફરજન જેવડાં લીલાં ફળ થાય છે.

બીલીનાં ફળ ઉત્તમ સંગ્રાહી છે. તે અગ્નિ પ્રદીપ્ત કરે છે, ખોરાકનું પાચન કરે છે અને વાયુનો નાશ કરે છે. કાચાં-પાકાં બંને જાતનાં બીલી ઔષધમાં ઉપયોગી છે. મરડો, સંઘરણી, ઝાડા, અપચો, અગ્નિમાંદ્ય, અરુચિ વગેરેમાં બીલું ખૂબ ઉપયોગી છે. બીલીની અંદરની મજ્જાનું ચૂર્ણ, બીલાનું શરબત, બીલાની ચટણી, બીલાનો મુરબ્બો વગેરેના ઉપયોગથી પેટ અને પાચનતંત્રના રોગો સુધરે છે. મરડો અને કોલાઈટીસની બીલી ઉત્તમ દવા છે. બીલી મળનું પાચન કરી મળને બાંધીને પેટ સાફ લાવે છે. તેનું બિલ્વાદિ ચૂર્ણ, બિલ્વાવલેહ વગેરે દવાવાળાને ત્યાં મળે છે.

બીલીના થડની છાલ પાણીમાં ઘસીને સોજા ઉપર લગાવવાથી સોજા ઊતરે છે. એ જ રીતે બીલીનાં પાનની લુગદી બનાવી ઘા ઉપર લગાવવાથી ઘા રૂઝાય છે. બીલીનાં પાનનો રસ નિયમિત પીવાથી મધુપ્રમેહ નિયંત્રણમાં રહે છે.

બીલીનાં ફળ કડવાશવાળાં, તૂરાં, મધુર છે. તાસીરે તે ગરમ છે. તે ચીકણા, ઝાડાને રોકનાર, પચવામાં ભારે, અગ્નિદીપક, આમપાચક અને હૃદ્ય છે. પેટનો દુખાવો, આમવાત, સંગ્રહણી, ઝાડામાં તે સારાં છે. પેટની ગરબડવાળા રોગીએ રોજ બીલાનું સેવન કરવું જોઈએ.

- વૈદ્ય નવીનભાઈ ઓઝા



આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી - પગલાં વસંતનાં;
મલયાનિલોની પીંછી ને રંગ ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના?
- મનોજ ખંડેરિયા

હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ

અમદાવાદમાં પ્રથમ ભદ્ર વિસ્તારમાં આવેલી માવળંકર હવેલીમાં અને તે પછી એલિસબ્રિજ, મીઠાખળી વિસ્તારમાં આવેલી 'સેવાકુટીર'માં 'હેરલ્ડ લેસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ' નામની સંસ્થા સતત કાર્યરત રહેતી આવેલી છે; જેના સ્થાપક શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરે, તેમની નાદુરસ્ત રહેતી તબિયતને કારણે, તા. ૨૭-૧૧-૧૯૯૭થી એ સંસ્થાને સમેટી લેવાની જાહેરાત કરી છે તે જાણીને આશ્ચર્ય સાથે ગ્લાનિ પણ થાય છે.

સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાના પ્રથમ અધ્યક્ષ સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના સુપુત્ર પુરુષોત્તમભાઈને વિદ્યાર્થી-અવસ્થામાં જ જે બે મહાન શિક્ષકોની મધુર છાયાનો લાભ મળ્યો તેમાંના પ્રથમ શ્રી સાને ગુરુજી અને બીજા તે પ્રોફેસર હેરલ્ડ જોસફ લેસ્કી.

હેરલ્ડ જોસફ લેસ્કીનો જન્મ તા. ૩૦ જૂન ૧૮૯૩ને રોજ મૅન્ચેસ્ટર (ઇંગ્લંડ)માં એક શ્રીમંત યહૂદી કુટુંબમાં થયો હતો. તેમના પિતા નાથન લેસ્કી મૅન્ચેસ્ટરના આગેવાન શહેરી અને વિનીત નેતા હતા. તેમનો કાપડની આયાત-નિકાસનો વેપાર હતો અને એથી એમણે લગભગ ૪૯ વખત ભારતની



← હૅરલ્ડ લૅસ્કી

પુરુષોત્તમ માવળંકર



મુલાકાત લીધી હતી. આમ, જન્મથી જ હેરલ્ડનો ભારત સાથે ગાઢ સંબંધ બંધાઈ ચૂકેલો! ઈ.સ. ૧૯૨૦થી ૧૯૫૦ સુધી હેરલ્ડ લેસ્કી રાજ્યશાસ્ત્ર વિષયના અધ્યાપક અને પ્રાધ્યાપક તરીકે રહ્યા. દરમ્યાન તેમણે ભારતનાં સ્વમાન અને સ્વરાજ માટે સંખ્યાબંધ ભાષણો, લખાણો અને અન્ય પ્રચાર-સાધનો વડે બ્રિટિશ પ્રજામત કેળવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. એમનાં ભાષણો અને લખાણો પ્રત્યક્ષ રાજકારણનાં અસંખ્ય ઉદાહરણો સહિત રસપ્રદ, રુચિકર અને જીવંત બન્યાં હતાં. શિક્ષકનો વ્યવસાય એમણે ફરજ અને શોખથી આજન્મ કર્યો. પ્રોફેસર હેરલ્ડ લૅસ્કીનાં વ્યાખ્યાનો સાંભળવા માટે ઉત્સુક અને આતુર વિદ્યાર્થી-સમુદાય ટોળે ન વળે તો જ નવાઈ! આવા હેરલ્ડ જોસફ લેસ્કીનું ૫૭ વર્ષની વયે તા. ૨૪મી માર્ચ ૧૯૫૦ને રોજ ટૂંકી માંદગીમાં અવસાન થયું.

પ્રોફેસર હેરલ્ડ લૅસ્કીના અવસાનથી અને તેમના પ્રત્યેના ઋણને અદા કરવાના શુભ આશયથી પ્રેરાઈને પ્રો. પુરુષોત્તમભાઈ અને શ્રીમતી પૂર્ણિમાબહેન પુ. માવળંકરે હેરલ્ડ લૅસ્કીના સ્મરણાર્થે, એમની વિદ્વત્તા અને સ્વતંત્ર પ્રજ્ઞાના સ્મારકરૂપે તા. ૧૫ ઓગસ્ટ ૧૯૫૪ને રોજ અમદાવાદમાં 'હેલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિકલ સાયન્સ' નામની એક સંસ્થા શરૂ કરી. સંસ્થાનો શુભારંભ ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના મંગળ-પ્રવચનથી થયો. આ સંસ્થા શૈક્ષણિક અને બિનપક્ષીય હતી. રાજ્યશાસનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા સારુ ઉત્તેજન અને સગવડો આપવાનો આ સંસ્થાનો હેતુ હતો. સંસ્થાએ રાજ્યશાસ્ત્ર અને સમાજવિદ્યા પરનાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, મરાઠી પુસ્તકોનો સંગ્રહ પણ કરેલો, જેનો લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટના સર્વે સભ્યો સંસ્થામાં બેસીને કે ઘેર લઈ જઈને અભ્યાસ કરી શકે. આ સંસ્થા લગભગ ૪૪ વર્ષ લગી એકધારી અને સંગીનપણે સતત ચાલુ રહી. દરમ્યાન સંસ્થાએ વિવિધ વિષયો પરનાં અંગ્રેજીમાં ૧૫૭ અને ગુજરાતીમાં ૩ મળીને કુલ ૧૬૦ જેટલાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે! ઉપરાંત સંસ્થાનું 'લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ બુલેટીન' નામનું માસિક બુલેટીન પણ થોડાંક વર્ષ પ્રકટ થતું હતું. અમદાવાદ આવતા દેશેદેશના રાજકીય નેતાઓ અને અન્ય મહાનુભાવો આ સંસ્થાની મુલાકાત માટે પોતાનો સમય ફાળવતા અને આ સંસ્થાનો આદર્શ, હેતુ અને ભવ્યતા જોઈને પ્રભાવિત થતા તથા આ સંસ્થાના આજીવન સભ્ય થઈ જતા. લંડનનાં શ્રીમતી ફ્રીડા લૅસ્કીથી માંડીને ભારતના વડા પ્રધાન જવાહરલાલ નેહરુ સુધી તથા અન્ય રાજકીય નેતાઓ અને જાહેર જીવનના અગ્રણી નાગરિકો આ સંસ્થાના આજીવન સભ્યો થયા છે. આ સંસ્થાના ૨૭ નવેમ્બર ૧૯૯૭ સુધીમાં લગભગ ૧૦૫૦ જેટલા પૅટ્રન, ડોનર, એસોસિએટેડ આજીવન સભ્યો તથા અન્ય આજીવન સભ્યો થયા છે. વાર્ષિક સભ્યો અને વિદ્યાર્થી સભ્યો પણ થયા છે.

દરેક અઠવાડિયામાં બે દિવસ સાંજના સંસ્થાના હૉલમાં વર્તમાન રાજકીય પ્રવાહો વિષયક વ્યાખ્યાનનું આયોજન અચૂક થતું હતું, જે આ સંસ્થા ચાલુ રહી ત્યાં સુધી સતત યોજાતાં રહેલાં.

સંસ્થાનો દરેક સભ્ય ઇન્સ્ટિટ્યૂટની દરેક નાની-મોટી સભામાં કોઈ જાતની ફી આપ્યા સિવાય હાજર રહી શકતો અને દરેક પૅટ્રન, ડોનર અને આજીવન સભ્યને સંસ્થા તરફથી પ્રકાશિત થતાં પ્રકાશનો વિનામૂલ્યે મોકલવામાં આવતાં. વાર્ષિક સભ્યોને પણ તેમના સભ્યપદ દરમ્યાન પ્રકાશિત થતાં પ્રકાશનો વિનામૂલ્યે અપાતાં. પુ.ગ. માવળંકરે જે ચોકસાઈ અને ચીવટથી લેસ્કી ઇન્સ્ટિટ્યૂટ ચલાવ્યું તેવી જ રીતે તેને સંકેલી લીધું.

સામાન્ય રીતે કોઈ સંસ્થાના આજીવન સભ્ય થનાર સભ્યનું સભ્યપદ સંસ્થા સંકેલી લેવાય અથવા સભ્યની હયાતી ન રહે તો આપોઆપ પૂરું થઈ જતું હોય છે; પરંતુ શ્રી પુરુષોત્તમ માવળંકરે તો સંસ્થાને સંકેલી લેવાના પત્ર સાથે જ તેના સભ્યોને તેમણે ભરેલી સભ્ય-ફીનો ચેક પૂરી ચોકસાઈથી અને ઉત્કટતાથી મોકલી આપ્યો છે એ ખરેખર એક આદર જન્માવે તેવી ઘટના છે.

— કાન્તિલાલ વ. રામી

જીવન પવિત્ર છે

જીવન શું છે? કોને આપણે જીવન કહીએ છીએ? જીવનના ત્રણ સ્તર દેખાય છે. એક છે વ્યક્ત, બીજો છે અવ્યક્ત અને ત્રીજો છે અનંત. જે વ્યક્ત સૃષ્ટિ છે પદાર્થોની, જે દેખાય છે, જેને સ્પર્શ કરી શકાય છે, જેની સાથે આપણે ઇન્દ્રિયો દ્વારા સંબંધ રાખી શકીએ છીએ, તે સૃષ્ટિ આપણી પેદા કરેલી નથી. જીવન એ મનુષ્યે બનાવેલ નથી, જીવન નિર્માણ થયું છે એક શક્તિ દ્વારા. તે ચૈતન્યમયી શક્તિ છે અને ચૈતન્યમયી એટલે કે એમાં પ્રજ્ઞા છે. બ્રહ્માંડ જેમાંથી વિકસિત થયું તે એક પ્રજ્ઞાની શક્તિ છે. તે ઊર્જા છે. **આ ચૈતન્યમયી શક્તિને આપણે ત્યાં પરમાત્મા કહે છે.** આપણા પૂર્વજો રસિક હતા. જે તત્ત્વ જાણવામાં આવ્યું તેની સાથે ભાવસંબંધ બાંધવાની એક કુશળતા તેમનામાં હતી. એટલે તેમને પરમાત્મા કહ્યો, વિભુ કહ્યો. તો આ સૃષ્ટિ પ્રભુએ પેદા કરી છે. પ્રભુનો, પરમાત્માનો અર્થ કોઈ વ્યક્તિ નથી, વિશ્વને પોતાનામાંથી વિકસાવનાર પ્રભુને મંદિર, મસ્જિદ, દેરાસરની ચાર દીવાલોમાં, કોઈ મૂર્તિના આકારમાં કેદ ન કરી શકાય. તે સર્વાકાર છે, જગદાધાર છે, તે બધામાં ઓતપ્રોત છે. તો આ જે સૃષ્ટિ ચૈતન્યવાળી છે, પર્વત છે, નદી છે, સાગર છે, વન છે, પ્રાણી છે, પક્ષી છે, પશુ છે, આ બધાની સાથે આપણે જીવવું છે. અહીંયાં પદાર્થ કોઈ નથી. બધા આપણા સાથી છે. પર્વત મિત્ર, નદી મિત્ર, સરોવર મિત્ર, ધરતી આપણી મિત્ર છે. આ આપણા સાથીદારો છે. એમનો ઉપભોગ કરવાનો નથી. એમનું આપણા સુખ માટે શોષણ કરવાનું નથી.

આકાશનું શોષણ કરીએ, સમુદ્રનું શોષણ કરીએ, પર્વતોનું કરીએ, વૃક્ષોનું કરીએ અને પછી એકબીજાનું કરીએ. **મનુષ્ય એક શોષણ કરનારી જાતિ બની ગઈ છે.**

આ જે સ્વયંભૂ જીવન છે, સહજસિદ્ધ છે એના પ્રત્યે સન્માન રાખવું, એની પવિત્રતાને ખ્યાલમાં રાખવી તે સમજવું પડશે. સૃષ્ટિ આપણી બનાવેલી નથી. ઉપભોગ કરવા માટે તે વસુંધરા નથી. એની સાથે આપણે જીવવું છે. આપણે તેના સહચારી, સહભાગી છીએ. આ છે રેવરન્સ ફોર લાઈફ. સ્વીટ્ઝરલૅન્ડમાં આલ્બર્ટ સ્વાઈત્ઝર નામના ડૉક્ટર થઈ ગયા. તેઓને એક જણે પૂછ્યું કે આપના જીવનનો સંદેશ શો છે? એમણે જવાબ આપ્યો. રેવરન્સ ફોર લાઈફ, જીવન પ્રતિ આદર, સમાદર, સન્માન.

આ પ્રથમ શીખવું પડશે કે જીવન પવિત્ર છે. આ વ્યક્ત સૃષ્ટિ પવિત્ર છે. તમે ક્યાંક જઈ રહ્યા છો અને કાગળનો ટુકડો ફેંકી દીધો. તમે ક્યાંક જઈ રહ્યા છો અને ઝાડનાં પાંદડાં અને ડાળીઓ તોડી નાખી, ક્યાંક કૂતરાને જોયો અને એની પૂંછડી મચડી દીધી, ક્યાંક સ્થળને ગંદું કર્યું. અપવિત્ર કર્યું. ગમે ત્યાં થૂંકી દીધું. આજે આ બધું આપણા વ્યવહારમાં છે. આ જે બધી આદતો છે, તેમાંથી સૃષ્ટિ પ્રત્યે જે અનાદર છે, અનાસ્થા છે, ઉપેક્ષા છે એ જાણવા મળે છે. બાળકની ચેતનામાં જ 'જીવનની પવિત્રતા અને જીવન પ્રતિ સન્માન' આ સંસ્કારને ભરી દેવો જોઈએ. પરમાત્માને સત્યમ્, શિવમ્, સુંદરમ્ કહીશું પણ તેમની બનાવેલી સૃષ્ટિને અશિવ બનાવીશું, અસુંદર બનાવીશું એના જેવી બીજી કઈ નાસ્તિકતા કહેવાય! તો આ થયો વ્યક્ત જગત સાથેનો સંબંધ. સંવાદી સંબંધ, સહયોગનો સંબંધ, શોષણનો નહીં.

('જીવનસ્મૃતિ'માંથી) **- વિમલા ઠકાર**

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of publication.	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication.	Monthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel Indian, - PRINTOGRAPH 334, Salapas Road, Ahmedabad-1
4. publisher's Name & Nationality Address	Dhiru Parikh (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai, Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Rawal, C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (11) Jadavlaxmi R. Kamani And Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Socie, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Traivedi & Smt. Savita Prabhudhas Patwari k. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'preranna', Ambavadi, Ellis Bridage, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Meßíð_ada chhartalaya, mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Bhuvnesh M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Dhiru Parikh, Hereby declare that the pariculars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1998

Sd. / Dhiru Parikh, Publisher

> **સાંઈ ઇતના દીજીએ, જામેં કુટુંબ સમાય;**
> **મૈં ભી ભૂખા ના રહું, સાધુ ન ભૂખા જાય.**
>
> — કબીર

એક મોટા પ્રાસાદની બાથરૂમમાં એ પ્રાસાદના માલિક પોતાના હાથરૂમાલ, મોજાં વગેરે ધોઈ રહ્યા હતા. ત્યાં તેમના બે-ત્રણ નોકરોએ કહ્યું, 'સાહેબ, એ અમને ધોવા આપી દો. આ આપનું કામ નથી.'

'ના, ભાઈ.' માલિકે કહ્યું, 'નાનપણમાં મારી માએ મને શીખવ્યું છે કે આ કપડાં તો તારે જાતે જ ધોવાં.' આ માલિક તે બીજા કોઈ નહિ, પણ અમેરિકાના એક વખતના પ્રમુખ ટ્રુમેન!

*

ઓઈલ કે ગ્રીસના ડાઘ પર પેટ્રોલ કે કેરોસીન ચોપડીને ઘસવું; પછી સાબુ લગાવી ધોવાથી ડાઘ જતા રહેશે.

*

ચેતકની કાર્ટૂનચાલ



ઇટાલીના ટિવોલી નામના પહાડ પરના ફુવારામાંથી સંગીતનો અવાજ આવે છે.

*

લંડનના શેરબજારમાં કામ કરતી લેખિકા જેનેટ ઇંગલિન્સે ત્યાંની લોકલ ટ્રેનમાં આવતાં-જતાં મળતા સમયમાં 'ફાધર ઓફ લાયન્ઝ' નામની આખી નવલકથા લખેલી.

*

એક મોટી કંપનીના સંચાલકે વીમો લીધા પછી થોડી ખુમારીથી વીમા-એજન્ટને કહ્યું : 'યંગમેન, તારે ખુશ થવું જોઈએ, કારણ કે તારી પહેલાં આ વીમા માટે સાત એજન્ટો મારી પાસે આવી ગયા, પણ એ બધાને મેં પાછા કાઢ્યા છે.'

એજન્ટે હસીને કહ્યું : 'મને ખબર છે, સાહેબ.'

સંચાલકે કહ્યું : 'કઈ રીતે?'

એજન્ટે કહ્યું : ' એ સાતેય વ્યક્તિ હું પોતે જ છું.'

*

તલને લાંબો સમય સુધી સંઘરી રાખવા હોય તો તેમાં આખા એરંડિયાનાં બીજ નાંખવાથી તેમાં ગઠા પડતા અટકશે.

પૃથ્વીની સૌપ્રથમ પ્રદક્ષિણા 'વિક્ટોરિયા' નામના જહાજે ઈ.સ. ૧૫૨૧માં કરેલી.

*

સરસિયા કે તલના તેલમાં થોડો અજમો નાખી તેલ ગરમ કરી તે તેલનું સંધિવાના સોજા પર માલિશ કરવાથી રાહત થાય છે.

*

આયર્લૅન્ડની જોનગીલ નામની વ્યક્તિએ પંચોતેર વર્ષ સુધી કુંવારા રહી પછી લગ્ન કર્યાં હતાં, અને એકસો ને વીસ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું!

*

હવાઈ ટાપુ પરના ફ્રીગેટ પક્ષીની પાંખોની લંબાઈ સાત ફૂટ જેટલી હોય છે.

*



કલાકણિકા : ક્રેટમાં મિનોઆન યુગના અંતિમ ભાગે તૈયાર થયેલી એક બરણી. તેના ઉપર બે ફળાંવાળી કુહાડી, નાનાં ગુલાબપુષ્પો અને પાંદડીઓથી એ સુશોભિત કરાયેલી છે.